

બંગાળમાં ડ્રાઈવર-પથ્થરનાં વેપારીનાં ઘરેથી 20 કરોડ રોકડ, 15 કિલો સોનું જપ્ત

PAGE NO. 14

પરદેશમાં દેશની મહેંક એટલે
# સ્વદેશ
કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH



સ્ટાર ક્રિકેટર અજિંક્ય રહાણેએ IPL સહિત તમામ ફોર્મેટમાંથી નિવૃત્તિ લીધી

PAGE NO. 17

FRIDAY, 31 JULY 2026 Vol. 24, No. 30 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

# પુર, ભુસ્ખલન અને વરસાદથી અનેક રાજ્યો બેહાલ

## ઉત્તરાખંડ, જમ્મુ-કાશ્મીર, હિમાચલ પ્રદેશ સહિતના વિસ્તારોમાં મુશળધાર વરસાદ : ઓડિશામાં 3.39 લાખ લોકો પ્રભાવિત

**નવી દિલ્હી**

ઉત્તરાખંડ, મહારાષ્ટ્ર, જમ્મુ-કાશ્મીર, હિમાચલ પ્રદેશ, ઓડિશા જેવા અનેક રાજ્યોમાં મુશળધાર વરસાદ, પૂર અને ભુસ્ખલનના કારણે જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. કેદારનાથ યાત્રા સળંગ ત્રીજા દિવસે સ્થગિત કરવી પડી હતી, જ્યારે અસમમાં પૂરના કારણે મૃત્યુઆંક વધીને 78 પર પહોંચ્યો હતો. મુંબઈ-પુણે એક્સપ્રેસવે પર ભુસ્ખલનથી વાહનવ્યવહાર ખોરવાયો હતો અને ઓડિશાના ભદ્રકમાં લાખો લોકો પૂરની અસરમાં છે. મહારાષ્ટ્રમાં મુંબઈ-પુણે એક્સપ્રેસવેના મિશિંગ લિંક સેક્શન પર ખંડાલા એક્ઝિટ નજીક એક મોટું ભુસ્ખલન થયું હતું. પહાડ પરથી મોટો કાટમાળ પડવાને કારણે મુંબઈ તરફ જતો વાહનવ્યવહાર સંપૂર્ણપણે બંધ કરી દેવામાં આવ્યો હતો.

ઉત્તરાખંડના રુદ્રપ્રયાગ જિલ્લામાં સતત પડી રહેલા મુશળધાર વરસાદને કારણે અનેક જગ્યાએ ભુસ્ખલન થતાં કેદારનાથ યાત્રા સળંગ 3જી દિવસે પણ સ્થગિત રાખવામાં આવી હતી. પહાડો પરથી ધસી આવેલા કાટમાળના કારણે રસ્તાઓ સંપૂર્ણપણે બ્લોક થઈ ગયા હતા, કેદારનાથ માર્ગ પર આવેલા સોનપ્રયાગ નજીક ભારે વરસાદ વચ્ચે પહાડો પરથી મોટા પથ્થરો અને કાટમાળ ધસી પડતાં પેદલ યાત્રાનો માર્ગ ગંભીર રીતે ક્ષતિગ્રસ્ત થયો હતો. માર્ગ પર જોખમ વધી જતાં તંત્ર દ્વારા તમામ શ્રદ્ધાળુઓને સુરક્ષિત સ્થળો અને સંવેદનશીલ પોઈન્ટ્સ પર રોકી દેવામાં આવ્યા હતો.



### ઉત્તરાખંડ : ઉત્તરકાશીના સ્યાના ચટ્ટીમાં મોટો પથ્થર રસ્તા ઉપર ખાબક્યો

ઉત્તરાખંડના ઉત્તરકાશી ક્ષેત્રમાં આવેલ સ્યાના ચટ્ટી વિસ્તારમાં પહાડ પરથી એક વિશાળ પથ્થર અચાનક મુખ્ય માર્ગ પર આવી પડ્યો હતો. આ ઘટનાને પગલે રસ્તા પરનો વાહન વ્યવહાર સંપૂર્ણપણે ઠપ્પ થઈ ગયો હતો. હરિદ્વારમાં ગુરુવારે માત્ર 2 કલાકમાં પડેલા મૂસળધાર વરસાદથી ભારે જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. ખડખડી વિસ્તાર નજીક આવેલી સૂકી નદીમાં અચાનક પાણીનો પ્રવાહ વધી જતાં બે કાર નદીના પૂરમાં ફસાઈને તણાવવા લાગી હતી.

### જમ્મુ-કાશ્મીર : ઉધમપુર જિલ્લામાં આફતરૂપી મુશળધાર વરસાદ

જમ્મુ અને કાશ્મીરના ઉધમપુર જિલ્લાના અનેક વિસ્તારોમાં સતત થઈ રહેલા ભારે વરસાદથી નદી અને નાળાઓ ઉભરાઈ રહ્યા છે. જમ્મુ અને કાશ્મીરના રાજૌરી જિલ્લામાં ધોધમાર વરસાદને કારણે એક સરકારી પ્રાથમિક શાળાની પાછળની દીવાલ અચાનક ધરાશાયી થઈ ગઈ હતી. સદનસીબે આ દુર્ઘટના બની તે સમયે શાળા પરિસરમાં કોઈ બાળકો કે શિક્ષકો હાજર ન હોવાથી મોટો અકસ્માત ટળ્યો હતો.

### હિમાચલ પ્રદેશ : ધર્મશાલામાં ભારે વરસાદ, 2 ઓગસ્ટ સુધી એલર્ટ

હિમાચલ પ્રદેશના ધર્મશાલા અને આસપાસના વિસ્તારોમાં પણ મુશળધાર વરસાદી આફત શરૂ થઈ ગઈ છે. ભારતીય હવામાન વિભાગ (IMD) દ્વારા સમગ્ર ક્ષેત્ર માટે ચેતવણી આપતાં જણાવાયું છે કે 2 ઓગસ્ટ સુધી આ વિસ્તારમાં મધ્યમથી ભારે વરસાદ ચાલુ રહેશે. પહાડી વિસ્તારોમાં મુસાફરી કરતી વખતે લોકોને ખાસ સાવચેતી રાખવા અને સ્થાનિક તંત્રની સૂચનાઓનું પાલન કરવા કહેવાયું છે.

### ઓડિશાઃ પૂરને કારણે 54 હજારનું સ્થળાંતર કરાયું

ઓડિશાના ભદ્રક જિલ્લામાં આવેલા વિનાશક પૂરના કારણે 322 ગામોના 3.39 લાખથી વધુ લોકો ગંભીર રીતે પ્રભાવિત થયા છે. અનેક વિસ્તારો 3થી 4 ફૂટ પાણીમાં ગરકાવ થઈ જતાં તંત્ર દ્વારા 54,000થી વધુ લોકોને સલામત સ્થળે ખસેડાયા છે. પૂરપીડિતોને ખોરાક અને રહેવાની સુવિધાઓ પૂરી પાડવામાં આવી રહી છે.

# કોંગોમાં ઈબોલાથી 24 કલાકમાં 50નાં મોત, 1 કરોડ લોકો ભૂખમરાના સંકટમાં

## UNએ વિશ્વને કરી તાત્કાલિક મદદની અપીલ, દર 20 દિવસે કેસોની સંખ્યા બમણી

**કિનશાસા**



આફ્રિકાના દેશ ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગો (DRC)માં ઈબોલા વાયરસનો પ્રકોપ ચિંતાજનક રીતે વધી રહ્યો છે. રોગચાળો એટલી ઝડપથી ફેલાઈ રહ્યો છે કે બચાવ અને આરોગ્ય સેવાઓ પણ તેની સામે પાછળ પડી રહી છે. માત્ર છેલ્લા 24 કલાકમાં જ ઈબોલાના કારણે 50 લોકોનાં મોત નોંધાયા છે, જ્યારે છેલ્લા બે મહિનામાં મૃત્યુઆંક 1,000ને પાર પહોંચી ગયો હોવાનું સંયુક્ત રાષ્ટ્ર (UN)એ જણાવ્યું છે. આ દરમિયાન દેશમાં પહેલેથી જ ચાલી રહેલા આંતરિક સંઘર્ષ અને ખાદ્ય સંકટને કારણે સ્થિતિ વધુ ગંભીર બની ગઈ છે. સંયુક્ત રાષ્ટ્રના વરિષ્ઠ ઈબોલા સંયોજક જ્યુલિયન હાર્નીસ અને વિશ્વ ખાદ્ય કાર્યક્રમ (WFP)ના કાર્યકારી નિયામક કાર્લ સ્કાઉએ ઈતુરી પ્રાંતની રાજધાની બૂનિયાથી વર્ચ્યુઅલ પ્રેસ કોન્ફરન્સ દરમિયાન જણાવ્યું કે હાલ બૂનિયા અને આસપાસનો વિસ્તાર ઈબોલા પ્રકોપનું મુખ્ય કેન્દ્ર બન્યો છે. દર 20 દિવસે ઈબોલાના કેસોની સંખ્યા લગભગ બમણી થઈ રહી છે.

WFPના કાર્યકારી નિયામક કાર્લ સ્કાઉએ જણાવ્યું કે કોંગોમાં લગભગ 1 કરોડ લોકો ગંભીર ખાદ્ય અસુરક્ષાનો સામનો કરી રહ્યા છે. રોગચાળો અને ભૂખમરો બંને એકસાથે ફાટી નીકળતાં માનવતાવાદી સંકટ વધુ ગંભીર બન્યું છે. અસરગ્રસ્ત વિસ્તારોમાં તબીબી કર્મચારીઓ, દવાઓ, સુરક્ષા સાધનો અને સારવારની સુવિધાઓની અછત ઉભી થઈ રહી છે.

# નેપાળમાં ફરી ભડકી સાંપ્રદાયિક હિંસા : છ શહેરમાં કર્ફ્યૂ, 3નાં મોત

**કાઠમંડુ**


નેપાળના અનેક શહેરોમાં ભડકેલી સાંપ્રદાયિક હિંસાના બીજા દિવસે છ શહેરોમાં કર્ફ્યૂ જાહેર કરવામાં આવ્યો છે. છેલ્લા ચાર દિવસ દરમિયાન હિંસા, આગચંપી, પથ્થરમારો, વાહનોમાં તોડફોડ અને પોલીસ સાથે ઘર્ષણની અનેક ઘટનાઓ બની છે. સ્થિતિ કાબૂમાં લેવા માટે સૈન્યની ટુકડીઓ તૈનાત કરવામાં આવી છે, જ્યારે સંવેદનશીલ વિસ્તારોમાં હેલિકોપ્ટરથી સતત દેખરેખ રાખવામાં આવી રહી છે.

હિંસામાં અત્યાર સુધીમાં ત્રણ લોકોના મોત થયા છે, જ્યારે સ્થાનિકો, સુરક્ષાકર્મીઓ અને યુવાનો સહિત અનેક લોકો ઈજાગ્રસ્ત થયા છે અને તેમની સારવાર ચાલી રહી છે. તોફાનીઓએ અનેક દુકાનો, વાહનો, સરકારી હોસ્પિટલ અને ખાનગી મિલકતોને નુકસાન પહોંચાડ્યું છે. નેપાળના રાષ્ટ્રપતિ રામચંદ્ર પૌડેલે સુનસરી જિલ્લાના અસરગ્રસ્ત વિસ્તારોની સ્થિતિ અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી છે અને શાંતિ જાળવવા અપીલ કરી છે.









# બ્રામ્પ્ટન ગુજરાતી સિનિયર ક્લબનો જુલાઈ માસનો પ્રોગ્રામ ભક્તિમય માહોલમાં વિવિધ મનોરંજન પ્રવૃત્તિ સાથે સંપન્ન

## ગરદન-કમરની કસરતો, સુખ-દુઃખ અંગે પ્રવચન બાદ પાંડવોના મહાપ્રસ્થાનનું પ્રસંગ વર્ણવાતા સભ્યો ભાવવિભોર થઈ ગયા




ગણેશ સ્તુતિ નૃત્ય, મધુર ભજનો તથા અંતાક્ષરીની રમઝટ, બહેનોના ગણેશ નૃત્ય-ભજન અને અંતાક્ષરીની રમઝટ સાથે સભ્યોએ આનંદ માણ્યો

બ્રામ્પ્ટન : બ્રામ્પ્ટન ગુજરાતી સિનિયર ક્લબનો માસિક પ્રોગ્રામ ૧૨મી જુલાઈ ૨૦૨૬ના રોજ યોજાયો હતો. શરૂઆતમાં સમૂહ પ્રાર્થના તથા ભજન થયા બાદ જશભાઈએ ગરદન, કમર, થાપા, આંખો તેમજ લાફિંગની હળવી કસરત કરાવી હતી. દિલીપભાઈએ હાજર રહેલા સભ્યોને આવકારી આજના પ્રોગ્રામની તથા ઓગસ્ટ મહિનામાં યોજાનાર પિકનિકની વિગતવાર માહિતી આપી હતી. કુસુમબહેને આપણા જીવનમાં આવતા સુખ-દુઃખને લગતું પ્રવચન આપતાં સમજાવ્યું હતુ કે, સુખ અને દુઃખ એક ચક્રની જેમ કામ કરે છે. બીજાને આપેલો આનંદ સુખાનંદ છે અને સારા માણસના હકારાત્મક વિચારો આપણને સંતોષ આપે છે.

પાંડવોની અંતિમ યાત્રાનું વર્ણન કરતાં ડૉ. પ્રદ્યુમ્ન ભટ્ટે જણાવ્યું કે, ધર્મ અને અધર્મના યુદ્ધમાં વિજય મેળવી પાંડવોએ ૩૬ વર્ષ સુધી હસ્તિનાપુરની ગાદીને ધર્મપૂર્વક ચમકતી રાખી હતી. જે બાદ હસ્તિનાપુરનું સિંહાસન અભિમન્યુના પુત્ર પરીક્ષિતને અને સુરક્ષાની જવાબદારી ધૃતરાષ્ટ્રના પુત્ર યુયુત્સુને સોંપી પાંડવોએ મહાપ્રસ્થાનનો આરંભ કર્યો હતો. રાજ્ય માટે, નિર્બળ પ્રાણી માટે અને ભાઈઓ માટે ધર્મને લગતી પરીક્ષાઓ પસાર કર્યા બાદ ઈન્દ્ર, યમરાજ અને દેવતાઓની કૃપાથી યુધિષ્ઠિરે પ્રાપ્ત કરેલા દિવ્યસ્વરૂપના વર્ણન પણ પ્રદ્યુમન ભટ્ટે કરતા સભ્યો ભાવવિભોર થયા હતા. ત્યારબાદ એમણે સાંસારિક જીવનની હળવી રમુજ દ્વારા સૌને આનંદિત કરી દીધા હતા. પદ્માબેન કંસારાએ ભજન ગાયા બાદ જશભાઈએ પતિ-પત્નીના સંબંધોને લગતી રમુજી કવિતા સંભળાવી તેમજ "ચા"ના રસિયાઓ માટે "ચા"ની મહત્તા સમજાવતી વાત કરી હતી. ચંચળબેન પ્રજાપતિએ તેમના મધુર સ્વરમાં કૃષ્ણ ભજન ગાયું હતુ. હેમાબહેને જીવનમાં આનંદ મેળવવા શું કરવું અને શું ન કરવું તે સમજાવતું પ્રવચન કર્યું હતુ. જેલીબહેન મિસ્ત્રીએ સરસ મજાનું ભજન ગાઈને બધાને ભક્તિરસમાં તરબોળ કર્યા બાદ મયૂરીબહેને "ગણેશ સ્તુતિ" કરતું નૃત્ય કરતા સભ્યોએ તાળીઓના નાદથી વધાવી આનંદ વ્યક્ત કર્યો હતો. ઉષાબહેને તેમના મધુર સ્વરમાં હિન્દી ફિલ્મ ગીત "દોસ્ત દોસ્ત ના રહા..." ગાયું હતુ. ઈશ્વરભાઈ, અનિલભાઈ તથા જગદીશભાઈએ તેઓના મધુર સ્વરોમાં તાલબદ્ધ રીતે સતત ફિલ્મી ગીતો ગાયા હતા. આ સાથે જ અંતાક્ષરીની રમઝટ જામી હતી. જશભાઈએ પ્રોગ્રામમાં હાજર રહેલા તથા વક્તા તરીકે ભાગ લેનારા સર્વે સભ્યોનો આભાર માન્યો હતો. છેવટે સ્વાદિષ્ટ ભોજનનો આસ્વાદ માણી પ્રોગ્રામનું સમાપન કર્યું હતુ.

# બર્નઆઉટ'ને કારણે હેલ્થ કેર સિસ્ટમ ભાંગી પડવાને આરે, તબીબો નોકરી છોડવા માંડ્યા



**ઓટાવા**

કેનેડાની કટોકટીની તબીબી સેવા (ઈમરજન્સી હેલ્થ-કેર) એક અતિ ગંભીર સંકટમાંથી પસાર થઈ રહી છે. 'કેનેડિયન મેડિકલ એસોસિએશન જર્નલ' (CMAJ)માં પ્રકાશિત થયેલા એક તાજેતરના અભ્યાસ મુજબ દેશના દર ૧૦માંથી ૧ ઈમરજન્સી ડૉક્ટર પોતાનો વ્યવસાય છોડી રહ્યા છે. તબીબોનું માનવું છે કે, ઈમરજન્સી મેડિસિનનું ભવિષ્ય અત્યંત નિરાશાજનક છે અને વર્તમાન આરોગ્ય પ્રણાલી સંપૂર્ણપણે ભાંગી પડી છે. સર્વેમાં ભાગ લેનારા ૩૫૧ તબીબોમાંથી ૪૬ ટકા (૧૬૩ ડૉક્ટરો) ભાવનાત્મક થાકમાં અને ૫૫ ટકા (૧૯૩ ડૉક્ટરો) ડિપર્સનલાઈઝેશનમાં ઉચ્ચ સ્કોર ધરાવતા જોવા મળ્યા હતા. ડૉક્ટરોએ વધતા બર્નઆઉટ માટે કથળતી હેલ્થ કેર સિસ્ટમ, સમાજની અવાસ્તવિક અપેક્ષાઓ અને કામના સ્થળે ઊભી થતી દૈનિક વિકટ પરિસ્થિતિઓને જવાબદાર ઠેરવી છે.

**CMAJના રિપોર્ટમાં ચોંકાવનારો ખુલાસોઃ ૪૬% ડોક્ટરો ભારે માનસિક થાક અને ૫૫% ડિપર્સનલાઇઝેશનના ભોગ બન્યા**

CMAJના ડેપ્યુટી એડિટર અને ઈમરજન્સી ફિઝિશિયન ડૉ. કેથરિન વર્નેરે જણાવ્યું હતું કે, "સૌથી ચિંતાજનક બાબત એ છે કે, ડૉક્ટરોને લાગે છે કે, તેઓ દર્દીઓને યોગ્ય ધોરણો મુજબ સંભાળ આપી શકતા નથી. નવા અને યુવાન ડૉક્ટરો પણ આ ક્ષેત્ર છોડી રહ્યા છે. જો જૂના ડૉક્ટરો નિવૃત્ત થાય અને નવા ડૉક્ટરો ન આવે તો ઈમરજન્સી વોર્ડ બંધ કરવા પડે તેવી સ્થિતિ નિર્માણ પામી છે."

ક્વીન્સ યુનિવર્સિટીના પ્રોફેસર ડૉ. કર્સ્ટિન ડી વિટે ચેતવણી આપી છે કે, શરૂઆતના તબક્કે જ ડૉક્ટરોનું નોકરી છોડવું, તે હેલ્થ કેર કાર્યબળ માટે મોટો ખતરો છે.

'કેનેડિયન ઈન્સ્ટિટ્યૂટ ફોર હેલ્થ ઈન્ફર્મેશન' (CIHI)ના અહેવાલ મુજબ, વર્ષ ૨૦૨૪-૨૫માં ઈમરજન્સી વિભાગમાં આવેલા દર ૧૦માંથી ૧ દર્દીને (અંદાજે ૧,૮૦,૦૦૦ લોકોને) હોસ્પિટલમાં ઈનપેશન્ટ બેડ મેળવવા માટે ૪૮ કલાકથી પણ વધુ સમય સુધી રાહ જોવી પડી હતી.

# સરહદે ડ્રગ્સના નેટવર્કનો પર્દાફાશ : ૧૧ ભારતીય ડ્રાઈવર સહિત ૧૯ની ધરપકડ

### 1.7 ટન નશીલા દ્રવ્યો, એન્ટી-ટેન્ક રાઇફલ અને હથિયારો જપ્ત

**ઓટાવા**

કેનેડાના ઓન્ટેરિયોમાં સરહદ પર ચાલી રહેલા એક મોટા ગેરકાયદે ડ્રગ્સ દાણચોરી નેટવર્કનો પર્દાફાશ થયો છે. કેનેડા બોર્ડર સર્વિસીસ એજન્સીએ ૧.૭ ટન ગેરકાયદે ડ્રગ્સ જપ્ત કર્યું છે. આંતરરાષ્ટ્રીય બજારમાં આ ડ્રગ્સની કિંમત ૧૩.૯ કરોડ ડૉલર બતાવવામાં આવી રહી છે. પ્રોજેક્ટ બે નામના આ વિશેષ અભિયાન હેઠળ પોલીસે વિન્ડસર, લાસેલ, કોરન્ના, બ્રામ્પ્ટન, માર્ખમ અને કેલેડન સહિત ઓન્ટેરિયોના અનેક વિસ્તારોમાં ૨૨ સ્થળોએ દરોડા પાડી ૧૯ આરોપીઓની ધરપકડ કરી છે. જેમાં ભારતીય મૂળના ટ્રક ડ્રાઈવર્સ સામેલ છે. ભારતીય મૂળની વ્યક્તિઓની ઓળખ ગગનદીપ થિંદલ, સિમરનજીત સિંહ, કંવરપાલ કુલાર, જતિંદરપાલ સિંહ, જસવિંદર સોહી, તેજવિંદર સંધુ, હરજવિંદર સંધુ, તરમિંદર સિંહ, ગુનદીપ ધાલીવાલ, મહકપ્રીત સિંહ અને કરણદીપ સિંહ તરીકે કરી છે.

કેનેડા બોર્ડર સર્વિસીસ એજન્સીએ જણાવ્યું હતું કે અધિકારીઓએ શંકાસ્પદ કોકેઈન, મેથમફેટામાઈન અને અફીણ સહિત લગભગ ૧.૭ ટન ગેરકાયદે ડ્રગ્સ જપ્ત કર્યું છે. જેની અંદાજિત કિંમત ૧૩.૯ કરોડ ડૉલર છે. પોલીસે ૯૭૩ કિલોગ્રામ કોકેઈન, ૫૫૦ કિલોગ્રામ મેથમફેટામાઈન, ૪૯ કિલો અફીણ અને ૨૩૦ ઓક્સીકોડોનની ગોળીઓ જપ્ત કરી છે.



# બ્રામ્પ્ટનમાં રથયાત્રા ઉત્સવ સાથે 'ભજન સંધ્યા'

## મલ્હાર ગ્રુપના કલાકારોએ ભજનોની રમઝટ બોલાવતા ભક્તિમય માહોલ સર્જાયો, મહાનુભાવોનું વિશેષ બહુમાન








બ્રામ્પ્ટન : ગુજરાતી સિનીયર ગ્રુપ ઓફ બ્રામ્પ્ટન દ્વારા રથયાત્રા સાથે શ્રી દ્વારિકાધીશને નમસ્કાર અર્થે 'ભજન સંધ્યા'નું આયોજન કરાયું હતુ. આ તકે વિવિધ પ્રવૃત્તિઓ પણ યોજવામાં આવી હતી. ગુજરાતી સિનીયર ગ્રુપ ઓફ બ્રામ્પ્ટનની જુલાઈ 2026ની મીટીંગ ગોરમેડો લાયબ્રેરીમાં રાખવામાં આવી હતી. મીટીંગની શરૂઆત 'ॐतत्श्रीनारायण'પ્રાર્થનાથી થયા બાદ સૌને પ્રથમ આઈસક્રીમ આપવામાં આવ્યું હતુ. ત્યારબાદ દક્ષાબેન રાજાએ સૌને રથયાત્રાની શુભેચ્છા વ્યક્ત કરી તેનું મહત્વ સમજાવ્યું હતુ. ત્યારબાદ સૌનું અંતઃકરણપૂર્વક સ્વાગત થયા બાદ રેણુકાબેન દેસાઈએ ગીત राम आयेंगे...ગીત પર યોગા કરાવ્યા હતા. હર્ષદભાઈએ સંસ્થાકિય માહિતી ૨૦૨૭ના મેમ્બરશીપ રીન્યુઅલની જાહેરાત કરી હતી. ત્યારબાદ જુલાઈ માસમાં આવતી જે તે સભ્યોની Birthday અને Anniversaryની ઉત્સાહભેર ઉજવણી થઈ હતી. દક્ષાબેન એમ. પટેલની special birthday ઉજવવામાં આવતા દેવયાનીબેન પટેલે, "જન્મદિવસ ઉજવણી"ની વિશિષ્ટતા સુંદર શબ્દોમાં અભિવ્યક્ત કરી હતી. રેણુકાબેન દેસાઈએ "जयजगन्नाथ....!!!"ગીત ઉપર solo dance રજૂ કર્યો હતો. બ્રેકમાં સૌને દક્ષાબેન એમ. પટેલ દ્વારા sponsored થયેલી ભેળપૂરી આપવામાં આવી હતી. અનેક ક્ષેત્રોમાં વિશિષ્ટ સેવા આપનાર તથા હાલ Ontario Trillium Foundation, માં Grannt Review Member તરીકે સેવા આપનાર એવ આમંત્રિત મહેમાન પથિકભાઈ શુક્લ અને સ્વર સાધના મ્યુઝિક લવર્સ ગ્રુપ , જયભાઈ ભાવસાર પધાર્યા હતા. દક્ષાબેને તેઓને અને મલ્હાર ગ્રુપના સૌ કલાકારોને પ્રેમથી આવકાર્યા હતા. જયભાઈ ભાવસાર તરફથી આયોજિત ભજન સંધ્યામાં "મલ્હાર ગ્રુપ"ના કલાકારો જીતેન્દ્રભાઈ જોષી, ભારતીબેન દરજી, જતીનભાઈ ગુજરાતી, વત્સલભાઈ જોષી, મેહૂલભાઈ જોષી અને મનન ભાવસાર વગેરેએ ભાવપૂર્ણ ભજનો રજૂ કરતા આખા હોલમાં ભક્તિમય વાતાવરણ સર્જાયું હતુ.

દક્ષાબેન રાજા અને હર્ષદભાઈ પટેલે પથિકભાઈ શુક્લ અને જયભાઈના માતુશ્રીને ઉપરણું ઓઢાડી ભાવભીનું સ્વાગત કર્યું હતુ. દક્ષાબેને, મલ્હાર ગ્રુપના સૌ કલાકારોને Appreciation Certificates એનાયત કરી તેઓનું બહુમાન કર્યું હતુ. 25મી જુલાઈએ જયભાઈ ભાવસાર દ્વારા આયોજિત Seniors Falk Festivalમાં સંસ્થા તરફથી રજૂ થયેલી કૃતિ માટે દક્ષાબેનને, Appreciation Certificate અનાયત કરી જયભાઈ-નેહાબેને તેમનું વિશિષ્ટ બહુમાન કર્યું હતુ. દક્ષાબેન રાજાએ, પથિકભાઈ શુક્લ, જયભાઈ ભાવસાર નેહાબેન ભાવસાર તથા મલ્હાર ગ્રુપના તમામ કલાકારોનો અને પ્રોગ્રામને સફળ બનાવવા માટે પ્રત્યક્ષ કે પરોક્ષ સહકાર આપનાર સૌનો આભાર વ્યક્ત કર્યો હતો. જમણમાં સ્વાદિષ્ટ લાપસી, પૂરી, દાળ-ભાત, દાણા-રીંગણનું શાક, કઠોળમાં ચણા અને પાપડ-પાપડી હતા. આવું સ્વાદિષ્ટ ભોજન આરોગી સૌ ફરી મળવાના કોલ સાથે સૌ સભ્યો છૂટા પડ્યા હતા. કાર્યક્રમ દરમિયાન 23મી ઓગષ્ટે ગેર મેડો લાયબ્રેરી ખાતે યોજવાની જાહેરાત કરાઈ હતી.

# ગોર્ડી હોવ ઇન્ટરનેશનલ બ્રિજ શરૂ : પ્રથમ ૧૨ કલાકમાં જ ૭,૫૦૦થી વધુ વાહનો પસાર

**ઓન્ટેરિયો**

કેનેડા અને અમેરિકાને જોડતા નવમેઘાવી 'ગોર્ડી હોવ ઈન્ટરનેશનલ બ્રિજ'નું ભવ્ય ઉદઘાટન થતાં જ લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો છે. ડેટ્રોઈટ નદી પર બનેલા આ નવા પુલને પાર કરવા માટે સરહદની બંને બાજુથી લોકોનો ધસારો જોવા મળ્યો હતો. વિન્ડસર-ડેટ્રોઈટ બ્રિજ ઓથોરિટીના જણાવ્યા અનુસાર પુલ શરૂ થયાના માત્ર પ્રથમ ૧૨ કલાકની અંદર જ આશરે ૭,૫૦૦ વાહનોએ તેને પાર કર્યો હતો.

રોબર્ટ પેલોવસ્કી નામના નાગરિકે પોતાની પ્રાથમિક શાળાના સમયથી સેવેલું સ્વપ્ન આ દિવસે પૂરૂં કર્યું હતું. પેલોવસ્કીની જેમ જ દેશના ખૂણે-ખૂણેથી આવેલા અસંખ્ય કેનેડિયનો આ ઐતિહાસિક ક્ષણના સાક્ષી બનવા અને પ્રથમ ક્રોસિંગ કરનારા લોકોમાં સામેલ થવા માટે કલાકોની મુસાફરી કરીને પહોંચ્યા હતા. કેમ્બ્રિજ (ઓન્ટેરિયો)થી પોતાના પુત્ર થિયો સાથે આવેલા કાયલ મોરોએ ખુશી વ્યક્ત કરતા કહ્યું કે, "અમે પ્રથમ દિવસે જ આ યાદગાર ક્ષણનો ભાગ બનવા માંગતા હતા."

નવો પુલ ઓન્ટેરિયોના મુખ્ય 'હાઈવે ૪૦૧' ને અમેરિકન 'I-75' સાથે સીધો જ જોડે છે. ગોર્ડી હોવ બ્રિજ પર પ્રથમ ટ્રાન્સપોર્ટ ટ્રક ચલાવનારા જીમ પેરેરાએ જણાવ્યું હતું કે, "કેનેડાથી સીધા હાઈવે ૪૦૧ દ્વારા પુલ પર જવાની સુવિધા એટલી સરળ છે કે તેનાથી વેપાર અને પરિવહન ક્ષેત્રે મોટો સમય બચશે."







## તંત્રી સ્થાનેથી

### દિલ્હી ઐતિહાસિક જેન ઝી ચળવળનું સાક્ષી બન્યું

# ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામું : તાનાશાહ અને ક્રૂર શાસનને લોકતંત્રનો તમાચો

નીટ પેપર લીક વિવાદમાં દિલ્હીમાં જંતર-મંતર પર આઝાદ ભારતના ઈતિહાસમાં થયેલી ઐતિહાસિક ચળવળનો 36 દિવસે શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામા સાથે ગત શનિવારે અંત આવ્યો હતો. 13 વર્ષના મોદી શાસનમાં કોઈ પ્રધાને રાજીનામું આપ્યાની આ પ્રથમ ઘટના છે. હકીકતમાં ભારતમાં નીટ સહિતની સ્પર્ધાત્મક પરીક્ષાના પેપર લીક થવાનો સિલસિલો વર્ષોથી ચાલી રહ્યો છે. કેન્દ્રમાં સત્તા પરિવર્તન પછી પણ ભાજપ સરકાર તેને રોકી શકી નહીં અને 2026માં નીટ પેપર લીક થતાં હતાશ થયેલા 27 નિર્દોષ બાળકોએ આત્મહત્યા કરી લીધી, આ ઘટનાના પડઘા સોશિયલ મીડિયામાં સતત પડતા રહ્યાં હતા. પરંતુ શાસકોના બહેરા કાન સુધી તે ન પહોંચ્યા. આખરે સપ્રિમ કોર્ટની એક ટિપ્પણીથી સોશિયલ મીડિયામાં જ જન્મેલી કોકરોચ જનતા પાર્ટીએ આ મુદ્દે દિલ્હીના જંતર મંતરથી આંદોલન છેડી દીધું.



તંત્રી - સ્વદેશ

શરૂઆતમાં આંદોલનમાં દરરોજ માંડ 5000 વિદ્યાર્થીઓ દેખાતા હતા. પરંતુ તે પછી સોનમ વાંગચૂકે જંતર મંતર ખાતે ધરણાં શરૂ કરી દીધા હતા. જો કે, સરકારે તેની પણ દરકાર સુધ્ધાં રાખી ન હતી. ધરણાના 28માં દિવસે હાઈકોર્ટના આદેશને પગલે વાંગચૂકને આંદોલન સ્થળથી ઘસડીને પોલીસ જબરદસ્તી હોસ્પિટલમાં લઈ જતાં સીજેપીએ 20 જુલાઈએ સંસદ કૂચની જાહેરાત સાથે દેશના વિદ્યાર્થીઓને દિલ્હી પહોંચવા આહવાન કરી દીધું હતુ. આ સમયે કેન્દ્ર સરકારે વિદ્યાર્થીઓને દિલ્હી પહોંચતા અટકાવવા ઉધામા કરી જોયા, પરંતુ સફળતા મળી નહીં અને અંદાજે અઢી લાખથી વધુ વિદ્યાર્થીઓ કૂચમાં જોડાયા. આખરે ભાજપ સરકાર આંદોલનોને કચડવા માટે અત્યાર સુધી જે નીતિ અપનાવવા ટેવાયેલી હતી, તે જ રીતે અત્યાચાર અને હિંસાનો રસ્તો અપનાવાયો હતો. કૂચમાં જોડાયેલા વિદ્યાર્થી-યુવાનો, યુવતીઓ, બાળકો તથા મહિલાઓ જાણ કે કોઈ આતંકવાદી કે રીઢા આરોપી હોય તે રીતે બર્બરતા આચરવામાં આવી. કલાકો સુધી નિર્દોષો ઉપર પોલીસ અને સેનાની ટુકડી લાકડી, દંડા સાથે બેરહેમીથી તૂટી પડી, અશ્રુગેસના સેલ છોડાયા. મહિલાઓ અને યુવતીઓને બિભત્સ અપશબ્દો કહેવાયા. વળી, આટલેથી પણ સંતોષ ન થયો તો પ્લેનેટ ગનનો ઉપયોગ સુદ્ધા કરાયો હોવાના ગંભીર આક્ષેપો ઉઠ્યા છે. 20મી જુલાઈએ કલાકો સુધી ક્રૂર અને અત્યંત ઘાતકી વ્યવહાર આ દેશના જેનઝી સાથે થતો રહ્યો. આ ઘટનાએ દેશ સમક્ષ ફરી અંગ્રેજ સલ્તનતની યાદો તાજી કરી. આકરી કાર્યવાહીના વીડિયો વાયરલ થતાં જ આખા દેશમાં સરકાર સામે પ્રચંડ રોષ ભભૂકવા માંડ્યો. પરિણામ સ્વરૂપ બીજા દિવસથી જ દેશના નાના કસ્બાથી માંડીને મુંબઈ, પૂણે, પટણા, હૈદરાબાદ, કલકત્તા સહિતના મોટા શહેરોમાં ઉગ્ર વિરોધ પ્રદર્શન શરૃ થતા સરકારને સ્થિતિ સમજાવવા માંડી હતી. અંતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી જેન-ઝીને શાંત કરવા મેદાને ઉતર્યા હતા. તેમણે ગુરુવારે પહેલી વખત મોડી રાતે યુવાનો સાથે સીધી વાત કરતા ઈન્સ્ટાગ્રામ પર વીડિયો પોસ્ટ કર્યો હતો. જો કે, મોદીના આ વીડિયોની કોઈ ખાસ અસર વર્તાઈ નહીં. બીજી તરફ વિરોધ પક્ષે આ મુદ્દાને સંસદ સત્રમાં ઉઠાવવાની તૈયારી કરતા જ સરકારની મુસીબત વધી ગઈ હતી. પરિણામે મામલો થાળે પાડવા મંત્રી જે પી નડ્ડા અને જીતેન્દ્રસિંહને જવાબદારી સોંપાતા આ બંને નેતાઓએ સીજેપી સાથે લગભગ 3 બેઠકો કરી. આ બેઠકોમાં સીજેપીએ ફરી તેની મુખ્ય માંગ દોહરાવતા કહ્યું કે, નીટ પેપર લીકના કારણે આત્મહત્યા કરનારા બધા જ વિદ્યાર્થીઓના પરિવારોને રૂ. ૧ કરોડનું વળતર આપવામાં આવે, સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ચોક્કસ નીતિ અને જવાબદેહી નક્કી કરાય તથા દેખાવકાર વિદ્યાર્થી સામે કોઈ કાયદાકીય પગલાં નહીં લેવા. આ ઉપરાંત સીજીપીની અંતિમ માંગ શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની હતી. આ માંગણી સ્વીકારવું સરકાર માટે અત્યંત મુશ્કેલ અને પ્રતિષ્ઠાભર્યું હતુ. કારણ કે, વડા પ્રધાન નરેન્દ્ર મોદી સહિતના શાસકો તેમના જિદ્દી અને મક્કમ સ્વભાવ માટે જાણીતા છે. કિસાન આંદોલન સિવાય સરકારે ક્યારેય નમતુ જોખ્યું નથી. આ વખતે આંદોલન શરૂ થયું, ત્યારે શરૂઆતમાં સરકારે તેની ઉપેક્ષા જ કરી હતી. સરકારને લાગતું હતું કે, સોનમ વાંગચુક પોતાના અનશન પૂર્ણ કરશે, ત્યારબાદ વિદ્યાર્થીઓ કંટાળીને પોતાનું આંદોલન સમેટી લેશે. પરંતુ વાંગચૂકને ધરણા સ્થળેથી ઉચકવું અને વિદ્યાર્થીઓ પર અમાનુષી અત્યાચારની નીતિએ ખુદ સરકારને જ ફસાવી દીધી હતી.

બીજી તરફ દેશમાં આ આંદોલનને લઈને સતત સહાનુભૂતિ વધી રહી હતી. સાથે જ યુવાનોમાં પીએમ મોદીની શાખ ખરડાઈ રહી હતી. આખરે સરકારને એ વાતનો અંદાજો આવ્યો કે, હવે આંદોલન લાંબુ ચાલ્યું તો ભાજપ સરકારને અણધાર્યું નુકસાન થઈ શકે છે. પરિણામે, શનિવારે ધર્મેન્દ્ર પ્રધાન પાસે શિક્ષણ મંત્રીપદેથી રાજીનામું અપાવવું પડ્યુ. આ ઘટનાક્રમ સાથે જ દિલ્હીનું જંતર મંતર આઝાદ ભારતની એક એવી ઐતિહાસિક ચળવળનું સાક્ષી બન્યું જ્યાં એક તરફ ક્રૂર અને તાનાશાહ શાસનની પ્રતિતિ સતત થતી રહી અને બીજી તરફ જેન ઝી પણ મક્કમતા સાથે સતત લડતી રહી હતી. જો કે, હવે જંતર-મંતરની હારને સરકાર કે ભાજપના દિગ્ગજો પચાવી શક્યા હોય તેમ જણાતું નથી. કારણ કે, વચન આપ્યા પછી પણ સરકાર દ્વારા દેશના વિવિધ રાજ્યોમાં પ્રદર્શનમાં જોડાનાર વિદ્યાર્થીઓ પર કેસ દાખલ કરવાનો સિલસિલો ચાલી રહ્યો છે. બીજી તરફ આ મામલો સુપ્રિમ કોર્ટમાં પહોંચતા કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે, શાંતિપૂર્ણ વિરોધ એ લોકતંત્રમાં દરેકનો અધિકાર છે. સાથે જ કોર્ટે શાંતિપૂર્ણ રીતે આંદોલનમાં જોડાયા હોય છતાં કોઈ કેસ કરાયા હોય તો તે તમામ પાછા ખેંચી લેવા હુકમ કર્યો છે. તેમજ તોફાન અને પોલીસ અત્યાચારની ઘટનાના વીડિયો પુરાવા સલામત રાખવા આદેશ કર્યો છે.

રાજકીય પંડિતો કહી રહ્યા છે કે, ભાજપને હજુ સુધી યુવાનો સાથે કેવી રીતે વ્યવહાર કરવો તે સમજાયું નથી. આ પેઢી હવે ભાજપને એવા કઠિન પ્રશ્નો પૂછી રહી છે, જે સવાલોને તે સત્તાના જોરે સતત દબાવાતા રહ્યા છે. એટલું જ નહીં યુવા પેઢી સરકારથી ડરવાનો સ્પષ્ટ ઈનકાર કરી રહી છે. પહેલી વાર ૧૬, ૧૭, ૧૮ અને ૧૯ વર્ષના યુવાનોમાં વડા પ્રધાન, વરિષ્ઠ પ્રધાનો અને સરકાર પ્રત્યે આક્રોશ જોવા મળ્યો છે. દેશની જનતાને ડરાવી ધમકાવીને બાનમાં રાખીને સત્તા અકબંધ રાખવાની નીતિ સામે કદાચ આ આંદોલને પડકાર ફેંકી દીધો છે. આગામી લોકસભા ચૂંટણી ૨૦૨૯માં યોજાવાની હોવાથી યુવાનોના ગુસ્સાને શાંત કરવા માટે હજુ પૂરતો સમય છે. પરંતુ વોહી રફતાર જેવી નીતિ ભાજપ ચાલુ રાખશે તો તેના માટે શાસક તરીકે લાંબા સમય સુધી રહેવું અત્યંત મુશ્કેલ બની જશે તે ચોક્કસ છે.

મનોજ ગાંધી

manoj1968@yahoo. ca






# સાણંદમાં ગૂગલ મેપથી મંદિર શોધી ચોરી કરતી ગેંગ ઝડપાઈ

## 10 દિવસ સુધી ન પકડાય તો 10,000 રૂપિયાનું દાન કરવાની માનતા પણ રાખી હતી, ચોરી કરનાર 5 આરોપીઓ પકડાયા

**સાણંદ**

અમદાવાદ જિલ્લાના સાણંદમાં આવેલા ઉમિયા માતાના મંદિરમાં થયેલી ચોરીના કેસમાં પોલીસે પાંચ આરોપીઓની ધરપકડ કરી છે. તપાસ દરમિયાન સામે આવ્યું છે કે આ ટોળકી ગૂગલ મેપની મદદથી મંદિરો શોધતી હતી અને ચોરી દરમિયાન કોણ ક્યાં ઊભું રહેશે તેની પણ અગાઉથી ગૂગલ મેપ પર જ યોજના બનાવતી હતી. એટલું જ નહીં, ચોરી બાદ 10 દિવસ સુધી પોલીસના હાથે ન ઝડપાય તો 10,000 રૂપિયા મંદિરને દાન કરવાની માનતા પણ રાખી હતી અને દસ દિવસ સુધી ન ઝડપાતા તે માનતા પણ પૂર્ણ કરી હતી.



તાજેતરમાં સાણંદ બાયપાસ રોડ પર આવેલા ઉમિયા માતાના મંદિરમાં ચોરીની ઘટના બની હતી. મંદિરના સીસીટીવીમાં પાંચ આરોપીઓ ગર્ભગૃહમાં ઘૂસીને ચાંદીનું છત્ર અને ચાંદીની મૂર્તિ ચોરી કરતા કેદ થયા હતા. ત્યારબાદ પોલીસે તપાસ શરૂ કરી હતી અને લક્ષ્મણ ગુર્જર, કિશન ગુર્જર, મુકેશનાથ કાલબેલિયા, સુરેશનાથ કાલબેલિયા અને અજયનાથ કાલબેલિયાની ધરપકડ કરી હતી. પોલીસે પૂછપરછ દરમિયાન આરોપીઓએ ફિલ્મી ઢબે સમગ્ર કાવતરું ઘડ્યાની કબૂલાત કરી હતી. પોલીસના જણાવ્યા મુજબ 17 જુલાઈની મોડી રાત્રે આ પાંચેય આરોપીઓએ મળીને ચોરીને અંજામ આપ્યો હતો. લક્ષ્મણ ગુર્જર આ સમગ્ર કાવતરાનો માસ્ટરમાઈન્ડ હોવાનું સામે આવ્યું છે અને તેને ઈન્સ્ટાગ્રામ પરથી આ પ્રકારની ચોરી કરવાનો વિચાર આવ્યો હતો.

તપાસમાં ખુલાસો થયો છે કે લક્ષ્મણ ગુર્જર અને તેના ભાઈ કિશન ગુર્જરે અન્ય ત્રણ સાથીદારો સાથે મળીને ચોરીનું કાવતરું ઘડ્યું હતું. આરોપીઓએ ગૂગલ મેપ પરથી મંદિર પસંદ કર્યું અને ચોરી દરમિયાન દરેકની જવાબદારી પણ અગાઉથી નક્કી કરી હતી. પોલીસ તેમની લોકેશન ટ્રેસ ન કરી શકે તે માટે ચોરીની રાત્રે તમામે પોતાના મોબાઈલ બોપલ બ્રિજ નીચે મૂકી દીધા હતા. ચોરી કર્યા બાદ તેઓ રાજસ્થાન ભાગી ગયા હતા અને ત્યાં એક સોની વેપારીને ચાંદીની મૂર્તિ તથા ચાંદીનું છત્ર વેચી દીધું હતું. પોલીસ તપાસમાં વધુમાં જાણવા મળ્યું છે કે આરોપીઓએ રાજસ્થાનના એક મંદિરમાં માનતા રાખી હતી કે જો તેઓ 10 દિવસ સુધી પોલીસના હાથે નહીં ઝડપાય તો 10,000 રૂપિયા દાન કરશે. દસ દિવસ સુધી ન ઝડપાતા તેમણે મંદિર ખાતે દાન પણ કર્યું હતું.

# વડોદરાની વીજ માગમાં મહિનામાં 200 મેગાવોટ જેટલો ઘટાડો થયો

## વીજ માગ ઘટી હોવાથી વીજ લાઈનો પરનું ભારણ ઘટ્યું

**વડોદરા**

છેલ્લા કેટલાક દિવસોથી પડી રહેલા વરસાદના કારણે ગરમીનો પારો ખાસો નીચે ગયો છે અને તેના કારણે વીજ કંપનીએ રાહતનો શ્વાસ લીધો છે. મળતી જાણકારી અનુસાર એક જ મહિનામાં વડોદરા શહેરની વીજ માગમાં ૨૦૦ મેગાવોટનો ઘટાડો નોંધાયો છે. બીજી તરફ વીજ માગ ઘટી હોવાથી વીજ લાઈનો પરનું ભારણ પણ ઘટયું હતું.

વરસાદ ખેંચાવાના કારણે જૂન મહિનો વડોદરાવાસીઓ માટે આકરો રહ્યો હતો. અસહ્ય ગરમી અને ઉકળાટના કારણે ઘરવપરાશની વીજ માગ જૂન મહિનામાં પણ વધી હતી અને તેના કારણે ૨૬ જૂનના રોજ વડોદરા શહેરની વીજ માગ ૬૨૬ મેગાવોટ નોંધાઈ હતી.

જોકે જુલાઈ મહિનામાં વરસાદી સિસ્ટમ સક્રિય થયા બાદ રાજ્યના અન્ય શહેરોની જેમ વડોદરામાં પણ ચોમાસાએ જમાવટ કરી છે. અન્ય શહેરો જેટલો વરસાદ વડોદરામાં નથી પડ્યો પણ ગરમીનો પારો ચોક્કસ નીચે ગયો છે.

# બનાસકાંઠામાં પાલનપુર નજીક ST બસ અને રિક્ષા વચ્ચે ટક્કર, 3ના મોત અને 6 ઈજાગ્રસ્ત

## ગંભીર એક્સિડન્ટમાં રિક્ષાનો કચ્ચરઘાણ, ઈજાગ્રસ્તો હોસ્પિટલ ખસેડાયા

**બનાસકાંઠા**

પાલનપુર નજીક આવેલી ખરોડિયા ચોકડી પાસે એક અત્યંત દર્દનાક માર્ગ અકસ્માત સર્જાયો છે. વડગામ તરફથી આવી રહેલી એક પેસેન્જર રિક્ષા અને સામેથી આવતી ગુજરાત એસ.ટી. બસ વચ્ચે સામસામે જોરદાર ટક્કર થઈ હતી. આ ભયાનક અકસ્માતમાં રિક્ષામાં સવાર 3 લોકોના ઘટનાસ્થળે જ કરૂણ મોત નિપજ્યા છે, જ્યારે અન્ય 6 લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે.




ટક્કર એટલી જોરદાર હતી કે રિક્ષાનો સંપૂર્ણપણે કચ્ચરઘાણ વળી ગયો હતો. બનાવ બનતા જ સ્થાનિક રાહદારીઓ મદદ માટે દોડી આવ્યા હતા અને ઈજાગ્રસ્તોને બહાર કાઢ્યા હતા. ઘટનાની જાણ થતાં જ 108 એમ્બ્યુલન્સ મારફતે તમામ ઘાયલોને તાત્કાલિક સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે, જ્યાં કેટલાકની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે. અકસ્માત અંગે જાણ થતાં જ પાલનપુર પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પોલીસે મૃતદેહોને પોસ્ટમોર્ટમ અર્થે મોકલી આપીને માર્ગ પર સર્જાયેલા ટ્રાફિક જામને ખુલ્લો કરાવ્યો હતો. આ મામલે ગુનો નોંધીને પોલીસે અકસ્માતનું ચોક્કસ કારણ જાણવા આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.

# કરજણમાં ભાજપના વર્તમાન, પૂર્વ ધારાસભ્ય વચ્ચે જૂથબંધી, કોટન મંડળીનું બોર્ડ સસ્પેન્ડ

## જિલ્લા રજિસ્ટ્રારની કાર્યવાહી : ટેન્ડર વગર દુકાનો બાંધીને વેચી મરાઈ હતી

**વડોદરા**

વડોદરા જિલ્લાના કરજણ તાલુકાની ધ કરજણ કો-ઓપરેટિવ કોટન જિનિંગ એન્ડ પ્રેસિંગ સોસાયટીના પ્રમુખ સતીષ નિશાળિયા સહિત સમગ્ર બોર્ડ ઓફ ડિરેક્ટર્સને જિલ્લા રજિસ્ટ્રારે સત્તા પરથી દૂર કરવાનો આદેશ કર્યો છે. આ કાર્યવાહી બાદ કરજણમાં ભાજપના વર્તમાન ધારાસભ્ય અક્ષય પટેલ અને પૂર્વ ધારાસભ્ય સતીષ નિશાળિયા વચ્ચેની જૂથબંધી ફરી રાજકીય ચર્ચાનો વિષય બની છે.

કરજણ નવાબજાર વિસ્તારમાં કોટન સોસાયટીની મિલકત પાસેથી પસાર થતા વરસાદી કાંસ પર જિલ્લા રજિસ્ટ્રાર અને નગરપાલિકાની મંજૂરી તથા ટેન્ડર પ્રક્રિયા વિના દુકાનો બાંધી વેચાણ કરાયાના આક્ષેપ થયા હતા. આ મામલે ધારાસભ્ય અક્ષય પટેલની લેખિત રજૂઆત બાદ ઓડિટ કરાયો હતો. જરૂરી દસ્તાવેજો રજૂ ન થતાં ઓડિટ અહેવાલના આધારે સહકારી અધિનિયમની કલમ ૮૧ હેઠળ પ્રમુખ, મેનેજર અને સમગ્ર બોર્ડ સામે કાર્યવાહી કરવામાં આવી છે.

બીજી તરફ, પ્રમુખ સતીષ નિશાળિયાએ જણાવ્યું કે તેમને હજુ આદેશની નકલ મળી નથી. સંસ્થા ૩,૩૦૦ સભાસદો ધરાવે છે અને ખોટમાંથી નફામાં આવી છે. દુકાનો સંસ્થાની માલિકીની જમીન પર બનાવાઈ હોવાનું જણાવતાં તેમણે કાર્યવાહી કિન્નાખોરીથી પ્રેરિત હોવાનું આક્ષેપ કરી પક્ષના મોવડીઓ સમક્ષ રજૂઆત કરવાની વાત કરી છે.

# વારસિયાની બૂટલેગર ગેંગ સામે ગુજસીટોક હેઠળ કાર્યવાહી કરાઈ

## કોર્ટે 4 આરોપીના 10 ઓગસ્ટ સુધીના રિમાન્ડ મંજૂર કર્યા

**વડોદરા**

સંગઠિત ગેંગ બનાવી વિદેશી દારૂનું નેટવર્ક ઊભું કરી કરોડોનો કાળો કારોબાર ચલાવનારી વારસિયાની વધુ એક બૂટલેગર ગેંગ સામે ગુજસીટોકનો ગુનો દાખલ કરી પોલીસે ગઈકાલે 4 આરોપીઓની ધરપકડ કરી હતી. આરોપીઓને કોર્ટમાં રજૂ કરી તપાસ અધિકારીએ 30 દિવસના રિમાન્ડની માગણી કરતા ન્યાયાધીશે તમામ આરોપીઓના તા. 10 ઓગસ્ટ સુધીના રિમાન્ડ મંજૂર કર્યા હતા. ઉલ્લેખનીય છે કે, વારસિયા પોલીસે મુખ્ય સૂત્રધાર હેરી લુધવાણી સહિત 9 આરોપીઓ સામે ગુજસીટોકની ફરિયાદ નોંધાવી હતી. આ ગુનામાં પોલીસે નરેન્દ્ર ઉર્ફે ડેડર રામચંદાણી, રોહિત ઉર્ફે બાબલો શર્મા, દીપક ઉર્ફે દીપુ લાલવાણી અને ભરત ઉર્ફે ધીરજ નામાણીની ધરપકડ કરી હતી. આજે આ તમામ આરોપીઓને કોર્ટમાં રજૂ કરી પોલીસે 30 દિવસના રિમાન્ડની માગણી કરતા સ્પેશિયલ સરકારી વકીલે દલીલ કરી હતી કે, આરોપીઓ બિનઅધિકૃત રીતે દારૂ ઘુસાડી આર્થિક ગુનાઓ આચરે છે અને ટેક્સ ભર્યા વિના મિલકતો બનાવતા હતા.

# બોડેલીમાં દીપડાના હુમલામાં બાળકીનું કરૂણ મોત, ગણતરીની કલાકોમાં જ પાંજરે પૂરાયો

**લખનઉ**


છોટા ઉદેપુરના મોટા વાજપુર ગામે ઘર આંગણે 4 વર્ષીય ભવ્યા રાઠવા રમી રહી હતી. આ દરમિયાન અચાનક ધસી આવેલા દીપડાએ બાળકી પર હુમલો કરી દીધો હતો. દીપડાના પંજા અને દાંત વાગવાથી બાળકીને ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઘટના બાદ પરિવારજનો અને ગ્રામજનો એકઠા થઈ ગયા હતા અને લોહીલુહાણ હાલતમાં ગંભીર રીતે ઘવાયેલી બાળકીને તાત્કાલિક સારવાર અર્થે જાંબુઘોડા સામૂહિક આરોગ્ય કેન્દ્ર (CHC) ખાતે ખસેડવામાં આવી હતી. જ્યાં ફરજ પરના તબીબોએ બાળકીને તપાસીને મૃત જાહેર કરી હતી. આ સમાચાર મળતાં જ બાળકીના પરિવાર પર દુઃખનો પહાડ તૂટી પડ્યો હતો.

# ગાંધીનગરમાં સાયબર ફાઇનાન્સિયલ ફ્રોડ અંગે ઈ-Zero ફરિયાદ સેવાનો પ્રારંભ, ઘરબેઠાં નોંધાશે પોલીસ ફરિયાદ

**ગાંધીનગર**

ગાંધીનગરથી રાજ્ય સરકારે સાયબર ફાઈનાન્સિયલ છેતરપિંડીનો ભોગ બનેલા નાગરિકોને ઝડપી અને અસરકારક ન્યાય મળી રહે તે માટે 'સાયબર ફાઈનાન્સિયલ ફ્રોડ e-Zero FIR' સેવાનું સત્તાવાર લોન્ચિંગ કર્યું છે. નવી વ્યવસ્થા અમલમાં આવતા હવે પ્રાથમિક ફરિયાદ નોંધાવવા માટે પીડિતોએ પોલીસ સ્ટેશન સુધી જવાની જરૂર રહેશે નહીં.

આ વ્યવસ્થા હેઠળ નાગરિકોએ માત્ર 1930 હેલ્પલાઈન પર પોતાની સાથે થયેલી સાયબર છેતરપિંડીની જાણ કરવી રહેશે. ફરિયાદ નોંધાતાની સાથે જ સિસ્ટમ દ્વારા આપોઆપ e-Zero FIR જનરેટ થશે અને તે સંબંધિત



પોલીસ સ્ટેશનને મોકલી આપવામાં આવશે. ત્યારબાદ પોલીસ અધિકારીઓ ફરિયાદીનો સંપર્ક કરીને જરૂરી વિગતો મેળવશે અને નિયમ મુજબ આગળની FIR નોંધી તપાસ શરૂ કરશે.

રાજ્ય સરકારના જણાવ્યા મુજબ e-Zero FIR વ્યવસ્થાથી પીડિતોને ઘરબેઠાં તાત્કાલિક ફરિયાદ નોંધાવવાની સુવિધા મળશે. ઘટનાની જાણ થતાં જ પોલીસ અને સાયબર ક્રાઈમ ટીમ ઝડપથી કાર્યવાહી કરી શકશે, જેના કારણે ફ્રોડ થયેલી રકમ હોલ્ડ અથવા ફ્રીઝ કરાવી નાગરિકોના નાણાં બચાવવાની શક્યતાઓમાં નોંધપાત્ર વધારો થશે.

આ નવી વ્યવસ્થાની અસરકારકતાનું પ્રથમ ઉદાહરણ પણ સામે આવ્યું છે. અમદાવાદના એક રહેવાસી 'ડિજિટલ અરેસ્ટ'ના નામે સાયબર છેતરપિંડીનો ભોગ બન્યા હતા. આ કેસમાં રાજ્યની પ્રથમ e-FIR નોંધાયા બાદ સાયબર ક્રાઈમ વિભાગે ત્વરિત કાર્યવાહી કરીને પીડિતના 15.76 લાખ રૂપિયાથી વધુની રકમ બચાવવામાં સફળતા મેળવી હતી.

# ચૂંટણી પત્યાને 3 મહિના થયા પણ 168 પાલિકા-પંચાયત સભ્યોએ હજુ સુધી હિસાબ ન આપ્યો

## 99 ઉમેદવારોએ તો એકેય દસ્તાવેજ જમા કરાવ્યો નહીં, ચૂંટણી આયોગને ફરિયાદ

**ગાંધીનગર**

સ્થાનિક સ્વરાજ્યની સામાન્ય ચૂંટણી 2026 પૂર્ણ થવાને આજે ત્રણ મહિના જેટલો સમય વીતી ગયો છે ત્યારે નગરપાલિકા અને જિલ્લા પંચાયતમાં ચૂંટાયેલા 168 પ્રતિનિધિઓએ નિયમ અનુસાર ચૂંટણી ખર્ચનો હિસાબ જ આપ્યો નથી. આ મામલે રાજ્ય ચૂંટણી આયોગમાં ફરિયાદ કરવામાં આવી છે. હવે તમામ ચૂંટાયેલા સભ્યો પર 6 વર્ષ સુધી ગેરલાયક ઠરવાનું મોટું સંકટ તોળાઈ રહ્યું છે. આ ઉપરાંત, ફરજમાં નિષ્ક્રિય રહેનારા 18 ચૂંટણી અધિકારીઓ વિરુદ્ધ પણ શિક્ષાત્મક પગલાં લેવાની માંગ સાથે સામાન્ય વહીવટી વિભાગ ગાંધીનગરને રજૂઆત કરવામાં આવી છે.

રાજ્ય ચૂંટણી પંચ સમક્ષ એવી ફરિયાદ કરવામાં આવી છે કે, ચૂંટાયેલા પ્રતિનિધિઓએ નિયમોનું સરેઆમ ઉલ્લંઘન કર્યું છે. 99 ઉમેદવારોએ એફિડેવિટ કે ખર્ચ રજિસ્ટર જેવા કોઈ જ દસ્તાવેજો જમા કરાવ્યા નથી. જ્યારે 52 ઉમેદવારોએ માત્ર એફિડેવિટ રજૂ કરી છે, પરંતુ ચૂંટણી ખર્ચનો કોઈ હિસાબ આપ્યો નથી. આ ઉપરાંત 17 ઉમેદવારોએ ચૂંટણી ખર્ચ પત્રક આપ્યું છે, પરંતુ તેની સાથે જરૂરી એફિડેવિટ રજૂ કર્યું નથી. ગેરલાયક ઠરવાની લટકતી તલવાર હેઠળ વિવિધ નગરપાલિકાના 133 અને જિલ્લા પંચાયતના 35 સભ્યોનો સમાવેશ થાય છે.

# અમદાવાદ એરપોર્ટ પર ઉતરેલી મહિલા મુસાફર પાસેથી 35 લાખનું સોનું ઝડપાયું

## કસ્ટમ્સ એક્ટ હેઠળ ગુનો દાખલ, નેટવર્ક શોધવા તપાસ શરૂ

**અમદાવાદ**

અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર અમદાવાદ કસ્ટમ્સના એર ઈન્ટેલિજન્સ યુનિટ દ્વારા મોટી કાર્યવાહી કરવામાં આવી છે. દુબઈથી આવેલી એક મહિલા મુસાફર પાસેથી પોતાના શરીરમાં છુપાવેલી સોનાની પેસ્ટ રિકવર કરી 35.84 લાખ રૂપિયાની કિંમતનું 244.16 ગ્રામ (24 કેરેટ) સોનું જપ્ત કરવામાં આવ્યું છે. કસ્ટમ અધિકારીઓના જણાવ્યાનુસાર, 28મી જુલાઈના રોજ ડિરેક્ટોરેટ ઑફ રેવન્યુ ઈન્ટેલિજન્સ(DRI) તરફથી ઈનપુટ્સ મળ્યા હતા. જેના આધારે, દુબઈથી ફ્લાયદુબઈની ફ્લાઈટ નંબર FZ 437 મારફતે અમદાવાદ પહોંચેલી શંકાસ્પદ મહિલા મુસાફરને AIUના અધિકારીઓએ લેન્ડિંગ થતાં જ અટકાવી હતી. મહિલા મુસાફરની ઝીણવટભરી અને વિગતવાર તપાસ કરવામાં આવતા તેના શરીરમાંથી 270 ગ્રામ સોનાની પેસ્ટ મળી આવી હતી.

# વિવેકાનંદનગરમાં કરિયાણાના વેપારી ઉપર હુમલાનો માસ્ટરમાઇન્ડ ઝડપાયો

## ચાર લાખના વિવાદમાં આપી હતી 30 હજારની સોપારી

**અમદાવાદ**

અમદાવાદના વિવેકાનંદનગરમાં કરિયાણાના વેપારી નંદુકુમાર મુદેયાર પર થયેલા જીવલેણ છરી હુમલાના કેસમાં પોલીસને સફળતા મળી છે. પોલીસે અગાઉ હુમલો કરનાર શખ્સોને ઝડપી પાડ્યા બાદ, હવે આ સમગ્ર ષડયંત્રના મુખ્ય કાવતરાખોર રાજેશકુમાર સાંકળભાઈ મહીડાની પણ ધરપકડ કરી લીધી છે. આ ધરપકડ સાથે જ આ સનસનીખેજ કેસમાં સંડોવાયેલા ચારેય આરોપીઓ પોલીસના સકંજામાં આવી ગયા છે. હુમલા પાછળ આર્થિક લેવડદેવડનો વિવાદ જવાબદાર હતો. મુખ્ય સૂત્રધાર રાજેશકુમારે વેપારી નંદુકુમાર પાસે પોતાનું મકાન ગીરવે મૂકીને રૂપિયા 4 લાખ ઉછીના લીધા હતા. આ રકમની ઉઘરાણીને લઈને બંને વચ્ચે વિવાદ ચાલી રહ્યો હતો. આ માથાકૂટનો કાયમી અંત લાવવા માટે રાજેશે નંદુકુમાર પર જીવલેણ હુમલો કરાવવાનું ષડયંત્ર રચ્યું હતું. પોતાના ઈરાદાને અંજામ આપવા માટે રાજેશે સાગરીતોને રૂપિયા 30 હજારની સોપારી આપીને આ ગુનાને અંજામ અપાવ્યો હતો.

# ગુજરાત યુનિવર્સિટીમાં ગેરરીતિનો દાવો : માનીતા લોકોને બેસાડીને માસિક 5 લાખ પગાર ચૂકવાયો

## અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા સત્તાધીશોને આકરું અલ્ટીમેટમ અપાયું

**અમદાવાદ**

ગુજરાત યુનિવર્સિટીમાં નિયમોને નેવે મૂકીને થયેલી ગેરકાયદે ભરતીઓ અને નાણાકીય ઉચાપત મામલે ABVP દ્વારા સત્તાધીશોને 24 કલાકનું આકરું અલ્ટીમેટમ આપવામાં આવ્યું છે. UGCની માર્ગદર્શિકાનું સરેઆમ ઉલ્લંઘન કરી યુનિવર્સિટી એન્જિનિયર, ચીફ એકાઉન્ટન્ટ, ફાયર-લીગલ ઑફિસર તેમજ વિવિધ સેન્ટરોના ડિરેક્ટરોની નિમણૂકમાં મોટાપાયે ગેરરીતિ થઈ હોવાનો દાવો કરાયો છે. ABVPએ વહીવટીતંત્ર સમક્ષ ઉગ્ર વિરોધ નોંધાવતા ગેરરીતિ આચરનારાઓ સામે કડક પગલાં લેવા, ખોટી રીતે ચૂકવાયેલા નાણાંની તાત્કાલિક વસૂલાત કરવા અને સમગ્ર કૌભાંડની ઉચ્ચસ્તરીય તપાસ કરવાની માગ આક્રોશ સાથે વ્યક્ત કરી છે. જો યોગ્ય કાર્યવાહી નહીં થાય, તો કેમ્પસમાં ઉગ્ર આંદોલન કરવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે. વિદ્યાર્થી સંગઠનના આ આક્રોશ અને રજૂઆતો બાદ ગુજરાત યુનિવર્સિટીના પ્રભારી વાઈસ ચાન્સલર જગદીશ જોશીએ સમગ્ર મામલાની નિષ્પક્ષ તપાસની ખાતરી આપી છે. ABVP દ્વારા ભરતી પ્રક્રિયા, મનસ્વી પગાર ધોરણ અને નાણાકીય અનિયમિતતા અંગે કરાયેલા આક્ષેપોને વહીવટીતંત્રએ અત્યંત ગંભીરતાથી લીધા છે. ખાસ કરીને પૂર્વ કુલપતિના બેંક ખાતા અને નિવૃત્તિ બાદ પણ તેઓ પ્રોજેક્ટમાં સક્રિય હોવાના દાવા અંગે સ્પષ્ટતા કરતાં તેમણે કહ્યું કે, સામાન્ય રીતે નિવૃત્તિ બાદ કોઈ પૂર્વ વીસી હોદ્દા પર રહેતા નથી, તેમ છતાં નિયમોને આધીન આ સમગ્ર પ્રકરણની ઝીણવટભરી તપાસ કરાશે.

# હાઈકોર્ટે રખડતાં કૂતરાઓ મુદ્દે મહાનગર પાલિકા, નગર પાલિકા તેમજ સરકાર પાસે રિપોર્ટ માંગ્યો

## NHAI પાસે જવાબ માંગતા તેણે પોતાની જવાબદારી સરકાર પર ઢોળી દીધી હતી

**ગાંધીનગર**

સુપ્રીમ કોર્ટે દરેક રાજ્યની હાઈકોર્ટની દેખરેખ હેઠળ સરકારને દર ચાર મહિને રખડતા કૂતરા અંગેનો અહેવાલ રજૂ કરવા આદેશ કર્યો છે. આ સંદર્ભમાં ગુજરાત હાઈકોર્ટે રખડતા કૂતરાના મુદ્દે સુઓમોટો લઈને રાજ્ય સરકાર, તમામ 8 મ્યુનિસિપલ કોર્પોરેશનો અને નગરપાલિકાઓને નોટિસ પાઠવી રિપોર્ટ માંગ્યો છે.

સુનાવણી દરમિયાન હાઈકોર્ટે નેશનલ હાઈવે ઓથોરિટી પાસે જવાબ માંગતા, તેણે પોતાની જવાબદારી સરકાર પર ઢોળી દીધી હતી. ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલે નેશનલ હાઈવે ઓથોરિટીની ઝાટકણી કાઢતા ટકોર કરી હતી કે, દરેક વખતે ઓથોરિટી તેમની જવાબદારી સરકાર પર નાખી શકે નહીં. કોર્ટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને (AMC) આ પ્રોજેક્ટને 'પાઈલોટ પ્રોજેક્ટ' તરીકે હાથ ધરી અન્ય કોર્પોરેશનો માટે ઉદાહરણ પૂરું પાડવા સૂચના આપી હતી. આ કેસની વધુ સુનાવણી 4 ઓગસ્ટે હાથ ધરાશે. હાઈકોર્ટે રાજ્ય સરકાર, પશુપાલન વિભાગ, નેશનલ હાઈવે ઓથોરિટી અને તમામ નગરપાલિકાઓને સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ રિપોર્ટ રજૂ કરવા આદેશ કર્યો છે.

સુપ્રીમ કોર્ટે 22 ઓગસ્ટ, 2025ના રોજ રખડતા કૂતરાઓના વધતા હુમલા અને તેનાથી લોકોના જીવન પર ઊભા થયેલા જોખમને ધ્યાનમાં રાખીને દેશની રાજ્ય સરકારોને મહત્વપૂર્ણ હુકમ આપ્યો હતો.

# ગુજરાતમાં 70% વાવેતર : તેલીબિયાં અને રોકડિયા પાકો તરફ ખેડૂતો વળ્યા

## 17.50 લાખ હેક્ટરથી વધુ વિસ્તારમાં મગફળીનું વાવેતર

**ગાંધીનગર**

ગુજરાતમાં ચાલુ ખરીફ સિઝન-2026 દરમિયાન સાર્વત્રિક વરસાદ બાદ વાવેતરની કામગીરીએ ઝડપ પકડી છે. કૃષિ વિભાગના આંકડા મુજબ, રાજ્યના અત્યાર સુધીમાં 59.26 લાખ હેક્ટર એટલે કે આશરે 70 ટકા જેટલાં વિસ્તારમાં વાવેતર થઈ ચૂક્યું છે. જેમાં કપાસ અને મગફળીનું કુલ વાવેતરમાં 63 ટકાથી વધુ યોગદાન છે. રાજ્યમાં કપાસનું સૌથી વધુ 20 લાખ હેક્ટરમાં અને ત્યારબાદ બીજા ક્રમે મગફળીનું 17.50 લાખ હેક્ટરથી વધુ વિસ્તારમાં વાવેતર પૂર્ણ થયું છે. જેના પરથી અંદાજ લગાવી શકાય કે, દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ ખેડૂતોનો તેલીબિયાં અને રોકડિયા પાકો તરફ ઝુકાવ વધારે જોવા મળ્યો છે. રાજ્યમાં સોયાબીનના સામાન્ય વાવેતર વિસ્તારની સામે અત્યાર સુધીમાં 99 ટકા એટલે કે 2.79 લાખ હેક્ટર વિસ્તારમાં વાવેતર થયું છે. જ્યારે સોયાબીન બાદ સામાન્ય વાવેતર વિસ્તારની સરખામણીએ મગફળીનું 91 ટકા, મકાઈનું 90 ટકા, અડદનું 86 ટકા અને કપાસનું 84 ટકા વાવેતર થઈ ચૂક્યું છે.

# અમદાવાદમાં વહેલી સવારે ભૂકંપનો આંચકો, રિક્ટર સ્કેલ પર 2.6ની તીવ્રતા નોંધાઈ

**લખનઉ**

અમદાવાદમાં આજે વહેલી સવારે ભૂકંપનો હળવો આંચકો અનુભવાયો હતો. ગાંધીનગર સ્થિત ઈન્સ્ટિટ્યૂટ ઑફ સિસ્મોલોજિકલ રિસર્ચ (ISR) દ્વારા પ્રાપ્ત અહેવાલ મુજબ, 30 જુલાઈ વહેલી સવારે અમદાવાદ અને તેની આસપાસના વિસ્તારોમાં ભૂકંપનો આંચકો નોંધાયો હતો. સવારે 4:39 વાગ્યે રિક્ટર સ્કેલ પર 2.6ની તીવ્રતા ધરાવતો આ આંચકો અનુભવાયો હતો. ISRના આંકડા અનુસાર, આજે સવારે 4:39 વાગ્યે રિક્ટર સ્કેલ પર 2.6ની તીવ્રતાનો ભૂકંપ નોંધાયો હતો. ભૂકંપનું કેન્દ્ર અમદાવાદથી આશરે 29 કિલોમીટર દક્ષિણ-દક્ષિણ પશ્ચિમ વિસ્તારમાં હતું. ભૂકંપની ઊંડાઈ જમીનની સપાટીથી અંદાજે 20 કિલોમીટર નોંધાઈ હતી.

# અમદાવાદ હેરિટેજ સિટી જર્જરિત, કોટ વિસ્તારમાં દોઢ મહિનામાં 30 ઘરો ધ્વસ્ત

**અમદાવાદ**

હેરિટેજ સિટી અમદાવાદ જાણે હવે જર્જરિત બની રહ્યું છે. દરિયાપુરમાં મકાન ધરાશાયી થતા મહિલાએ જીવ ગુમાવ્યો હતો. તેવામાં વધુ બે જગ્યાએથી મકાન ધસી પડવાની ઘટના સામે આવી છે. ખાડિયા વોર્ડના રાયપુરમાં પખાલીની પોળ તેમજ માણેક ચોકની ગુશા પારેખની પોળમાં ત્રણ-ત્રણ માળના બે મકાન ધડાકાભેર જમીનદોસ્ત થયા હતા. જેનો અવાજ સાંભળી સ્થાનિકો ઘરની બહાર દોડી આવ્યા હતા. જો કે, ઘટના બની તે સમયે ત્યાંથી કોઈ વ્યક્તિ પસાર ન થઈ રહી હોવાથી જાનહાનિ ટળી હતી. પરંતુ કાટમાળના લીધે પોળમાં આવજાનો રસ્તો અવરોધાયો હતો. બીજી બાજુ ગોમતીપુરમાં કાલિદાસ મિલ કમ્પાઉન્ડની દીવાલ ધસી પડતા પાંચથી છ વાહનોનો ભૂક્કો બોલાઈ ગયો હતો. સૂત્રોના જણાવ્યાનુસાર, ચોમાસામાં અત્યાર સુધી કોટ વિસ્તારમાં ત્રીસેક મકાનો ધરાશાયી થયા છે. જ્યારે શહેરની આશરે દોઢેક હજાર પોળમાં 30 ટકાથી વધુ મકાનો આવી જર્જરિત હાલતમાં છે. દરેક પોળમાં બેથી ચાર મકાન અત્યંત ભયજનક હાલતમાં હોય રહીશો સતત ભયના ઓથાર હેઠળ જીવી રહ્યા છે. કોટ વિસ્તારના જર્જરિત મકાનોમાં રહેતા લોકો ઉપર તો જીવનું જોખમ તોળાઈ જ રહ્યું છે.

# મહેસાણા જિલ્લામાં ચાંદીપુરા વાયરસનો આતંક, તાવ બાદ ઉલટી થતાં બાળકીનું મોત

**કોલકાતા**

બહુચરાજી તાલુકાના દેલવાડા (ખાંટ) ગામની બાળકીનું ગત રાત્રે વડનગરની સિવિલ હૉસ્પિટલમાં સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું. જિલ્લામાં ચાંદીપુરા વાયરસથી પ્રથમ મોત થતાં તંત્ર હરકતમાં આવ્યું હતું. 4 વર્ષની બાળકીને 26 જુલાઈએ અચાનક સખત તાવ અને ઊલટીઓ થવા લાગી હતી. પરિવારે તેને તરત જ મહેસાણાની ખાનગી હૉસ્પિટલમાં લઈ ગયા હતા. લક્ષણો શંકાસ્પદ લાગતાં બાળકીના લોહીના સેમ્પલ ગાંધીનગર લેબમાં મોકલાયા હતા. સોમવારે રિપોર્ટમાં ચાંદીપુરા વાયરસ હોવાની પુષ્ટિ થતાં જ તેને વધુ સારી સારવાર માટે વડનગર સિવિલ હૉસ્પિટલ લઈ જવામાં આવી હતી. ડૉક્ટરોના પ્રયાસો છતાં તેને બચાવી શકાઈ નહોતી.

# મગફળી અગ્નિકાંડ : 44 કરોડની રાખ વચ્ચે ફાયરના લાખોનાં બિલથી ‘દાઝયા પર દામ’

## અગ્નિકાંડ માત્ર એક દુર્ઘટના છે કે કોઇનું કોઇ ષડયંત્ર? તે એક મોટો સવાલ

**મોરબી**

મોરબી નજીક નાફેડના મગફળીનાં ગોડાઉનમાં લાગેલી ભીષણ આગે ભારે ચર્ચા જગાવી હતી. ગુજરાત વેરહાઉસ કોર્પોરેશનના ગોડાઉનમાં સંગ્રહિત મગફળીનો જથ્થો આગની ઝપટે ચઢી ગયો હતો. આ ગોડાઉનમાં ૧.૫૯ લાખ મગફળીની ગુણીઓ સંગ્રહિત હતી, જે આગમાં સંપૂર્ણપણે બળીને ખાખ થઈ જતાં ૪૪ કરોડ રૂપિયાથી વધુનું જંગી આર્થિક નુકસાન થયું છે, જેણે અનેક શંકા-કુશંકાઓ સાથે રહસ્યના તાણાવાણાં સર્જયા છે. જો કે હવે ફાયર બ્રિગેડ દ્વારા આગ બુઝાવવાની કામગીરીનાં રૂા.૬.૮૩ લાખના બિલ મોકલવામાં આવતા ‘દાઝયા પર દામ’નો કટાક્ષ થવા સાથે નવા વિવાદનાં લબકારાં ચાલુ થયા છે.

નાફેડના મગફળીના ગોડાઉનમાં લાગેલી આગની ભયાનકતા એટલી હતી કે તેના પર કાબુ મેળવવા માટે મોરબી, વાંકાનેર, રાજકોટ અને જામનગર એમ ચાર જિલ્લાઓની કુલ ૧૧ ફાયર ટીમોને મેદાને ઉતારવી પડી હતી. સતત ૯ દિવસ સુધી અથાક મહેનત કરી આગ ઓલવવા માટે પાણીના ટેન્કરો અને ફોમનો મોટા પ્રમાણમાં ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ નવ દિવસીય ઓપરેશન દરમિયાન ફાયર ટીમોએ અંદાજે ૧ કરોડ ૭૦ લાખ લિટર પાણીનો મારો ચલાવીને માંડ આગ પર કાબુ મેળવ્યો હતો. એક તરફ ૪૪ કરોડ રૂપિયાની મગફળી બળી જવાથી



વેરહાઉસ કોર્પોરેશન અને સરકારી તંત્ર આર્થિક અને માનસિક આઘાતમાં છે, તો બીજી તરફ હવે ફાયર વિભાગોએ પોતાની કામગીરીના બદલામાં સરકારી બિલ મોકલવાનું શરૂ કરી દીધું છે. અત્યાર સુધીમાં મોરબી, રાજકોટ, વાંકાનેર ફાયર બ્રિગેડે રૂા. ૬,૮૩,૦૨૧ના બિલ મોકલ્યા છે, જ્યારે હજુ જામનગર ફાયર ટીમનું બિલ બાકી છે. રૂા.૪૪ કરોડના માતબર નુકસાન સામે આ બિલ ભલે નાના લાગે, પરંતુ વહીવટી અને માનસિક દ્રષ્ટિએ આ સ્થિતિ અત્યંત કમનસીબ અને કટાક્ષભરી સાબિત થઈ રહી છે.

મોરબીમાં મગફળી અગ્નિકાંડ માત્ર એક દુર્ઘટના છે કે કોઈનું કોઈ ષડયંત્ર? તે એક મોટો સવાલ છે. કરોડો રૂપિયાના સરકારી અનાજ-મગફળીના જથ્થાની સુરક્ષા માટે જવાબદાર તંત્રની લાપરવાહી સામે અનેક સવાલો ઊભા થઈ રહ્યા છે.

# BAMS પેપર લીક વિવાદ : અમદાવાદમાં યુથ કોંગ્રેસ અને NSUIનો ભારે વિરોધ

## પોલીસે વિરોધ કરતાં કાર્યકરોની અટકાયત કરી હતી

**જામનગર**

જામનગરની ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીમાં તાજેતરમાં સામે આવેલા BAMS પેપર લીક પ્રકરણનો વિરોધ હવે અમદાવાદ સુધી પહોંચ્યો છે. આ મુદ્દે NSUI (નેશનલ સ્ટુડન્ટ્સ યુનિયન ઑફ ઈન્ડિયા) અને યુથ કોંગ્રેસના કાર્યકરોએ અમદાવાદના ઈન્કમટેક્સ ચાર રસ્તા ખાતે રાજ્ય સરકાર વિરુદ્ધ દેખાવો કરીને ઉગ્ર રોષ વ્યક્ત કર્યો હતો.

દેખાવો દરમિયાન કોંગ્રેસ અને NSUIના કાર્યકરોએ ઈન્કમટેક્સ ચાર રસ્તા પર ભેગા થઈ રસ્તા વચ્ચે બેસીને રાજ્ય સરકાર વિરોધી સૂત્રોચ્ચાર કર્યા હતા. સ્થળ પર પહોંચેલી પોલીસે ટ્રાફિક વ્યવસ્થા પુનઃસ્થાપિત કરવા માટે દેખાવો કરી રહેલા કાર્યકરોની અટકાયત કરી પોલીસ વાનમાં બેસાડી દૂર કર્યા હતા.

દેખાવો દરમિયાન કોંગ્રેસના નેતાઓ અને કાર્યકરોએ સરકારની નીતિઓ પર આકરા પ્રહારો કર્યા હતા. કોંગ્રેસના કાર્યકરોએ જણાવ્યુ હતું કે, ‘જામનગરમાં જે રીતે BAMSનું પેપર લીક થયું છે તે દર્શાવે છે કે માત્ર પેપર જ નથી ફૂટી રહ્યા, પરંતુ આખેઆખી સરકાર જ લીકેજ મોડમાં છે. છેલ્લા એક મહિનાથી જંતર મંતર પર NSUI, યુથ કોંગ્રેસ અને Gen Z દ્વારા સતત આંદોલન ચલાવાયું હતું. જો શિક્ષણમંત્રી પોતાના જ જિલ્લામાં પેપરની સુરક્ષા ન કરી શકતા હોય, તો તેઓ સમગ્ર ગુજરાતના વિદ્યાર્થીઓ અને યુવાનોના ભવિષ્યની રક્ષા કેવી રીતે કરી શકશે?’

કોંગ્રેસના કાર્યકરોએ સ્પષ્ટ માંગણી કરી છે કે જામનગરમાં સતત થતી આવી બેદરકારી બદલ રાજ્યના શિક્ષણમંત્રીએ તાત્કાલિક ધોરણે પોતાના પદ પરથી રાજીનામું આપવું જોઈએ. યુથ કોંગ્રેસ અને NSUIએ ચેતવણી આપી છે કે જ્યાં સુધી શિક્ષણમંત્રી રાજીનામું નહીં આપે ત્યાં સુધી આજે શરૂ થયેલું આ આંદોલન અને લડત રાજ્યભરમાં સતત ચાલુ રહેશે.










સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS

Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.

Editor : Manoj Gandhi
Director & Publisher : Rameshbhai Vyas
Director Marketing : Pareshkumar Champakbhai Peshwa
Director : Nilesh Tailor
Montreal Bureau : Vijay Patel (514-826-7442)

Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh

GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)


Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# પત્નીએ પ્રેમી સાથે મળીને પતિની લાશ જમીનમાં દાટી દીધી

## જામનગર મર્ડર મિસ્ટ્રી : બે વર્ષ સુધી મહિલાએ પતિ વિદેશ ગયાનું રટણ ચલાવ્યું, જમીનમાંથી માનવ અવશેષો મેળવવાની કાર્યવાહી

**જામનગર**

જામનગર શહેરમાંથી બે વર્ષ પહેલાં ગુમ થયેલા એક યુવાનના પ્રકરણમાં ચોંકાવનારો ઘટસ્ફોટ થયો છે. શરૂઆતમાં ગુમ થયાનો કેસ ગણાતો આ બનાવ હવે પ્રેમપ્રકરણમાં થયેલી હત્યામાં ફેરવાયો હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે. મૃતકની પત્ની અને તેના પ્રેમીએ મળીને પૂર્વયોજિત કાવતરાના ભાગરૂપે યુવાનની હત્યા કરી મૃતદેહને દરેડ વિસ્તારમાં આવેલા એક કારખાનામાં ઊંડો ખાડો ખોદી દાટી દીધો હોવાનો પોલીસને શંકા આધારિત ખુલાસો થયો છે.

પોલીસ તપાસ મુજબ, મૃતક જીગ્નેશ ધર્મેશભાઈ માવદીયાની પત્ની પૃથ્વી માવદીયાને નિલેશ મનસુખભાઈ કછેટીયા સાથે પ્રેમસંબંધ હતો. બંનેએ મળીને જીગ્નેશને રસ્તામાંથી દૂર કરવાનો પ્લાન બનાવ્યો હતો. જેમાં જીગ્નેશને દારૂમાં સાયનાઈડ ભેળવી પીવડાવવામાં આવ્યું હતું, જેના કારણે તેનું મોત થયું હોવાનું પ્રાથમિક





તપાસમાં સામે આવ્યું છે.

હત્યા બાદ બંને આરોપીઓએ પુરાવાનો નાશ કરવા મૃતદેહને દરેડ વિસ્તારમાં આવેલા એક કારખાનામાં લઈ જઈ અંદાજે 12થી 15 ફૂટ ઊંડો ખાડો ખોદી જમીનમાં દાટી દીધો હોવાનું તપાસમાં બહાર આવ્યું છે. આ સમગ્ર ઘટના બાદ પૃથ્વી માવદીયા સતત પરિવારજનોને એવું કહેતી રહી હતી કે તેનો પતિ ઓસ્ટ્રેલિયા ગયો છે અને જ્યાં તે નોકરી કરે છે. જેમાં ત્યાંની કંપનીમાં મોબાઈલ ફોન રાખવાની કે વાત કરવાની મંજૂરી નથી. આ રીતે તેણે લગભગ બે વર્ષ સુધી પરિવારજનોને ગેરમાર્ગે દોર્યા હતા. આ દરમિયાન મૃતકના ભાઈ અશોક ધરમશીભાઈ માવદીયાએ પોતાના ભાઈનો સંપર્ક કરાવવા આગ્રહ રાખતા અને પોલીસ સમક્ષ જવાની વાત કરતાં પત્ની ગભરાઈ ગઈ હતી. ત્યારબાદ પોલીસની પૂછપરછ દરમિયાન સમગ્ર કાવતરાનો ભેદ ખુલ્યો હોવાનું જાણવા મળ્યું છે. પોલીસે આરોપીઓના જણાવ્યા મુજબ, દરેડ વિસ્તારમાં દર્શાવેલા સ્થળે ફોરેન્સિક નિષ્ણાતોની હાજરીમાં ખોદકામ શરૂ કર્યું. જમીનમાંથી માનવ અવશેષો મેળવવાની કાર્યવાહી ચાલી રહી છે, જેની વૈજ્ઞાનિક તપાસ બાદ વધુ પુરાવા એકત્ર કરવામાં આવશે.

# અમે 10 લાખ ખેડૂતોને ભેગા કરીશું કાળુ અમૃતિયાનો જેતપરમાં હુંકાર

**મોરબી**

મોરબી તાલુકાના જેતપર ખાતે ચાલી રહેલા 'ગુજરાત ખેડૂત સત્યાગ્રહ'માં આંદોલન વધુ આક્રમક બન્યું છે. ભાજપના મંત્રીના ભાઈ અને આંદોલનકારી નેતા કાળુ અમૃતિયાએ સત્યાગ્રહ છાવણીમાંથી સરકાર અને વહીવટી અધિકારીઓને ખુલ્લો પડકાર ફેંકતા 10 લાખથી વધુ ખેડૂતોને એકઠા કરવાનો હુંકાર કર્યો છે.

સત્યાગ્રહ છાવણી ખાતે એકત્રિત થયેલા ખેડૂતોને સંબોધતા કાળુ અમૃતિયાએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, 'આ આંદોલનાત્મક છાવણી કોઈ પણ સંજોગોમાં બંધ થવાની નથી. હાલ વરસાદના કારણે શાંતિ જાળવવામાં આવી છે. અત્યાર સુધીમાં જેતપરની ઉપવાસી છાવણીની 10 લાખથી વધુ લોકો મુલાકાત લઈ ચૂક્યા છે અને હવે આ તમામ લોકોને એક સાથે ભેગા કરવામાં આવશે, ત્યારબાદ આગળની વ્યૂહનીતિ નક્કી કરાશે.' આંદોલનકારી નેતાએ તંત્ર સામે આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે, 'કાલાવડ પંથકમાં ખેડૂતોને તેમના હક્કના પૈસા મળ્યા નથી. જો કમિટી નિર્ણય કરશે તો ત્યાં જઈને થાંભલા કાઢવાની કામગીરી પણ કરવામાં આવશે. અધિકારીઓ માટે ગામમાં 144ની કલમ લગાડી દીધી છે, હવે કોઈ આવે તો ખબર પડે કે શું થાય છે.

# કચ્છના ગાંધીધામમાં શિપિંગ વેપારીનું મિત્રે જ અપહરણ કરાવી રૂ. 5.5 કરોડ વસૂલ્યા

## મિત્ર સહિત સાત આરોપી ઝડપાયા, દુબઈથી વીડિયો કોલ કરી ધમકી આપી હતી

**કચ્છ**

પૂર્વ કચ્છ પોલીસે ગાંધીધામમાં જાણીતા શિપિંગ બિઝનેસમેન દિલીપભાઈ મજેઠીયા (ઠક્કર) ના અપહરણ અને ૫.૫૫ કરોડ રૂપિયાની ખંડણીના સનસનાટીભર્યા કેસનો ગણતરીના દિવસોમાં પર્દાફાશ કરી ફરિયાદીના અંગત મિત્ર સહિત સાત આરોપીઓની ધરપકડ કરી છે. ૨૧ જુલાઈએ અંજારના રહેવાસી દિલીપભાઈનું તેમની ઓફિસના પાર્કિંગમાંથી કપટપૂર્વક અપહરણ કરવામાં આવ્યું હતું. આરોપી જાવેદ સાથચા અને તેના સાગરીતોએ ઓળખીતાનો વિશ્વાસ અપાવી તેમને ગાંધીધામના સપનાનગર સ્થિત ઘરે લઈ જઈ દોરડાથી બાંધી દીધા હતા અને ગળા પર છરી રાખી ૨૦ લાખ રૂપિયાની ખંડણી માંગી હતી. દિલીપભાઈએ આંગડિયા મારફતે રકમ મોકલવાની વ્યવસ્થા કરી હતી, પરંતુ પોલીસ હરકતમાં આવતાં આરોપીઓ નાણાં લીધા વિના જ તેમને રસ્તામાં ઉતારીને ફરાર થઈ ગયા હતા. તપાસ દરમિયાન ખુલ્યું કે બંધક અવસ્થામાં આરોપીઓએ દુબઈમાં રહેતા દિલીપભાઈના ભાઈ નરેશભાઈને વીડિયો કોલ કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ભાઈના જીવના ડરથી નરેશભાઈએ ક્રિપ્ટો કરન્સી મારફતે ૫,૮૪,૪૨૦ યુએસ ડૉલર, એટલે કે અંદાજે ૫.૫૫ કરોડ રૂપિયા આરોપીઓને ટ્રાન્સફર કર્યા હતા. પોલીસે સમગ્ર કાવતરાનો ભેદ ઉકેલી તમામ મુખ્ય આરોપીઓને ઝડપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ભાવનગરમાં મોડીરાત્રે વેપારીને છરી બતાવી બે લાખની ખંડણી માંગી, ૪ શખ્સ સામે ગુનો દાખલ

## મેટર પતાવવાના બે લાખ નહી આપતા વેપારી પાસેથી બળજબરીથી 10 હજાર પડાવ્યા

**ભાવનગર**

મોડી રાત્રે અંદાજે ૧૨:૫૨ વાગ્યે શિશુવિહાર વિસ્તારમાં રહેતા વેપારી સેજાદભાઈ સલીમભાઈ લાખાણીને ઈર્ષાદ ઉર્ફે બાદશાહ યુનુસભાઈ શેખ નામના માથાભારે શખ્સે ફોન કરી રૂબરૂ મળવા દબાણ કર્યું હતું. માથાભારે હોવાથી ડરેલા વેપારી પોતાના ઘરને લોક મારીને નીચે રોડ પર આવ્યા હતા. આ દરમિયાન જ ઈર્ષાદ બાદશાહ તથા આદીલ બાદશાહ સ્કૂટર પર આવી પહોંચ્યા હતા. ઈર્ષાદે 'સમીમબાનુ ડોને મને કહેલ કે તે મને ગાળો દીધેલ છે' કહી સમીમબાનુ ડોન સાથે ફોનમાં વાત કરી મામલો પતાવવા માટે તુરંત રૂા. બે લાખની ખંડણી માંગી હતી. વેપારીએ પૈસા આપવાની ના પાડતાં બંને શખ્સે ઉશ્કેરાઈને છરીઓ કાઢી જાનથી મારી નાખવાની બીક બતાવી હતી. તે જ સમયે અન્ય બે સાગરીતો મહમદ અસબલ બાતવીલ અને મયુદીન કાઝી પણ આવી પહોંચ્યા હતા અને ચારેય શખ્સે વેપારી તથા તેમના પરિવારને પૂરા કરી નાખવાની ધમકી આપી હતી. ત્યારબાદ વેપારી ચાલીને પોતાના માતા-પિતાના ઘરે જઈ રહ્યા હતા ત્યારે ચારેયએ પાછળથી આવી તેમને રસ્તામાં રોક્યા હતા. ઈર્ષાદે ફરી છરી બતાવી મારી નાખવાની ધમકી આપી વેપારી પાસેથી બળજબરીથી રૂા.૧૦,૦૦૦ પડાવી લીધા હતા. આ મામલે ઘોઘારોડ પોલીસે ઈર્ષાદ બાદશાહ, આદીલ બાદશાહ, મહમદ અસબલ અને મયુદીન કાઝી વિરુદ્ધ બી.એન.એસ. અને જી.પી. એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની કાનૂની કાર્યવાહી હાથ ધરી છે.

# રાજકોટમાં નાઈટ પેટ્રોલિંગ વખતે 42 લોકો હથિયારો સાથે ઝડપાયા


## પોલીસ કમિશનરે પેટ્રોલિંગ વધારવા આદેશ આપ્યો

**રાજકોટ**

શહેરમાં ગુનાખોરીના વકરી રહેલા ગ્રાફને લઈ પોલીસ દ્વારા નાઈટ પેટ્રોલિંગ વધારવામાં આવ્યું છે. છેલ્લા થોડા દિવસોમાં સામાન્ય બોલાચાલીમાં છરી વડે હુમલાની અનેક ઘટનાઓ સામે આવી હતી, જેને રોકવા માટે પોલીસ કમિશનરે શહેરમાં નાઈટ પેટ્રોલિંગ વધારવા આદેશ આપ્યો હતો.

રાત્રે યોજવામાં આવેલી ખાસ ડ્રાઈવ દરમિયાન પોલીસે જાહેર રસ્તાઓ પર છરી કે અન્ય તીક્ષ્ણ હથિયારો લઈને ફરતા કુલ 42 લોકોની અટકાયત કરી તેમની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. મળતી વિગત પ્રમાણે, માલવિયાનગર પોલીસે 11 શખસ, થોરાળા પોલીસે 9 શખસ, યુનિવર્સિટી પોલીસે 8 શખસ, પ્રદ્યુમનનગર પોલીસે 5 શખસ, ગાંધીગ્રામ પોલીસે 4 શખસ, તાલુકા પોલીસે 4 શખસ તથા એ-ડિવિઝન પોલીસે 1 શખસને છરી કે અન્ય તીક્ષ્ણ હથિયારો સાથે ઝડપ્યા હતા. પકડાયેલા તમામ 42 આરોપીઓ સામે હથિયારબંધી જાહેરનામાના ભંગ બદલ ગુનો નોંધીને આગળની તપાસ શરૂ કરવામાં આવી હતી.

# ગુરુપૂર્ણિમા નિમિત્તે જામનગરની સંસ્થાએ જલારામ બાપાને 10 ફૂટનો રોટલો અર્પણ કરી રેકોર્ડ બનાવ્યો



અમરેલી જિલ્લાના ભોજલધામ ખાતે યોજાયેલા પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવના સમાપન પ્રસંગે જામનગરના શ્રી જલારામ સેવા ટ્રસ્ટ, પ્રભુદાસ ખીમજી કોટેચા અન્નક્ષેત્ર હોલ તથા જલારામ મંદિર-હાપા દ્વારા 10 ફૂટ બાય 10 ફૂટ વ્યાસનો વિશાળ બાજરાનો રોટલો તૈયાર કરી સંત શિરોમણી જલારામ બાપાના ગુરુ ભોજલરામ બાપાના ચરણોમાં અર્પણ કરવામાં આવ્યો હતો.

# ભુજ કોર્ટે 2.10 કરોડના હેરોઈન કેસમાં પાંચ યુવકને 10 વર્ષની સખત કેદની સજા ફટકારી

## વર્ષ 2023માં કચ્છ એઓસોજી અને પોલીસે ફિલ્મી ઢબે દરોડો પાડ્યો હતો

**ભુજ**

ત્રણ વર્ષ અગાઉ 13 જુલાઈ 2023ના રોજ પશ્ચિમ કચ્છ એસઓજીની ટીમે માધાપર નજીક નળવાળા સર્કલ પાસે ફિલ્મી ઢબે દરોડો પાડ્યો હતો. એસઓજીએ આરોપીઓની બ્રેઝા કારનો પીછો કરી ટાયરમાં પાંચ રાઉન્ડ ફાયરિંગ કરીને ઘટનાસ્થળેથી ત્રણ આરોપીઓને કારમાં બેઠેલી હાલતમાં ઝડપી લીધા હતા.

આ કેસની તપાસ એસઓજીના દ્વારા કરવામાં આવી હતી. તેમજ એસઓજીએ કોર્ટ સમક્ષ 31 દસ્તાવેજી પુરાવા અને 10 સાક્ષીઓની જુબાની સાથે મજબૂત ચાર્જશીટ રજૂ કરી હતી.

તેમજ બંને પક્ષોની દલીલો અને પુરાવાઓને ધ્યાને રાખીને એનડીપીએસ કોર્ટના ખાસ જજે પાંચેય આરોપીઓને દોષિત ઠેરવ્યા હતા. આ આરોપીઓમાં રનજીતસિંઘ જાટ, હરપ્રીતસિંઘ જાટ, સતરાજસિંઘ જાટ, દલેરસિંઘ જાટ અને ભેજા જાટનો સમાવેશ થાય છે. કોર્ટે પાંચેય આરોપીઓને 10 વર્ષની કેદ અને રૂ. 2-2 લાખના દંડની સજા સંભળાવી હતી. ચુકાદો આપતાં કોર્ટે સખત ટિપ્પણી કરી હતી કે,આરોપીઓએ અંગત આર્થિક ફાયદા માટે એકસંપ થઈ યુવાનોને ગંભીર વ્યસનમાં ધકેલવાનું કૃત્ય કર્યું છે, જેને સામાન્ય ગણી શકાય નહીં.

## કહાની-થ્રીમાં વિદ્યા બાલનની જગ્યાએ યામી ગૌતમ ગોઠવાઈ



મુંબઈ: 'કહાની' ફિલ્મ વિદ્યા બાલનની કેરિયરમાં માઈલસ્ટોન ગણાય છે. જોકે, હવે તેણે આ ફ્રેન્ચાઈસીગુમાવી છે. 'કહાની થ્રી'માં તેની જગ્યાએ યામી ગૌતમ ગોટવાઈ ગઈ છે. ચર્ચા મુજબ યામી 'કહાની ૩'માં મુખ્ય ભૂમિકા નિભાવશે જ્યારે સુજોય ઘોષ દિગ્દર્શક તરીકે વાપસી કરશે. વિદ્યા બાલન અભિનિત અગાઉની ફિલ્મોથી વિપરીત ત્રીજા સંસ્કરણમાં સંપૂર્ણ રીતે નવી વાર્તા હશે. પ્રોજેક્ટ હાલ તો પ્રી-પ્રોડક્શન તબક્કામાં છે અને સર્જકો શૂટિંગના સમયપત્રક નક્કી કરી રહ્યા છે. ચર્ચા મુજબ ફિલ્મ અગાઉના સંસ્કરણોને લોકપ્રિય બનાવનાર રહસ્યમય વાતાવરણ જાળવી રાખીને ફ્રેન્ચાઈસીને વિસ્તારવામાં આવશે. યામીનાં પાત્રમાં નવા ટ્વિસ્ટ હશે જે અગાઉની વાર્તા સાથે સીધુ અનુસંધાન રાખ્યા વિના દર્શકોને નવો જ અનુભવ આપશે. પ્રોડક્શન ટીમ હાલ શૂટ શરૂ કરવા અગાઉ સમયપત્રક નક્કી કરી રહી છે.

# કાજોલ : મેં હંમેશા મારી શરતો પર કામ કર્યું છે



'હું મારા કિરદારમાં બરાબર ઢળી છું અને મેં કેટલીય ભૂમિકાઓ જીવંત કરી છે, તો પછી મારે ઈન્ડસ્ટ્રીના બીબાંમાં ઢળવાની શી જરૂર? મારા માટે એટલું જ પૂરતું છે કે હું દર્શકોનાં દિલ-દિમાગને સ્પર્શી શકી છું.'

અભિનેત્રી કાજોલે અત્યાર સુધી 'દિલવાલે દુલ્હનિયા લે જાએંગે', 'કુછ કુછ હોતા હૈ', 'કભી ખુશી કભી ગમ', 'બાઝીગર' અને 'ફના' જેવી સંખ્યાબંધ યાદગાર ફિલ્મો આપી છે.

છેલ્લા ૩૦ વર્ષમાં તેણે જે પ્રશંસનીય કામ કર્યું છે તે લખવા બેસીએ તો એક આખું પુસ્તક લખાઈ જાય. કારકિર્દીમાં બ્રેક લીધા પછી પણ તેણે ધમાકેદાર વાપસી કરી. આજે પણ એ પોતાના હુન્નરના પ્રત્યેક પાસાને અવનવી રીતે રજૂ કરી રહી છે. ગયા વર્ષની વાત કરીએ તો તેની ફિલ્મ 'મા'ને પણ દર્શકોએ મન મૂકીને વધાવી લીધી હતી.

કાજોલે જ્યારે પોતાની કારકિર્દીનો શુભારંભ કર્યો ત્યારે પણ એ હિન્દી ફિલ્મોદ્યોગની રૂઢિચુસ્ત વ્યાખ્યાઓમાં ઢળવા તૈયાર નહોતી. અદાકારા સ્વયં આ વાત કબૂલ કરતાં કહે છે, 'મેં જ્યારે અભિનય ક્ષેત્રે ડગ માંડયા ત્યારે હું હિન્દી ફિલ્મોની મુખ્ય નાયિકાની પરંપરાગત ઈમેજમાં ક્યાંય સેટ થતી નહોતી. હું બોલિવુડના વણલખ્યા નિયમોને માનવા તૈયાર નહોતી. મેં હંમેશાં એ જ કર્યું છે જે મને યોગ્ય લાગ્યું છે, અને મને ક્યારેય એ વાતનો ન તો સંકોચ થયો છે કે ન અફસોસ. મેં કાયમ મારી શરતો પર અને મારી પસંદગીનું જ કામ કર્યું છે.'

કાજોલ વધુમાં કહે છે, 'એક કલાકાર તરીકે હું મારા કિરદારમાં બરાબર ઢળી છું અને મેં કેટલીય ભૂમિકાઓ જીવંત કરી છે, તો પછી મારે ઈન્ડસ્ટ્રીના બીબાંમાં ઢળવાની શી જરૂર? મારા માટે એટલું જ પૂરતું છે કે હું દર્શકોનાં દિલ-દિમાગને સ્પર્શી રહી છું. હું હંમેશાંથી માનતી આવી છું કે પડદા સામે બેઠેલા દર્શકોમાંથી થોડા લોકોને પણ જો મારી વાત સ્પર્શી જાય અને તેમને લાગે કે હું મારા કામ દ્વારા તેમના મનની વાતને વાચા આપી રહી છું, તો જ મારું કામ સાર્થક ગણાય.'

વાત તો સાચી.

## કરિશ્મા તન્ના ગુરુપૂર્ણિમાના દિવસે જ પુત્રની માતા બની



મુંબઇ : જાણીતી ટીવી એક્ટ્રેસ કરિશ્મા તન્ના અને તેના બિઝનેસમેન પતિ વરૂણ બનગેરાના ઘરે ગુરુ પૂર્ણિમાના પવિત્ર દિવસે ૨૯ જુલાઇએ પુત્રનો જન્મ થયો હોવાની જાહેરાત સોશ્યલ મિડિયા દ્વારા કરવામાં આવી હતી. કરિશ્મા અને વરૂણે પોસ્ટમાં પુત્ર જન્મને તેમનો સૌથી મોટો આશીર્વાદ ગણાવ્યો હતો. કરિશ્મા અને વરૂણે ફેબ્રુઆરી ૨૦૨૨માં નજીકના પરિવારજનોની હાજરીમાં લગ્ન કર્યા હતા. એપ્રિલમાં કરિશ્મા અને વરૂણે મેટર્નિટી ફોટોશૂટ કરાવી તેમની તસવીરો પણ સોશ્યલ મિડિયા પર મુકી સંતાનનો જન્મ ઓગસ્ટમાં થવાની અટકળ કરી હતી. જો કે પુત્રનો જન્મ ૨૯ જુલાઇએ જ થઇ ગયો હતો. કરિશ્મા અને વરૂણને ટીવી અને ફિલ્મ દુનિયામાંથી સહકળાકારોએ પ્રથમ સંતાનના જન્મ બદલ અભિનંદન પાઠવ્યા હતા.



## શિવાજી મહારાજ પરની ઋષભ શેટ્ટીની ફિલ્મમાં ભૂમિની એન્ટ્રી

મુંબઇ : 'કાન્તારા' ફેમ ઋષભ શેટ્ટીની આગામી ફિલ્મ 'ધ પ્રાઇડ ઓફ મહારાષ્ટ્ર: છત્રપતિ શિવાજી મહારાજ'ની કાસ્ટમાં ભૂમિ પેડણેકરની એન્ટ્રી થઇ છે. અદમ્ય જુસ્સા અને હિંમત માટે જેને યાદ કરવામાં આવે છે તે નીડર લડાયક રાણી બેલાવાડી મેલામ્માની ભૂમિકા ભૂમિ પેડણેકર ભજવશે. ફિલ્મનું નિર્માણ અને નિર્દેશન સંદીપસિંહ કરી રહ્યા છે. ફિલ્મમાં ઋષભ શેટ્ટી છત્રપતિ શિવાજી મહારાજની ભૂમિકા ભજવી રહ્યો છે. તેની સાથે ફિલ્મમાં અર્જુન રામપાલ, વિવેક ઓબેરોય અને અન્ય કળાકારો પણ કામ કરી રહ્યા છે. આ વર્ષના અંતે ફિલ્મનું શૂટિંગ શરૂ કરી દેવામાં આવશે. ફિલ્મનું લેખન ઋષિ વિરમાનીએ કર્યું છે જ્યારે સંગીત અમિત ત્રિવેદી આપી રહ્યા છે. આ ફિલ્મને બે ભાગમાં બનાવવામાં આવી રહી છે. ભૂમિ પેડણેકરે જણાવ્યું હતું કે કર્ણાટકની બહાદુર રાણી બેલાવાડી મેલામ્માની ભૂમિકા ભજવવા મળી એ મારે માટે મોટી વાત છે. હું કાન્તારાની મોટી ફેન છું એટલે સંદીપે ફિલ્મ નેરેટ કરી એ સાથે જ મેં ઋષભ સાથે કામ કરવા આ ફિલ્મ કરવાની હા પાડી દીધી હતી.

# 'રામાયણ' ટ્રેલર રિવ્યૂ : રાવણ બનેલો યશ છવાયો

ડાયરેક્ટર નિતેશ તિવારીની બહુચર્ચિત ફિલ્મ 'રામાયણ'નું ઓફિશિયલ ટ્રેલર આજે સવારે 4:15 વાગ્યે રિલીઝ થઈ ગયું છે. આ ટ્રેલરમાં ફિલ્મની ભવ્ય અને અદ્ભુત દુનિયાની સુંદર ઝાંખી જોવા મળે છે. ફિલ્મમાં રણબીર કપૂર ભગવાન રામ, સાઈ પલ્લવી માતા સીતા, રવિ દુબે લક્ષ્મણ અને એક્ટર યશ રાવણના રોલમાં નજરે પડે છે.

જૂના ટીઝર કરતા આ ટ્રેલરમાં અયોધ્યા અને લંકાના ભવ્ય સેટ્સ જોવા મળે છે. આ ઉપરાંત, વધારે પડતી કાલ્પનિક બાબતો બતાવવાને બદલે મુખ્ય પાત્રોની ભાવનાત્મક સફર પર વધુ ભાર મૂકવામાં આવ્યો છે.


ટ્રેલરની શરૂઆત રાવણ (યશ)ના લંકાના મહેલમાં આગમન અને તેની તાકાતથી થાય છે, જ્યાં તે 'રાવણ રાજ'ની શરૂઆત ઘોષિત કરે છે. ત્યારબાદ રાક્ષસોના ત્રાસ વચ્ચે અયોધ્યાના રાજા દશરથ (અરુણ ગોવિલ)ના ઘરે ભગવાન વિષ્ણુ રામ સ્વરૂપે



જન્મ લે છે. ટ્રેલરમાં રામ અને લક્ષ્મણની રાક્ષસો સામેની લડાઈ, માતા કૈકેયી (લારા દત્તા)ના વચન બાદ રામનો 14 વર્ષનો વનવાસ અને માતા સીતાનું તેમની સાથે જવાનો નિર્ણય દર્શાવવામાં આવ્યો છે. રસપ્રદ વાત એ છે કે, આ ટ્રેલરમાં ભગવાન હનુમાનનો કોઈ લુક બતાવવામાં આવ્યો નથી, જેના પરથી એવું માનવામાં આવે છે કે મેકર્સ આ સરપ્રાઈઝ બીજા ભાગ માટે બચાવીને રાખી રહ્યા છે.

ટ્રેલર રિલીઝ થતાં જ સોશિયલ મીડિયા પર ફેન્સનો ઉત્સાહ જોવા મળ્યો હતો. ખાસ કરીને રાવણના રોલમાં સાઉથ ઈન્ડિયન એક્ટર યશની સ્ક્રીન પ્રેઝન્સ અને પાવરફુલ ડાયલોગ્સે દર્શકોને મંત્રમુગ્ધ કરી દીધા છે. નેટિઝન્સ તેના પર્ફોર્મન્સને માઈન્ડબ્લોઈંગ ગણાવી રહ્યા છે. આ ઉપરાંત, અગાઉ વિઝ્યુઅલ ઈફેક્ટ્સ (VFX) માટે થયેલી ટીકાઓ બાદ આ વખતે DNEG દ્વારા કરવામાં આવેલા VFX, કલર ગ્રેડિંગ અને એ.આર. રહેમાન તથા હાંસ ઝિમરના ભવ્ય બેકગ્રાઉન્ડ મ્યુઝિકના લોકો મુક્તમને વખાણ કરી રહ્યા છે.




હવે, સ્વદેશ વેબસાઈટના બદલાતા ક્લેવર
નિહાળો નીત નવા રૂપરંગમાં !!
માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ સર્જાતી અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!
રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ, પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!
www.swadesh.news
સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો
info@swadesh.news

### ચીને ૭ વર્ષે ‘ફરી અમેરિકાનું વર્ચસ્વ તોડ્યું, ભારતની સ્થિતિ નિરાશાજનક

# સુપર કમ્પ્યૂટિંગ : લાઈનશાઈન સાથે ચીનની મોટી છલાંગ

**પ્રાંસગિક**
ધવલ શુક્લ

આંતરરાષ્ટ્રીય સ્તરે વૈશ્વિક હાઈ-પર્ફોર્મન્સ કમ્પ્યુટિંગ ક્ષેત્રે જૂન ૨૦૨૬માં જાહેર થયેલી ૬૭મી TOP ૫૦૦ સુપરકમ્પ્યુટર યાદીમાં વર્ષ ૨૦૧૭ પછી પ્રથમવાર ચાઈનીઝ સિસ્ટમે વૈશ્વિક રેન્કિંગમાં પ્રથમ સ્થાન મેળવ્યું છે. સુપર કમ્પ્યુટરની ટોચની યાદીમાં શરૂઆતના દસમાંથી ચાર અમેરિકાના તેમજ જર્મની, જાપાન, સ્વિટ્ઝર્લેન્ડ, ફિનલેન્ડ અને ઈટાલીના એક-એક સુપર કમ્પ્યુટર સામેલ છે. જેમાં હવે પહેલા નંબરે ચીનનું ‘લાઈનશાઈન’ છે. શેનઝેનમાં સ્થપાયેલું આ સુપરકમ્પ્યૂટર 2.198 એક્ઝાફ્લોપ્સની ક્ષમતા ધરાવે છે. 2017માં સનવે તાઈહુલાઈટ બાદ જૂન 2026માં લાઈનશાઈન સાથે ચીને 9 વર્ષ પછી ફરી એકવાર TOP 500 યાદીમાં પ્રથમ ક્રમ મેળવ્યો છે. જે બાદ બીજાક્રમે અમેરિકાનું El Capitan 1.809 એક્ઝાફ્લોપ્સ અને Frontier 1.353 એક્ઝાફ્લોપ્સ સ્પીડ સાથે ત્રીજા ક્રમે છે. આ ઉપરાંત ચોથા ક્રમે આવનાર Aurora 1.012 એક્ઝાફ્લોપ્સ સ્પીડની ક્ષમતા ધરાવે છે. યાદીમાં પાંચમા ક્રમે રહેલું JUPITER Booster જર્મનીનું છે. અને તે 1.000 એક્ઝાફ્લોપ્સ ક્ષમતા ધરાવે છે. જ્યુપીટર બુસ્ટર એ યુરોપનું પ્રથમ એક્ઝાસકેલ સુપરકમ્પ્યૂટર બન્યું છે.

લાઈનશાઈનએ ચીનનું અત્યાધુનિક એક્ઝાસકેલ સુપરકમ્પ્યૂટર છે, જે જૂન 2026ની TOP500 યાદી મુજબ વિશ્વનું સૌથી ઝડપી સુપરકમ્પ્યૂટર બન્યું છે. તે ચીનના શેનઝેન ખાતે આવેલા નેશનલ સુપરકમ્પ્યૂટિંગ સેન્ટરમાં સ્થપાયેલું છે. આ સુપરકમ્પ્યૂટર 2.198 એક્ઝાફ્લોપ્સની અદભુત ક્ષમતા ધરાવે છે. એટલે કે તે પ્રતિ સેકન્ડે 2.198 ક્વિન્ટિલિયન ગણતરીઓ કરી શકે છે. લાઈનશાઈન ચીનની સ્થાનિક આર્કિટેક્ચર અને સ્વદેશી પ્રોસેસર્સ પર આધારિત છે, જે ટેક્નોલોજી ક્ષેત્રે તેની આત્મનિર્ભરતા દર્શાવે છે. તેનો મુખ્ય ઉપયોગ એડવાન્સ્ડ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) મોડેલિંગ, મોલેક્યુલર બાયોલોજી, હવામાન પરિવર્તનના સંશોધન અને જટિલ એન્જિનિયરિંગ સિમ્યુલેશન માટે થાય છે.

લાઈનશાઈન આશરે 42.2 મેગાવોટ (MW)વીજળીનો વપરાશ કરે છે. આટલી મોટી સિસ્ટમને ઠંડી રાખવા માટે એડવાન્સ્ડ



લિક્વિડ કૂલિંગ સિસ્ટમનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

આ યાદીમાં ભારતની કુલ 7 સિસ્ટમ્સને સ્થાન મળ્યું છે. જેમાં યોટા ડેટા સર્વિસિસ દ્વારા સંચાલિત Shakti Cloud (84.31 પેટાફ્લોપ્સ) 32મા ક્રમે ભારતનું સૌથી ઝડપી સુપરકમ્પ્યૂટર છે. આ ઉપરાંત ઐયરાવત પસાઈ, અરકા અને પરમ રૂદ્ર શ્રેણીની સિસ્ટમ્સે પણ સ્થાન જાળવી રાખ્યું છે. 2026ની યાદી પરથી સ્પષ્ટ કહી શકાય કે, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સંશોધન, હવામાન આગાહી અને ઉર્જા-કાર્યક્ષમતા સુધારવામાં સુપરકમ્પ્યૂટિંગ ક્ષમતા નિર્ણાયક સાબિત થઈ રહી છે. જૂન 2026માં જાહેર થયેલી 67મી TOP 500 યાદી અનુસાર વૈશ્વિક સુપરકમ્પ્યૂટિંગ ક્ષેત્રે મહત્વના ફેરફારો જોવા મળ્યા છે. હવે વિશ્વમાં 1 એક્ઝાફ્લોપથી વધુ પ્રોસેસિંગ સ્પીડ ધરાવતા કુલ 5 ‘એક્ઝાસકેલ’ સુપરકમ્પ્યૂટર્સ કાર્યરત છે

ભલે સૌથી ફાસ્ટ સિંગલ મશીન ચીન પાસે હોય, પરંતુ સમગ્ર યાદીમાં અમેરિકાનું પ્રભુત્વ અકબંધ છે. ટોચના પાંચમાંથી ૩ સ્થાનો અમેરિકા પાસે છે અને TOP ૫૦૦માંથી ૧૬૧ સિસ્ટમ્સ એકલા અમેરિકાની છે. બીજી તરફ ભારતનું સુપર કમ્પ્યૂટર ૧૮૮મા ક્રમે રહ્યું હતુ. યાદીમાં ચીન પછી અમેરિકાના ચાર અને ત્યારબાદ યુરોપના દેશોના કમ્પ્યૂટર છે. ટોપ-૫૦૦ની યાદીમાં ભારતના ‘ઐરાવત-પીએસએઆઈ’ ૧૮૮મા, ‘અર્ક’ સુપર કમ્પ્યુટર ૧૯૬મા, ‘અરુણિકા’ ૨૫૧મા, ‘પ્રત્યુષ’ ૩૩૮મા અને ‘અર્ક એઆઈ-એમએલ’ (Arka AI-ML) ૪૬૯મા સ્થાને રહ્યું હતુ.

ભારતમાં છેલ્લાં ચારેક વર્ષથી સરકાર અને તેના મળતીયાઓ આત્મનિર્ભરતાની વાતો કરી રહ્યા છે. તેઓ દરરોજ ડિજિટલ યુગ આવી ગયો છે એવી ચર્ચામાં જોરશારથી સહભાગી થઈ રહ્યા છે. પરંતુ ભારતમાં આ સેકટરમાં ખરેખર કામ થયું છે કે નહીં કે પછી તેમાં અસરકારક અવસરો છે કે નહીં તેની કોઈ સ્પષ્ટતા નથી. વૈશ્વિક સ્તરે ભારતનું ટેક્નોલોજીકલ વિકાસનું સ્તર સરખાવવામાં આવે તો તે અત્યંત નબળુ છે.

થોડા સમય પહેલાં જ આંતરરાષ્ટ્રીય સ્તરે વૈશ્વિક હાઈ-પર્ફોર્મન્સ કમ્પ્યુટિંગ ક્ષેત્રે જૂન ૨૦૨૬માં જાહેર થયેલી ૬૭મી TOP૫૦૦ સુપરકમ્પ્યુટર યાદી એ વાતનું પ્રમાણ છે. સુપર કમ્પ્યુટર માત્ર વૈજ્ઞાનિક સાધન નથી, પરંતુ જે તે દેશની ટેકનોલોજીકલ નિપૂણતા, આર્થિક સ્પર્ધાત્મકતા અને વ્યૂહાત્મક શક્તિનું મહત્વપૂર્ણ સૂચક છે. વિશ્વના સૌથી શક્તિશાળી સુપર કમ્પ્યુટર્સની પ્રતિષ્ઠિત યાદીમાં ટોચનું સ્થાન મેળવવું એ માત્ર એક ટેક્નોલોજીની દિશામાં મળતી સિદ્ધિ નથી, પરંતુ વૈશ્વિક ટેકનિકલ લિડરશિપનું પ્રતીક પણ છે. દુખની વાત એ છે કે, ભારતમાં એનરોઈડ મોબાઈલ થકી ઈન્ટનેટનો ઉપયોગ કરનારાઓ તો કરોડોની સંખ્યામાં છે. પરંતુ સુપર કમ્પ્યૂટિંગ અને સુપર કમ્પ્યૂટર વિશે સામાન્ય લોકો પાસે માહિતી જ નથી અને તેની ચર્ચા પણ થતી નથી. તેનાથી પણ મોટી કરુણતા એ છે કે, જે રીતે વૈશ્વિક સ્તરે ભારતનો નંબર આવ્યો છે તે દર્શાવે છે કે, તેને આગળ વધારવામાં સરકારને પણ ખાસ રસ નથી.

તાજેતરમાં ચીનના સુપર કમ્પ્યુટર ‘લાઈનશાઈન’એ અમેરિકાના ‘એલ કેપિટન’ને પાછળ છોડીને આ યાદીમાં પ્રથમ સ્થાન મેળવ્યું, ત્યારે પણ ભારતમાં આ મહત્વપૂર્ણ ઘટના પર અપેક્ષિત ચર્ચા થઈ નહીં. જાણકારોના મતે આ યાદી જોઈને ભારત માટે આ આત્મમંથનનો સમય પાકી ગયો છે તે સમજાઈ જવું જોઈએ. નવીનતમ ટોપ-૫૦૦ની યાદીમાં ભારતનું સુપર કમ્પ્યુટર આરાવત પીએસએઆઈ ૧૮૮મા સ્થાને છે. આવી સ્થિતિમાં સવાલ માત્ર રેન્કિંગ કે સ્થાનનો નથી, ઉપરાંત ભવિષ્યની AI-આધારિત અર્થવ્યવસ્થા અને વૈજ્ઞાનિક સ્પર્ધાત્મકતામાં ભારત પોતાની ક્ષમતાને કેટલી ઝડપથી વિકસિત કરી શકશે તેવો સવાલ ઉભો થયો છે. ભારત દેશની સરકાર જ નહીં પણ સામાન્ય લોકોને પણ સુપર કમ્પયૂટરમાં રસ નથી. એક જમાનામાં અમેરિકાએ ભારતને હવામાનની આગાહી કરવાના હેતુથી ઉપયોગમાં લેવાતું સુપર કમ્પ્યુટર આપવાનો ઈનકાર કરી દીધો હતો.

નેવુંના દાયકામાં ભારત પર લાદવામાં આવેલા આ પ્રતિબંધનું પરિણામ એ આવ્યું કે, સરકારના નિર્દેશ પર સેન્ટર ફોર ડેવલપમેન્ટ ઓફ એડવાન્સ્ડ કમ્પ્યુટિંગ પુણેના વૈજ્ઞાનિકોએ વર્ષ ૧૯૯૧માં ‘પરમ ૮૦૦૦’ નામનું દેશનું પહેલું સુપર કમ્પ્યુટર બનાવી દીધું હતુ. તે સમયે ભારત વિશ્વનો ત્રીજો અને એશિયાનો બીજો એવો દેશ હતો, જેણે સુપર કમ્પ્યુટર બનાવવામાં સફળતા મેળવી હતી. આ પછી સુપર કમ્પ્યુટિંગના ક્ષેત્રમાં ભારત તબક્કાવાર આગળ વધ્યું, જેની એક સિદ્ધિ ‘પરમ રુદ્ર’ નામના ત્રણ નવા સુપર કમ્પ્યુટર્સનો વિકાસ છે. આ શ્રેણીના ત્રણ સુપર કમ્પ્યુટર્સમાંથી પહેલું સુપર કમ્પ્યુટર પુણે સ્થિત ‘જાયન્ટ મીટરવેવ રેડિયો ટેલિસ્કોપ’માં લગાવવામાં આવ્યું છે. ત્યાં આ સુપર કમ્પ્યુટર ખગોળીય સંકેતોને સમજવા અને ખાસ કરીને ‘ફાસ્ટ રેડિયો બર્સ્ટ’ (રેડિયો સિગ્નલો)ને પકડવા માટે ડેટાને ઝડપથી એકત્રિત કરવામાં પોતાની ભૂમિકા ભજવશે.

**ચાઈનીઝ લાઈનશાઈન 2.198 એક્ઝાફ્લોપ્સની અદભુત ક્ષમતા ધરાવે છે. તેનો ઉપયોગ એડવાન્સ્ડ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) મોડેલિંગ, મોલેક્યુલર બાયોલોજી, હવામાન પરિવર્તનના સંશોધન અને જટિલ એન્જિનિયરિંગ સિમ્યુલેશન માટે થાય છે**



# સ્વસ્થ રહેવા મહિલાઓએ શું કાળજી રાખવી જોઈએ?

મહિલા સ્વસ્થ હશે તો પરિવાર અને સમાજ બંને સ્વસ્થ રહેશે. આજે મહિલાઓ ઘર, કારકિર્દી અને સમાજની અનેક જવાબદારીઓ સફળતાપૂર્વક નિભાવી રહી છે, પરંતુ આ દરમિયાન પોતાના આરોગ્ય પ્રત્યે પૂરતું ધ્યાન આપી શકતી નથી. પરિણામે ગરદન, ખભા અને કમરના દુખાવા, સાંધાના દુખાવા, સ્નાયુઓની નબળાઈ અને મેનોપોઝ પછી હાડકાં સંબંધિત સમસ્યાઓ ઝડપથી વધી રહી છે. આવા સમયમાં ફિઝિયોથેરાપી માત્ર સારવાર નહીં, પરંતુ મહિલાઓના આરોગ્ય માટે એક વૈજ્ઞાનિક અને અસરકારક જીવનશૈલી બની ગઈ છે.

તાજેતરના વૈજ્ઞાનિક અભ્યાસો દર્શાવે છે કે મેનોપોઝ પછી લગભગ દર 10માંથી 6 મહિલાઓને સ્નાયુ અથવા સાંધાના દુખાવાની સમસ્યા અનુભવાય છે અને કમરના દુખાવાનું પ્રમાણ પણ નોંધપાત્ર રીતે વધે છે. એસ્ટ્રોજન હોર્મોનમાં ઘટાડાને કારણે સ્નાયુઓની શક્તિ, હાડકાંની ઘનતા અને સાંધાઓની કાર્યક્ષમતામાં ઘટાડો થાય છે, જેના કારણે રોજિંદા કામકાજ પણ મુશ્કેલ બની શકે છે.

આધુનિક જીવનશૈલીમાં લાંબા સમય સુધી મોબાઈલ અને કમ્પ્યૂટરનો ઉપયોગ, ખોટી બેસવાની પદ્ધતિ, સતત ડ્રાઈવિંગ અને શારીરિક પ્રવૃત્તિનો અભાવ ગરદન, ખભા અને પીઠના દુખાવાનાં મુખ્ય કારણો છે. સંશોધનો દર્શાવે છે કે યોગ્ય માર્ગદર્શન હેઠળ કરવામાં આવતી રેઝિસ્ટન્સ (શક્તિવર્ધક) કસરતો માત્ર થોડાં અઠવાડિયાંમાં જ ગરદન અને ખભાના દુખાવામાં નોંધપાત્ર ઘટાડો કરી શકે છે તેમજ સ્નાયુઓની શક્તિમાં વધારો કરે છે.

મેનોપોઝ પછી મહિલાઓ માટે સૌથી અગત્યની બાબત છે રેઝિસ્ટન્સ એક્સરસાઈઝ. હળવા વજન, રેઝિસ્ટન્સ બેન્ડ અથવા પોતાના શરીરના વજન વડે કરવામાં આવતી આ કસરતો સ્નાયુઓને મજબૂત બનાવે છે, હાડકાંની ઘનતા જાળવવામાં મદદ કરે છે, સંતુલન સુધારે છે અને પડી જવાથી થતા ફ્રેક્ચરના જોખમને ઘટાડે છે. વૈજ્ઞાનિક અભ્યાસો મુજબ નિયમિત રેઝિસ્ટન્સ ટ્રેનિંગથી કાર્યક્ષમતા, સ્નાયુશક્તિ અને હાડકાંના આરોગ્યમાં સુધારો જોવા મળે છે.

ગર્ભાવસ્થા અને પ્રસૂતિ પછી પણ ફિઝિયોથેરાપીનું મહત્ત્વ એટલું જ છે. યોગ્ય કસરતો દ્વારા કમરના દુખાવામાં રાહત મળે છે, શરીરની કાર્યક્ષમતા વધે છે અને મહિલાઓ ઝડપથી સામાન્ય જીવનમાં પરત ફરી શકે છે. દરેક મહિલાની ઉંમર, આરોગ્ય અને જીવનશૈલી પ્રમાણે કસરતનો કાર્યક્રમ અલગ હોવો જોઈએ, તેથી નિષ્ણાત ફિઝિયોથેરાપિસ્ટનું માર્ગદર્શન અત્યંત જરૂરી છે. આજના યુગમાં ફિઝિયોથેરાપી માત્ર દુખાવો દૂર કરવાની સારવાર નથી, પરંતુ મહિલાઓને સશક્ત, સ્વાવલંબી અને સક્રિય જીવન જીવવા માટેનું વિજ્ઞાન છે. નિયમિત કસરત, યોગ્ય પોશ્ચર અને સમયસર ફિઝિયોથેરાપી અપનાવવાથી અનેક સમસ્યાઓને શરૂઆતમાં જ અટકાવી શકાય છે.

## મેનોપોઝ પછી મહિલાઓએ આ બાબતો ધ્યાનમાં રાખવી

- દર અઠવાડિયે ઓછામાં ઓછા 150 મિનિટ ચાલવું અથવા અન્ય એરોબિક કસરત કરવી.
- અઠવાડિયામાં 2થી 3 દિવસ રેઝિસ્ટન્સ ટ્રેનિંગ કરવું.
- લાંબા સમય સુધી સતત બેસી ન રહેવું; દર 30-40 મિનિટે ઊભા થઈ થોડું ચાલવું.
- કમ્પ્યૂટર અથવા મોબાઈલનો ઉપયોગ કરતી વખતે ગરદન સીધી રાખવી. યોગ્ય પોશ્ચર જાળવવું.
- પૂરતું કેલ્શિયમ, પ્રોટીન અને વિટામિન D યુક્ત આહાર લેવો.
- કોઈ પણ જગ્યાએ સતત દુખાવો હોય તો સ્વદવા ન કરીને ફિઝિયોથેરાપિસ્ટની સલાહ લેવી.

MOTEL for SALE

NIRAJ PANCHOLI, REALTOR®
Mechanical Engineer (Ahmedabad, India)
Cell: 647-866-2790
Email: ncpancholi@gmail.com
Website: www.niraj-pancholi.c21.ca
Multiple Awards Winner Since 2011
Selling Businesses, Co□□□□ercial & Residential Properties Since 2011
Visit my website for NEW & UPDATED Exclusive & MLS listings



MOTEL KING: Specializing in Selling Motels, Proven Records of SOLD over 50 Motels & Hotels in ONTARIO
Licensed to work in ALBERTA as well – Property visit can be scheduled during my trip to Alberta

90+ Room Franchise Hotel – Indoor Corridor, Fully Renovated and Upgraded in WINDSOR – Asking $7,200,000
Close to Hwy 401 and USA Border, Easy Operation, 3.5 Acres of Co□□□□ercial Lot – potential for future development
Exclusive Listing: Buyer must have a 40% - 50% down payment. For more info NDA and Buyer Rep Agreement to sign

43 Room Motel + Restaurant (241 Pizza) + 2 Apt on 6 Acre Co□□□□ercial Lot in Cochrane, ON – Asking $3,900,000
Both businesses are money making and run through the employees – Absentee Owner since 2019. Great NOI and EBITA

17 Room Motel in Huntsville - $2.3M
Absentee Owner since last 4 years
Great income and NOI
Renovated Rooms, Located in the downtown,
Everything is at a walking distance

54 Room Hotel & Restaurant - $4.9M
Located in 1000 Islands/Gananoque
Year round profitable operation. Well maintained property. Clsoe to Hwy 401, Casino and 1000 Island Crusie Line. Excellent NOI / EBITA – Great investment. About 40% Down require.

21 Room Motel & Restaurant in Gravenhurst
Asking $1,499,000
All rooms are occupied by the long-term people paying monthly. 3 Acres of lot, Municipality services. Selling AS IS
Ideal for builder or contractor

4 Small Motels for Sale in Northern Ontario – About 1-2 hours from Sudbury & North Bay
12 to 18 Rooms – Asking $875,000 to $1,300,000. About 15% to 25% down payment require.
Call for more info. Buyer to sign NDA first.

Motels and Hotels in ALBERTA: Small Motels and Franchise Hotels are available
Call for more info. Buyer to sign NDA for reviewing the financials on any property

Motel Jobs AND Working Partner Opporunity (min $200,000 to invest)
Ontario & Alberta
Front Desk, Housekeeping, General work
Must speak good English for front desk
(must be on WP, PR or Citizen)
Acco□□□□odation + Competitive Salary

Century 21 People's Choice Realty Inc., 120 Matheson Blvd E, Unit 103, Mississauga, L4Z 1X1, ONTARIO Office: 905-366-8100
Brilliant Realty , 1135 64 Ave SE #202, Calgary, T2H 2J7, ALBERTA – Direct Contact: 647-866-2790

### સુંદરકાંડના નિયમિત પાઠથી અવરોધો અને નકારાત્મકતા દૂર થાય અને શાંતિ, સમૃદ્ધિ અને સુખની પ્રાપ્તિ થાય છે : અશ્વિન કુમાર પાઠક

# ઓન્ટેરિયોમાં સુંદરકાંડ યાત્રા : હજારો ભક્તો સહભાગી બન્યા

### 13 દિવસ ચાલેલા કાર્યક્રમમાં મંદિરો અને સંસ્થાનોમાં પાઠ સાથે ગુરુજીનું વિશેષ પ્રવચન, નમ્રતા અને સદાચારપૂર્ણ જીવનશૈલી માટે નિયમિત પાઠ અનિવાર્ય



**ઓન્ટેરિયો**

ઓન્ટેરિયોમાં સુંદરકાંડના શાશ્વત સંદેશનો પ્રસાર કરવા એક અદભૂત આધ્યાત્મિક યાત્રા અપાર ભક્તિ અને જનસહભાગિતા સાથે સંપન્ન થઈ હતી. વિશ્વવિખ્યાત સુંદરકાંડ મર્મજ્ઞ શ્રી ગુરુજી અશ્વિન કુમાર પાઠકજીએ કેનેડાના ઓન્ટેરિયો પ્રાંતમાં ૧૩ દિવસની અસાધારણ આધ્યાત્મિક યાત્રા સફળતાપૂર્વક પૂર્ણ કરી હતી. આ દરમિયાન તેમણે સુંદરકાંડના દિવ્ય પાઠ અને રોજિંદા જીવન માટેના તેના ગહન ઉપદેશો આપી હજારો ભક્તોને પ્રેરણા પૂરી પાડી હતી. ૧૩ જુલાઈથી ૨૭ જુલાઈ ૨૦૨૬ દરમિયાન ગુરુજીએ સમગ્ર પ્રાંતમાં પ્રવાસ કર્યો હતો. જેમાં લંડનનું હિન્દુ કલ્ચરલ સેન્ટર, ગ્વેલ્ફના સેન્ટેનિયલ એરેના, બ્રામ્પ્ટનનું હિન્દુ સભા અને ત્રિવેણી મંદિર, પિકરિંગનું દેવી મંદિર, નોર્થ બે ખાતે રામાડા પાઈનવુડ પાર્ક રિસોર્ટ તથા સડબરીની કેમ્બ્રિયન કોલેજમાં ૧૩ સુંદરકાંડ પાઠ કર્યા હતા.

અંતે ગુરુ પૂર્ણિમાના રોજ રાશિ અને નવલ બજાજના નિવાસસ્થાને વિશેષ પાઠ કરાયા હતા.

સુંદરકાંડનો પરિચય આપતી વખતે ગુરુજીએ સમજાવ્યું કે, તે આદરણીય સંત-કવિ ગોસ્વામી તુલસીદાસ દ્વારા રચિત 'રામચરિતમાનસ'નો પાંચમો અધ્યાય છે. રામાયણના હૃદય સમાન ગણાતો સુંદરકાંડ ભગવાન હનુમાનની વીરતાપૂર્ણ યાત્રાનું સુંદર વર્ણન કરે છે અને અડગ ભક્તિ, સાહસ, જ્ઞાન, નમ્રતા તથા નિઃસ્વાર્થ સેવાના ઉત્તમ ઉદાહરણો રજૂ કરે છે. રામાયણના અન્ય ભાગોથી વિપરીત, સુંદરકાંડના મુખ્ય નાયક હનુમાનજી છે. સમુદ્ર પારની તેમની નિર્ભય યાત્રા, લંકામાં માતા સીતાની શોધ અને ભગવાન શ્રી રામ પ્રત્યેની તેમની અટલ ભક્તિ એ ભય પર શ્રદ્ધાની, વિપરીત પરિસ્થિતિઓ પર ધર્મની અને સ્વાર્થ પર સેવાની જીતનું પ્રતીક છે. ગુરુજીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે પરંપરાગત માન્યતા મુજબ સુંદરકાંડના નિયમિત પાઠથી અવરોધો અને નકારાત્મકતા દૂર થાય અને શાંતિ, સમૃદ્ધિ અને સુખની પ્રાપ્તિ થાય છે. ગુરુજીએ ઉમેર્યું કે, મંગળવાર અને શનિવાર એ સુંદરકાંડના પાઠ અને ભગવાન હનુમાનની પૂજા માટે વિશેષ શુભ દિવસો છે. 'ઓન્ટેરિયો સુંદરકાંડ યાત્રા'ને અભૂતપૂર્વ પ્રતિસાદ મળ્યો હતો, જેમાં ૨૫,૦૦૦થી વધુ ભક્તોએ ૧૩ દિવસની આ આધ્યાત્મિક યાત્રામાં ભાગ લીધો હતો.

## કાર્યક્રમમાં રાજનેતાઓની વિશેષ હાજરી

કાર્યક્રમોમાં મેયર પેટ્રિક બ્રાઉન, સંસદના સભ્ય હરદીપ ગ્રેવાલ, સિટી કાઉન્સિલર રોડ પાવર, એમપી વિવિયન લેપોઈન્ટ અને ઓન્ટેરિયોના અસંખ્ય હિન્દુ સંગઠનો અને મંદિરોના નેતાઓ તથા પ્રતિનિધિઓએ હાજરી આપી હતી. યાત્રામાં સહભાગી થયેલા ૨૫,૦૦૦થી વધુ ભક્તો સહભાગી થતાં રાશિ અને નવલ બજાજે કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું હતુ કે, વાલ્મીક ખમાર, ઉલ્પેશ પટેલ અને તેમના પરિવારનો વિશેષ આભાર માન્યો, જેમણે ખભે-ખભા મિલાવીને કામ કર્યું હતું. તેમજ, સહભાગી દરેક મંદિરની વ્યવસ્થાપક સમિતિઓ, સેંકડો સ્વયંસેવકોને કારણે કાર્યક્રમને સફળતા મળી છે.

## ગુરુજીએ આખી દુનિયામાં અત્યાર સુધી કુલ 9,722 પાઠ કર્યા

ગુરુજીએ ઓન્ટેરિયોનો પ્રવાસ તેમના ૯,૭૧૦મા સુંદરકાંડ પાઠ સાથે શરૂ કર્યો અને ૯,૭૨૨મા પાઠ સાથે તેની પૂર્ણાહુતિ કરી હતી આમ, છેલ્લા ૨૬ વર્ષોથી વિશ્વભરમાં દરરોજ સુંદરકાંડના પાઠ કરી અસાધારણ આધ્યાત્મિક અભિયાન તેમણે અવિરત ચાલુ રાખ્યું છે. ગુરુજીનું જીવનભરનું લક્ષ્ય સુંદરકાંડના દિવ્ય ઉપદેશોને વિશ્વભરના લોકો સુધી પહોંચાડવાનું અને દરેકને તેના શાશ્વત મૂલ્યોને રોજિંદા જીવનમાં અપનાવવા માટે પ્રેરિત કરવાનું છે,

# હિંડોળે ઝૂલે નંદલાલ : હિંડોળા ઉત્સવની દિવ્ય પરંપરા

ગોકુળ અને વ્રજધામમાં ગોપીઓ અને રાધાજી પ્રભુ શ્રીકૃષ્ણ સાથે કદંબના વૃક્ષની ડાળીઓ પર રેશમી દોરીઓથી ઝૂલા બાંધીને ઝૂલતાં હતાં. તે લીલાનું સ્મરણ કરીને આજે પણ દરેક ઘરમાં અને મંદિરોમાં હિંડોળા ઉત્સવનું આયોજન થાય છે. ભક્ત કવિઓ જેવા કે સૂરદાસ, નંદદાસ અને મીરાંબાઈએ હિંડોળાનાં અનેક પદો અને કીર્તનો રચેલાં છે, જે આ ઉત્સવ દરમિયાન ભાવપૂર્વક ગવાય છે.

હિંડોળા ઉત્સવ એ માત્ર ધાર્મિક પૂજા નથી, પરંતુ તે ભારતીય શિલ્પ, કલા અને સર્જનાત્મકતાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. આ એક મહિનો મંદિરોમાં અને ભક્તોનાં ઘરોમાં દરરોજ અવનવા, અદ્ભુત અને કલ્પનાતીત હિંડોળા તૈયાર કરવામાં આવે છે. દરરોજ અલગ-અલગ થીમ અને સામગ્રી પર આધારિત હિંડોળાનું સર્જન એ ભક્તોની નિઃસ્વાર્થ સેવા અને કલાસૂઝ દર્શાવે છે. હિંડોળા બનાવવા માટે નીચે મુજબની વિવિધ સામગ્રીઓનો ઉપયોગ થાય છે.

**પુષ્પ હિંડોળા :** ગુલાબ, ગલગોટા, મોગરો, જૂઈ અને ચંપા જેવાં તાજાં સુગંધી પુષ્પોથી સજાવેલા હિંડોળા.

**સૂકો મેવો અને ફળ:** કાજુ, બદામ, પિસ્તાં, એલાયચી, દ્રાક્ષ તથા ઋતુગત તાજાં ફળોમાંથી બનેલા હિંડોળા.

**શાકભાજી અને અનાજ:** વિવિધ શાકભાજી અને જુદા જુદા રંગના અનાજના દાણાઓને કલાત્મક રીતે ગોઠવીને બનાવેલા હિંડોળા.

**પવિત્ર દ્રવ્યો :** ચંદન, રાખડી, કંકુ, રેશમી દોરા (રાખી) અને પવિત્ર સૂતરના હિંડોળા.

**આધુનિક અને પર્યાવરણીય થીમ :** કાગળની કલા (ઓરિગામી), કાચ, ચોકલેટ, મોતી તેમજ પર્યાવરણ જાગૃતિ દર્શાવતી નેચરલ થીમવાળા હિંડોળા.



દરરોજ સંધ્યા કાળે જ્યારે નવા હિંડોળામાં ભગવાન વિરાજમાન થાય છે, ત્યારે દર્શન કરવા આવતા ભક્તો ભગવાનનું રૂપ જોઈને ભાવવિભોર બની જાય છે.

### વિવિધ સંપ્રદાયોમાં હિંડોળા ઉત્સવનું સ્વરૂપ

### વૈષ્ણવ પુષ્ટિમાર્ગ

પુષ્ટિમાર્ગમાં હિંડોળા ઉત્સવને સેવાનો અત્યંત કોમળ ભાગ માનવામાં આવે છે. અહીં ઠાકોરજી (શ્રીનાથજી કે બાલકૃષ્ણ)ને ભાવપૂર્વક ઝુલાવવામાં આવે છે. રાગ, ભોગ અને શૃંગારનો ત્રિવેણી સંગમ અહીં જોવા મળે છે. અષાઢ વદ એકાદશીથી શરૂ કરીને શ્રાવણના અંત સુધી દરરોજ અલગ-અલગ રાગમાં હિંડોળાનાં પદો ગવાય છે.

### સ્વામિનારાયણ સંપ્રદાય

સ્વામિનારાયણ મંદિરોમાં હિંડોળા ઉત્સવ ખૂબ જ ભવ્ય રીતે ઊજવવામાં આવે છે. ભગવાન સ્વામિનારાયણ પોતે વડતાલ, ગઢડા અને સારંગપુરમાં ભક્તો દ્વારા બનાવેલા વિવિધ હિંડોળામાં વિરાજમાન થઈને ઝૂલ્યા હતા. આજે પણ સ્વામિનારાયણ મંદિરોમાં યુવાનો અને હરિભક્તો અઠવાડિયાંઓ સુધી મહેનત કરીને અદ્ભુત કલાત્મક હિંડોળા તૈયાર કરે છે, જેને જોવા હજારો ભક્તોની ભીડ ઊમટે છે.

### વર્ષાઋતુ, પ્રકૃતિ અને હિંડોળા

અષાઢ અને શ્રાવણ એ પ્રકૃતિના પુનર્જન્મનો સમય છે. આ દિવસોમાં આકાશમાંથી વરસતી અમૃતધારા ધરતીને શાંત કરે છે. આ ઋતુમાં હિંડોળા ઉત્સવ માત્ર મંદિરો પૂરતો સીમિત ન રહેતાં લોકજીવન સાથે પણ વણાઈ ગયો છે. ઉત્તર ભારત અને ગુજરાતમાં આ દિવસોમાં બહેનો-બેટીઓ પણ ઝૂલા ઝૂલીને તીજ અને અષાઢી ઉત્સવોની ઉજવણી કરે છે.આ ઉત્સવ આપણને પ્રકૃતિ સાથે જોડે છે. વૃક્ષોની ડાળીએ ઝૂલા બાંધવાની પરંપરા પર્યાવરણ પ્રત્યેના આપણા પ્રેમ અને વૃક્ષોના જતનનો સંદેશ આપે છે.

### સ્થાન અને લીલા આધારિત હિંડોળાના પ્રકારો

હિંડોળાના એક મહિના (અષાઢ વદ બીજથી શ્રાવણ વદ બીજ) દરમિયાન ઠાકોરજીને અલગ-અલગ વ્રજલીલાના સ્મરણ અર્થે જુદા જુદા સ્થાનિક ભાવમાં પધરાવવામાં આવે છે. હિંડોળા ઉત્સવ દરમિયાન ઠાકોરજીને અલગ-અલગ ભાવ, લીલા, સ્થાન અને સાધનસામગ્રીના આધારે વિવિધ પ્રકારના હિંડોળામાં પધરાવવામાં આવે છે. હિંડોળાના કેટલાક મુખ્ય પ્રકારો વિશે જાણીએ.

### ભાવ અને વ્રજલીલા આધારિત હિંડોળા

**નંદાલય હિંડોળા :** ઉત્સવના પ્રારંભિક દિવસોમાં ભગવાનને પોતાના ઘર એટલે કે નંદભવનમાં સજાવેલા ભવ્ય હિંડોળામાં પધરાવવાનો ભાવ હોય છે. આ દર્શન વાત્સલ્ય અને ગૃહભક્તિનું પ્રતીક છે.

**કુંજ હિંડોળા :** ગોકુળ અને વૃંદાવનની લતા-કુંજો, કદંબનાં વૃક્ષો અને મનોહર બગીચાઓની વચ્ચે રેશમની દોરીઓથી વૃક્ષની ડાળીએ બાંધેલા હિંડોળાનો ભાવ પ્રગટ કરવામાં આવે છે.

**ગિરિરાજજી હિંડોળા :** અષાઢ માસ દરમિયાન ગિરિરાજ ગોવર્ધન પર્વત પર વૃક્ષો અને કુદરતી વાતાવરણની વચ્ચે શ્રીકૃષ્ણની લીલાઓને યાદ કરીને ગિરિરાજજીની પૃષ્ઠભૂમિ સાથે હિંડોળો સજાવવામાં આવે છે.

**શ્રાવણ-ભાદો (સાવન-ભાદો) હિંડોળા :** વર્ષાઋતુના મેઘધનુષી અને વાદળછાયા વાતાવરણનું સર્જન કરતો આ અત્યંત મનોહર પ્રકાર છે. તેમાં એક તરફ કાળાં વાદળો (શ્રાવણનું પ્રતીક) અને બીજી તરફ સફેદ વાદળો (ભાદરવાનું પ્રતીક) દર્શાવીને, વીજળીના કડાકા અને વરસાદી માહોલ વચ્ચે પ્રભુને ઝુલાવવામાં આવે છે.

**યમુના તટ હિંડોળા :** ઉત્સવના અંતિમ દિવસોમાં શ્રી યમુનાજીના પાવન કિનારે, કદંબની છાયા અને રેતીની વચ્ચે હિંડોળો બાંધ્યો હોય તેવો સુંદર ભાવ દર્શાવવામાં આવે છે.

**નાવ કે નૌકા હિંડોળા :** જળમાં તરતી હોડી કે નૌકાના આકારનો હિંડોળો બનાવીને યમુનાજીના જળમાં પ્રભુ વિહાર કરી રહ્યા હોય તેવો મનોરથ યોજવામાં આવે છે.

# બિલી બિશપ એરપોર્ટ વિવાદ: કેન્દ્ર અને ઓન્ટેરિયો સામસામે

## ફ્રિન્જ ગ્રુપ્સ આગળ ઝૂકવાનો કેન્દ્ર પર પ્રાંતનો આરોપ; રેલ પ્રોજેક્ટ પરથી સમર્થન પાછું ખેંચવાના ફોર્ડ સરકારના સંકેત

**ટોરોન્ટો**

ટોરોન્ટોના ડાઉનટાઉન સ્થિત 'બિલી બિશપ એરપોર્ટ' પર જેટ વિમાનોના લેન્ડિંગને મંજૂરી ન આપવાના કેન્દ્ર સરકારના નિર્ણયને પગલે ઓન્ટેરિયો અને કેનેડાની ફેડરલ (કેન્દ્ર) સરકાર વચ્ચે રાજકીય ઘર્ષણ ચરમસીમાએ પહોંચ્યું છે. ઓન્ટેરિયોના પરિવહન પ્રધાન પ્રભમીત સરકારિયાએ કેન્દ્ર સરકારના આ વલણની સખત ટીકા કરતાં જણાવ્યું છે કે, ફેડરલ સરકારે "ફ્રિન્જ ગ્રુપ્સ" (ચોક્કસ વિરોધી જૂથો)ના દબાણ સામે ઝૂકીને આ નિર્ણય લીધો છે.

સેન્ટ થોમસ ખાતે યોજાયેલી પત્રકાર પરિષદમાં આકરા પ્રહાર કરતા સરકારિયાએ કહ્યું હતું કે, "જો કેન્દ્ર સરકાર મોટા પ્રોજેક્ટ્સ સાથે આ પ્રકારનું વલણ અપનાવશે, તો દેશમાં નવા નિર્માણ કાર્યો શક્ય જ નહીં બને. આ સાથે તેમણે આ યોજના સાથે આગળ વધવાનો મક્કમ નિર્ધાર વ્યક્ત કર્યો હતો. કેન્દ્રના આ નિર્ણયના વિરોધમાં હવે ઓન્ટેરિયો સરકારે કેન્દ્રના ડ્રીમ પ્રોજેક્ટ 'અલ્ટો હાઈ-સ્પીડ રેલ' માટેનું પોતાનું સમર્થન પુનઃવિચારવાનું શરૂ કર્યું છે. માહિતગાર વર્તુળોના જણાવ્યા અનુસાર પ્રાંતના પ્રીમિયર ડગ ફોર્ડે વીકએન્ડ દરમિયાન વડા પ્રધાન સમક્ષ પોતાની ભારે નિરાશા અને નારાજગી વ્યક્ત કરી હતી.

ઉલ્લેખનીય છે કે, ૧૧ જેટલા એમપીપી (MPP) એ પણ અલ્ટો પ્રોજેક્ટ પર સવાલો ઉઠાવતું સંયુક્ત નિવેદન બહાર પાડ્યું છે. અગાઉ આ પ્રોજેક્ટને સમર્થન આપનાર ફોર્ડ સરકારે કિંગ્સ્ટનમાં વધારાનો સ્ટોપ રાખવા પણ સૂચન કર્યું હતું, પરંતુ હવે આખી યોજના સામે પ્રશ્નાર્થ ચિહ્ન ખડું થઈ ગયું છે. બીજી તરફ, ફેડરલ ટ્રાન્સપોર્ટ મંત્રી સ્ટીવન મેકકિનને સોશિયલ મીડિયા પર જાહેરાત કરી હતી કે સરકાર એરપોર્ટની માત્ર "મંજૂર સલામતી સુધારણા" પર ધ્યાન કેન્દ્રિત કરશે. તેમણે દાવા સાથે ઉમેર્યું કે જાહેર સર્વેક્ષણમાં ૮૭ ટકા લોકોએ જેટ વિમાનોની મંજૂરીનો વિરોધ કર્યો હતો. જોકે, સિનિયર લિબરલ સૂત્રોના જણાવ્યા અનુસાર આ નિર્ણય પાછળ રાજકીય ગણતરીઓ જવાબદાર છે. ૩૧ ઓગસ્ટના રોજ 'બીચેસ-ઈસ્ટ યોર્ક' રાઈડિંગમાં યોજાનારી પેટાચૂંટણીમાં પોતાની બેઠક જાળવી રાખવા માટે કેન્દ્ર સરકારે આ નિર્ણય લીધો હોવાનું મનાય છે.

ક્લાસીફાઈડ
Classified

STUDENTS PART TIME OR FULL TIME REQUIRED
For Warehouse Associate
For Further Information And Applications
Direct Interested Candidates To Contact Us At
Tradetechnocrats@Gmail.Com

## ૧૫મી ઓગસ્ટની રાજ્યકક્ષાની ઉજવણી અમરેલી ખાતે થશે

ગાંધીનગર : આગામી ૧૫મી ઓગસ્ટ સ્વાતંત્ર્ય પર્વની રાજ્યકક્ષાની ઉજવણી માટે રાજ્ય સરકારે તૈયારીઓ આરંભી દીધી છે. આ વર્ષે રાજ્યકક્ષાનો સ્વાતંત્ર્ય પર્વનો મુખ્ય કાર્યક્રમ અમરેલી જિલ્લામાં યોજાવા જઈ રહ્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અમરેલી ખાતે રાષ્ટ્રધ્વજ લહેરાવીને ધ્વજવંદન કરાવશે.

# રાજકોટમાં આંગડિયા પેઢીના ૧૯ લાખની લૂંટ કરી લૂંટારૂઓ ફરાર

**રાજકોટ**

રાજકોટ પોલીસ દ્વારા ગેરકાયદેસર હથિયારો ઝડપી વેપન કાર્ટેલની કમર તોડી છે. જાકે ગુરુવારે સવારે ૧૦:૩૦ વાગ્યા આસપાસ શહેરના સામાકાંઠે આવેલા પટેલવાડી નજીક પ્રાઈમ એન્ટરપ્રાઈઝ નામની આંગડિયા પેઢીમાં બે શખ્સો ઘૂસે છે અને આંગડિયા પેઢીના કર્મચારી અલકેશ દવે સાથે ઝપાઝપી કરે છે. ટેબલ પર રહેલો ૧૯ લાખનું બેગ લઈને ફરાર થઈ જાય છે.

ફરિયાદી અલકેશ દવેએ જણાવ્યું હતું કે, હજુ તો આંગડિયા પેઢીની ઓફિસ ખોલી અગરબત્તી કરતો હતો. ત્યાં બે શખ્સો આવે છે અને આંગળિયું કરવું છે કહીને ટેબલ નજીક આવી જાય છે. મારી સાથે ઝપાઝપી કરે છે અને બંદૂક બતાવી લૂંટ કરી નાસી જાય છે. મારી દુકાનમાં ૩ સીસીટીવી કેમેરા છે. પોલીસે જણાવ્યું હતું કે, પટેલવાડી નજીક પ્રાઈમ એન્ટરપ્રાઈઝ નામની આંગડિયા પેઢીમાં બે શખ્સો આવ્યા હતા. જે કર્મચારી સાથે ઝપાઝપી કરે છે અને લૂંટ ચલાવી ફરાર થઈ જાય છે. અંદાજીત ૧૯ લાખ રૂપિયાની લૂંટ થઈ છે.

સીસીટીવી ફૂટેજ આધારે તપાસ શરૂ કરી છે. શહેરના અલગ અલગ વિસ્તારોમાં નાકાબંધી કરી શોધખોળ શરૂ કરી છે.

# કેન્દ્ર અને અલ્બર્ટા વચ્ચે કરાર: હાઉસિંગ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે કરોડો ડોલરનું ફંડ જાહેર

## નગરપાલિકાઓમાં પાણી, ગટર અને નવા આવાસ પ્રોજેક્ટ્સને મળશે વેગ

**અલ્બર્ટા**

અલ્બર્ટામાં ઝડપથી વધી રહેલી વસ્તી અને મકાનોની અછતને પહોંચી વળવા માટે કેન્દ્ર (ફેડરલ) અને અલ્બર્ટા સરકાર વચ્ચે એક મહત્વપૂર્ણ કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. આ કરાર હેઠળ પ્રાંતભરની નગરપાલિકાઓને પાણી, ગંદા પાણીના નિકાલ (ઈન્ફ્રાસ્ટ્રક્ચર) અને નવા હાઉસિંગ ડેવલપમેન્ટને પ્રોત્સાહન આપવા માટે કરોડો ડોલરની નાણાકીય સહાય મળશે.

વડાપ્રધાન માર્ક કાર્ને અને અલ્બર્ટાના પ્રીમિયર ડેનિયલ સ્મિથે રેડ ડીયર ખાતે સંયુક્તપણે 'કેનેડા-અલ્બર્ટા હાઉસિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ' કરારની જાહેરાત કરી હતી. આ કરાર હેઠળ અલ્બર્ટાની નગરપાલિકાઓને આગામી આઠ વર્ષમાં 'કેનેડા હાઉસિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ' (CHIF)માંથી $૫૧૦ મિલિયન (૫૧ કરોડ ડોલર) મળશે. આ ઉપરાંત, અલ્બર્ટા સરકાર પાત્ર પ્રોજેક્ટ્સ માટે $૪૨૮ મિલિયન સુધીનું વધારાનું યોગદાન આપશે. વડાપ્રધાન કાર્ને જણાવ્યુ હતું કે, આ રોકાણથી માત્ર આવાસ જ નહીં બને, પરંતુ દર વર્ષે એન્જિનિયરો, પાઈપ ફિટર્સ, ઈલેક્ટ્રિશિયન અને પ્લમ્બર્સ જેવા ૭૫૦ કુશળ કારીગરો માટે રોજગારીની તકો પણ ઊભી થશે. આ રકમમાંથી ઓછામાં ઓછા $૧૦૦ મિલિયન ગ્રામીણ અને સ્વદેશી સમુદાયો (ફર્સ્ટ નેશન્સ, ઈન્યુટ અને મેટિસ) ના વિકાસ માટે ફાળવાશે. અલ્બર્ટાના પ્રીમિયર ડેનિયલ સ્મિથે આ કરારને અત્યંત મહત્વનો ગણાવતા કહ્યું હતું કે, "પ્રાંતમાં વસ્તીનો દરો ઝડપથી વધી રહ્યો છે. 'રેપિડ પોપ્યુલેશન ગ્રોથ'ના કારણે આવાસ ક્ષેત્રે સર્જાયેલા દબાણને હળવું કરવા માટે મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચર જરૂરી હતું, જે આ ફંડ દ્વારા શક્ય બનશે."

# 1.56 કરોડનું જમીન કૌભાંડ: જાણીતા બિલ્ડર ઉમંગ ઠક્કરની સુરતના ખોલવડથી ધરપકડ

**સુરત**

ખોલવડ રિયલ એસ્ટેટ ફ્રોડ કેસમાં સુરતની કામરેજ પોલીસે મોટી કાર્યવાહી કરતા અમદાવાદના જાણીતા બિલ્ડર અને 'પતંગ હોટેલ'ના માલિક ઉમંગ ઠક્કરની ધરપકડ કરી છે. 'સત્ય સંકલ્પ બિલ્ડકોન એલએલપી'ના ભાગીદારો નીલ ઠક્કર અને કાંથા ઠક્કર સામે પણ ગુનો નોંધવામાં આવ્યો છે. આ આરોપીઓએ વર્ષો પહેલા અન્ય વ્યક્તિને ટ્રાન્સફર કરી દેવાયેલો પ્લોટ સ્થાનિક ખરીદદારને વેચીને છેતરપિંડી આચરી હતી. અમદાવાદ અને સુરતમાં અલગ-



અલગ જગ્યાએ દરોડા પાડ્યા બાદ પોલીસ ટીમે આ બિલ્ડરને શોધી કાઢીને ઝડપી લીધો હતો. આ પ્રોજેક્ટના સમગ્ર ફાઈનાન્શિયલ ફૂટપ્રિન્ટની ઊંડાણપૂર્વક તપાસ કરવા માટે હાલ આરોપી પોલીસ કસ્ટડીમાં છે. આ ધરપકડ સુરતના 36 વર્ષીય રહેવાસી પુષ્પકભાઈ દિનેશભાઈ પટેલ દ્વારા નોંધાવવામાં આવેલી વિગતવાર ફોજદારી ફરિયાદના આધારે કરવામાં આવી છે. વર્ષ 2025માં આરોપીઓએ હોર્ડિંગ્સ અને પ્રિન્ટ એડવર્ટાઈઝમેન્ટ્સ દ્વારા ખોલવડ ગામમાં 'સહજાનંદ નિર્વાણ' નામના એફોર્ડેબલ પ્લોટિંગ વેન્ચરનું આક્રમક રીતે માર્કેટિંગ કર્યું હતું. પ્રમોશનલ પીચ અને ઉમંગ ઠક્કર સાથેની સીધી ટેલિફોનિક વાતચીતથી પ્રેરાઈને પુષ્પકભાઈ પટેલે તેમની પત્નીના નામે પ્લોટ બુક કરાવ્યો હતો અને અલગ-અલગ ઈન્સ્ટોલમેન્ટમાં $65.59 લાખ ટ્રાન્સફર કર્યા હતા. જો કે, રેકોર્ડ્સ પરથી જાણવા મળ્યું કે આ જમીન વર્ષ 2018માં જ દીપકભાઈ નાગજીભાઈ પટેલ નામના અન્ય ખરીદદારને વેચી દેવામાં આવી હતી.

# લોન ચૂકવવા સાળીએ બહેનના ઘરમાં જ કરી રૂા. ૬૦ લાખની ચોરી

**અમદાવાદ**

ઇસનપુરના રોયલ નવાબ ફ્લેટમાં રહેતા નદીમ મિયા બાગબાન ૨૬ જુલાઈના રોજ પરિવાર સાથે બહાર જમવા ગયા હતા. આ દરમિયાન આશરે બે કલાકના સમયગાળામાં આરોપી મહિલા ઘરમાં પ્રવેશી હતી. તેણે તિજારી તોડી રોકડ તેમજ ૫૦ તોલા સોનાના દાગીના મળી કુલ ૬૦ લાખથી વધુની મત્તાની ચોરી કરી હતી. પરિવાર ઘરે પરત ફર્યો ત્યારે તિજારીની બહાર કેટલાક દાગીના વેરવિખેર પડેલા જાવા મળ્યા હતા, જેના આધારે ચોરીની જાણ પોલીસને કરવામાં આવી હતી. ઘરના મુખ્ય દરવાજા પર ડિજિટલ સ્માર્ટ લોક હોવા છતાં તેમાં કોઈ તોડફોડના નિશાન ન મળતાં પોલીસને શરૂઆતથી જ શંકા હતી કે ચોરી કોઈ પરિચિત વ્યક્તિએ કરી હશે. ત્યારબાદ પોલીસે ડોગ સ્ક્વોડ, ફિંગરપ્રિન્ટ નિષ્ણાતો અને ટેકનિકલ તપાસની મદદથી પુરાવા એકત્ર કર્યા. તપાસ દરમિયાન ફરિયાદીની સાળી ફરહાનાજ નાસીર ખાન પઠાણની સંડોવણી સામે આવી હતી. શરૂઆતમાં તેણે ગુનાનો ઇનકાર કર્યો હતો, પરંતુ સઘન પૂછપરછ દરમિયાન આખરે તેણે ચોરીની કબૂલાત કરી હતી. પોલીસ તપાસમાં વધુમાં જાણવા મળ્યું કે આરોપી મહિલાએ નવું મકાન ખરીદવા માટે ૧૪ લાખની લોન લીધી હતી.

# વલસાડના ભિલાડ સ્ટેશન પર વિરાર-ભરૂચ મેમુ ટ્રેનનું એન્જિન પાટા પરથી ઊતરી પડ્યું

**વલસાડ**

વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકામાં આવેલા ભિલાડ રેલવે સ્ટેશન પર 28મી જુલાઈએ વહેલી સવારે એક મોટી દુર્ઘટના ટળી હતી. વિરારથી ભરૂચ તરફ જતી મેમુ (MEMU) ટ્રેન ભિલાડ સ્ટેશનના પ્લેટફોર્મ નંબર-1 પર ઊભી રહે તે પહેલાં જ તેનું એન્જિન પાટા પરથી નીચે ઊતરી ગયું હતું. આ ઘટનાને પગલે સ્ટેશન પર અને ટ્રેનમાં સવાર મુસાફરોમાં ભારે અફરાતફરી મચી ગઈ હતી. બનાવની જાણ થતાં જ રેલવેના ઉચ્ચ અધિકારીઓ અને ટેકનિકલ ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી અને એન્જિનને ફરી પાટા પર લાવવાની કવાયત હાથ ધરી હતી. આ ઘટના ક્યા કારણોસર બની તે અંગે રેલવે તંત્ર દ્વારા તપાસ



શરૂ કરવામાં આવી છે. આ દુર્ઘટનાના કારણે મુંબઈ તરફથી આવતો અને જતો રેલ વ્યવહાર ખોરવાયો હતો. જેને પગલે અનેક ટ્રેનો મોડી પડી હતી.

# જેતપુરમાં ભાદર નદીના ચેકડેમમાં ન્હાવા પડેલા ૨ યુવાનોના ડૂબી જવાથી કરૂણ મોત

**રાજકોટ**

રાજકોટ જિલ્લાના જેતપુર તાલુકામાં એક અત્યંત હૃદયકંપક દુર્ઘટના સામે આવી છે. જેતપુરના ખીરસરા રોડ પર આવેલી ભાદર નદીના નાર પાટ ચેકડેમમાં ન્હાવા પડેલા ૨ યુવાનોના પાણીમાં ડૂબી જવાથી કરૂણ મોત નીપજ્યા છે. મળતી માહિતી અનુસાર, ૫ થી ૬ મિત્રોનું જૂથ ખીરસરા રોડ પર આવેલા નાર પાટ ચેકડેમ ખાતે ન્હાવા માટે આવ્યું હતું. તમામ મિત્રો પાણીમાં ઉતરીને ન્હાવાની મજા માણી રહ્યા હતા, તે દરમિયાન અચાનક ૨ યુવાનો પાણીના ઊંડાણમાં ગરકાવ થઈ ગયા હતા. પાણીનો અંદાજ ન રહેતા બંને યુવાનો ડૂબવા લાગ્યા હતા, જેના કારણે સાથે આવેલા અન્ય મિત્રોમાં ચીસાચીસ મચી ગઈ હતી.

પાણીમાં ડૂબી જવાથી જીવ ગુમાવનારા બંને યુવાનોની ઓળખ થઈ ગઈ છે. જેમાં એક ૨૦ વર્ષીય યુવાન વસીમ પરમાર અને અન્ય એક ૧૭ વર્ષીય સગીર કાદિર ડોઢિયાનો સમાવેશ થાય છે. નાની વયના આ બંને યુવાનોના અકાળે થયેલા અવસાનથી તેમના પરિવાર પર દુઃખનો પહાડ તૂટી પડ્યો છે.

ઘટના અંગે તાત્કાલિક જાણ કરવામાં આવતા જેતપુર નગરપાલિકાની ફાયર બ્રિગેડની ટીમ ઘટના સ્થળે દોડી આવી હતી. ફાયર વિભાગના જવાનો અને સ્થાનિક અનુભવી તરવૈયાઓની મદદથી ચેકડેમના ઊંડા પાણીમાં શોધખોળ હાથ ધરવામાં આવી હતી.

# મોદીની પોસ્ટ હટાવવા બદલ IT વિભાગે મેટાને સમન્સ પાઠવ્યું

## સર્વોચ્ચ અદાલતના વકીલે નોંધાવી ફરિયાદ, ગંભીર કલમો હેઠળ FIR નોંધાઈ, યુવતી અને પરિવારજનોની શોધખોળ શરૂ ચાલુ

**નવી દિલ્હી**

દિલ્હીના જંતર-મંતર ખાતે યોજાયેલા વિરોધ પ્રદર્શન દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિરુદ્ધ વિવાદાસ્પદ અને આપત્તિજનક ટિપ્પણી કરવાના મામલે હવે કાયદાકીય સકંજો કસાયો છે. વાયરલ વીડિયોના આધારે યુવતી સામે પોલીસ ફરિયાદ નોંધવામાં આવી છે

દિલ્હીમાં 23 જુલાઈના રોજ CJPના નેજા હેઠળ યોજાયેલા વિદ્યાર્થી આંદોલનમાં મોટી સંખ્યામાં યુવાનો એકઠા થયા હતા. આ પ્રદર્શન દરમિયાન એક યુવતીનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો, જેમાં તે દેશના વડાપ્રધાન વિરુદ્ધ જાહેર મંચ પરથી આપત્તિજનક અને અભદ્ર ભાષાનો ઉપયોગ કરતી જોવા મળી હતી. આ વિવાદાસ્પદ વીડિયો સામે આવ્યા બાદ ભારે વિરોધ જોવા મળ્યો હતો. ગાઝિયાબાદના રહેવાસી અને સુપ્રીમ કોર્ટના મહિલા વકીલ સ્મૃતિ સિંહે આ મામલે સત્તાવાર ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં આરોપ મૂકવામાં આવ્યો છે કે, યુવતીનું આ કૃત્ય માત્ર એક વ્યક્તિગત ટિપ્પણી નથી, પરંતુ દેશના સર્વોચ્ચ બંધારણીય પદની ગરિમાને ઠેસ પહોંચાડવાનો અને જાહેર શાંતિ ભંગ કરવાનો પ્રયાસ છે. આ ફરિયાદના આધારે પોલીસે ગુનો દાખલ કર્યો છે. આ ઘટના જંતર-મંતર વિસ્તારની હોવાથી સમગ્ર કેસની તપાસ દિલ્હી પોલીસના સંસદ માર્ગ પોલીસ મથકને સોંપવામાં આવી છે. આરોપી યુવતી મૂળ ફરીદાબાદની રહેવાસી છે અને બ્યૂટી પાર્લર ચલાવે છે. તેણે ચાલુ વર્ષે જાન્યુઆરીમાં નોઈડામાં એક ફ્લેટ પણ ખરીદ્યો હતો. જોકે, ઘટના બાદથી યુવતી અને તેના પરિવારજનો પોતાના નિવાસસ્થાનેથી ગાયબ છે. દિલ્હી પોલીસ હાલ તેમની શોધખોળ કરી રહી છે.

# વિદ્યાર્થીઓ પર ગોળીબારનો આદેશ આપનારા અમિત શાહને હટાવો : રાહુલ ગાંધીનો હુંકાર

નવી દિલ્હી : દિલ્હીમાં ૨૦મી જુલાઈએ સંસદ તરફ માર્ચ દરમિયાન દિલ્હી પોલીસ દ્વારા વિદ્યાર્થીઓ પર બર્બર લાઠીચાર્જ કરાયો હતો જેમાં અનેક વિદ્યાર્થીઓ ઘાયલ થયા હતા. આ મુદ્દો હવે સંસદમાં ઉઠાવાયો છે વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ અમિત શાહને ગૃહમંત્રી પદેથી હટાવવા વડાપ્રધાન મોદી સમક્ષ માગણી કરી હતી, દેશભરમાં નીટ સહિતની પરીક્ષાઓના પેપર લીક મુદ્દે વિવાદ વચ્ચે કેન્દ્ર સરકાર દ્વારા આકરા દંડ અને સજાની જોગવાઈવાળા બિલને લોકસભામાં રજુ કરવામાં આવ્યું હતું, આ બિલને બુધવારે વિપક્ષના હોબાળા વચ્ચે ધ્વનિમતથી પસાર કરી દેવામાં આવ્યું હતું. હવે તેને રાજ્યસભામાં રજુ કરવામાં આવશે. આ દરમિયાન રાહુલ ગાંધીએ દાવો કર્યો હતો કે અમિત શાહે વિદ્યાર્થીઓ પર ફાયરિંગનો આદેશ આપ્યો હતો. તેમને તાત્કાલીક ગૃહમંત્રી પદેથી હટાવવામાં આવે.

# પશ્ચિમ બંગાળમાં બસ ડ્રાઈવર-પથ્થરનાં વેપારીનાં ઘરમાંથી 20 કરોડ રોકડ અને 15 કિલો સોનું જપ્ત

## ટુલ્લુનું નામ કરોડો રૂપિયાનાં પશુઓની દાણચોરીનાં કેસની સીબીઆઇ તપાસમાં સામે આવ્યું હતું

**સુરી**

પોલીસે બુધવારે પશ્ચિમ બંગાળનાં બીરભૂમ જિલ્લામાં એક ભૂતપૂર્વ સરકારી બસ ડ્રાઈવર અને હાલમાં પથ્થરનાં વેપારીનાં ઘરમાંથી ઓછામાં ઓછા ૨૦ કરોડ રૂપિયા રોકડા અને ૧૫ કિલો સોનું જપ્ત કર્યું છે. આ જપ્તીને પશ્ચિમ બંગાળમાં અત્યાર સુધી કરવામાં આવેલી સૌથી જપ્તી પૈકીની એક ગણવામાં આવી રહી છે.

પોલીસે જણાવ્યું હતું કે તેમણે દેઉચા ગામમાં મિનાર મંડલનાં બે માળનાં નિવાસસ્થાનમાંથી એક કિલોગ્રામ વજનનાં ૧૪ સોનાનાં બાર અને



૧૦૦ ગ્રામનાં ૧૦ સોનાનાં બિસ્કિટ જપ્ત કર્યા છે. જેની કીંમત હાલનાં ભાવે ૨૧.૫ કરોડ રૂપિયા થાય છે. મળતી માહિતી મુજબ રોકડ નોટોની ગણતરી ચાલુ જ હતી. છેલ્લી ગણતરી મુજબ રોકડ ચલણી નોટોનો આંક ૨૦ કરોડ રૂપિયાને પાર થઈ ગયો હતો.

જેના ઘરમાંથી રોકડ રકમ અને સોનું જપ્ત કરવામાં આવ્યું છે તેની ઓળખ મિનાર મંડલ તરીકે કરવામાં આવી છે. મિનાર મંડલ આ વિસ્તારનાં પથ્થરનાં મોટા વેપારી ટુલ્લુ મંડલની પત્નીનો ભાઈ છે. રોકડ રકમ ગણવા માટે નોટો ગણવાનાં પાંચ મશીનો મંગાવવામાં આવ્યા હતાં. ઉલ્લેખનીય છે કે મુખ્યપ્રધાન સુવેન્દુ અધિકારીએ ટુલ્લુ મંડલને રેતી માફિયા ગણાવ્યો હતો.

# ખાંડના ભાવ ન વધે તે માટે દેશભરની મિલોના સ્ટોકનું થશે ફિઝિકલ વેરિફિકેશન

**કટરા**

ખાંડની માંગમાં થનારા વધારાને ધ્યાનમાં રાખીને સરકારે કાળાબજારી અને સંગ્રહખોરી રોકવા માટે ખાંડના સ્ટોક પર કડક નજર રાખવાનો નિર્ણય કર્યો છે. 'ડિરેક્ટોરેટ ઓફ સુગર એન્ડ વેજીટેબલ ઓઈલ્સ' દ્વારા દેશની તમામ સુગર મિલોને આદેશ જારી કરવામાં આવ્યો છે. આ આદેશ મુજબ 1 થી 14 ઓગસ્ટ દરમિયાન કેન્દ્ર અને રાજ્ય સરકારના અધિકારીઓની સંયુક્ત ટીમો સુગર મિલોની રૂબરૂ મુલાકાત લઈને મિલોમાં હાજર ખાંડના વાસ્તવિક સ્ટોકનું ફિઝિકલ વેરિફિકેશન કરશે. તપાસ દરમિયાન જૂન 2026ના P-2 સ્ટોક રિટર્નને આધાર માનવામાં આવશે, અને ત્યારબાદ જુલાઈ મહિનામાં થયેલા વેચાણ અને ડિસ્પેચ સાથે વાસ્તવિક સ્ટોકની ચકાસણી કરવામાં આવશે.

# એમપીમાં ખેડૂતો-સરકારની બેઠક નિષ્ફળ, 60% મગની ખરીદીનો નિર્ણય પણ દેખાવો નહીં અટકાવાયા

## ખેડૂતોએ જાહેરાતોને માત્ર 'લોલીપોપ' સમાન ગણાવી, તમામ માંગણીઓ સ્વીકારવા કહ્યું

**ભોપાલ**

મધ્યપ્રદેશમાં લઘુત્તમ ટેકાના ભાવે મગની ખરીદીના મુદ્દે સરકાર અને ખેડૂતો વચ્ચેની લાંબી મંત્રણા અંતે નિષ્ફળ રહી છે. આશરે 3 કલાક સુધી ચાલેલી બેઠક બાદ રાજ્ય સરકારે ખેડૂતોને રાહત આપવાના હેતુથી ટેકાના ભાવે મગની ખરીદીની મર્યાદા 25 ટકાથી વધારીને 60 ટકા કરવાની મોટી જાહેરાત કરી હતી. શરૂઆતમાં બેઠકમાં ઉપસ્થિત કેટલાક ખેડૂત પ્રતિનિધિઓએ સરકારના આ નિર્ણય પ્રત્યે સંતોષ વ્યક્ત કર્યો હતો, પરંતુ બાદમાં સત્તાવાર રીતે કોઈ સહમતિ ન સધાઈ હોવાનું જણાવીને આંદોલન ચાલુ રાખવાનો નિર્ણય લીધો હતો. ખેડૂતોએ સરકારની આ જાહેરાતોને માત્ર 'લોલીપોપ' સમાન ગણાવી છે અને જ્યાં સુધી તેમની તમામ માંગણીઓ પૂરી નહીં થાય ત્યાં સુધી વિરોધ પ્રદર્શન સમેટી લેવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો છે.

આ મામલે રાજ્યના ખેડૂત કલ્યાણ મંત્રી ઐદલ સિંહ કંસાનાએ પત્રકાર પરિષદ યોજીને માહિતી આપી હતી કે, કેન્દ્ર સરકારે ચાલુ વર્ષે મધ્યપ્રદેશ માટે કુલ 4.45 લાખ મેટ્રિક ટન મગ ખરીદવાનું લક્ષ્ય નિર્ધારિત કર્યું છે. કેન્દ્રની અગાઉની ગાઈડલાઈન મુજબ કુલ ઉત્પાદનના માત્ર 25 ટકા જ ટેકાના ભાવે ખરીદી શકાતા હતા, જે મર્યાદા હવે ખેડૂતોના હિતમાં વધારીને 60 ટકા કરી દેવામાં આવી છે. સરકારના આ નિર્ણયથી નર્મદાપુરમ, સીહોર અને હરદા જેવા જિલ્લાઓના ખેડૂતોને પ્રતિ એકર આશરે 3 ક્વિન્ટલ સુધી ટેકાના ભાવનો સીધો લાભ મળશે.

# થોડા વરસાદમાં રામમંદિરના દરબારમાં પાણી ઘૂસી જતાં દર્શન બંધ કરી દેવાયા

## વરસાદથી મંદિર દરબારમાંથી પાણી પરિસરમાં ફેલાયું હતું

**અયોધ્યા**

અયોધ્યાના ભવ્ય રામ મંદિરના ગર્ભગૃહ અને પરિસરમાં વરસાદી પાણી ટપકવા અને ભરાવવાનો સિલસિલો મંગળવારે પણ ચાલુ રહ્યો હતો. ધોધમાર વરસાદ દરમિયાન રામ દરબાર તરફ જતી સીડીઓ પરથી પાણી વહીને જાણે કોઈ ઝરણું વહેતું હોય તેવા દ્રશ્યો સર્જાયા હતા. રામ દરબારમાંથી પાણી વહીને સીધું મંદિર પરિસરમાં ફેલાઈ જતાં શ્રદ્ધાળુઓને દર્શન કરવાથી રોકવામાં આવ્યા હતા. આટલી આધુનિક અને સુવ્યવસ્થિત રીતે નિર્મિત ભવ્ય મંદિરમાં વારંવાર પાણી ભરાવાની આ ઘટનાને લઈને ભારે ચિંતા પ્રવર્તી રહી છે, જો કે આ અંગે તંત્ર કે સત્તાધીશો તરફથી કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી.

મંગળવારે દર્શન કરીને બહાર આવેલા એક શ્રદ્ધાળુએ જણાવ્યું હતું કે, ભારે વરસાદ વચ્ચે તેઓ સામાન્ય સીડીઓથી રામ દરબાર તરફ દર્શનાર્થે જઈ રહ્યા હતા, ત્યારે વરસાદનું પાણી સીડીઓ પરથી વહીને પ્રાંગણ તરફ જઈ રહ્યું હતું, જેને પગલે સુરક્ષાકર્મીઓએ લોકોને આગળ જતા અટકાવ્યા હતા.

# લોકસભાની બેઠકો વધારીને 850 કરવી, એની જગ્યાએ ધારાસભ્યો વધારો : શશિ થરૂર

**લખનઉ**

નવા પરિસીમન હેઠળ લોકસભા સભ્યોની સંખ્યા 543થી વધારીને આશરે 824થી 850 કરવાની તૈયારીમાં છે. આ માટે સંસદમાં એક મહત્વપૂર્ણ બંધારણીય સુધારા બિલ લાવવાની પણ યોજના છે, જેના માટે સત્તાપક્ષને સંસદમાં મતદાન કરનારા સાંસદોના બે-તૃતિયાંશ બહુમતીના સમર્થનની જરૂર પડશે. આ તમામ અટકળો વચ્ચે કેરળના કોંગ્રેસ સાંસદ શશિ થરૂરે ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. તેમણે એક અંગ્રેજી અખબારમાં લેખ લખીને ચેતવણી આપી છે કે આ નવી વ્યવસ્થા ભારત ક્ષેત્રના લોકશાહી માળખાને નબળું કરી દેશે. વિશ્વની કોઈ પણ સ્થાપિત લોકશાહી પોતાની ધારાસભાને એટલી વિશાળ નથી બનાવતી કે જ્યાં અર્થપૂર્ણ ચર્ચા જ અશક્ય બની જાય.

**શિક્ષણ મંત્રીના રાજીનામા બાદ ફરી ગરમાયો માહોલ**

# અટકાયત કરાયેલા સાથીઓને છોડાવવા વિદ્યાર્થીઓ ફરી જંતરમંતર પહોંચી ગયા

**નવી દિલ્હી**

કેન્દ્રીય શિક્ષણ મંત્રીએ રાજીનામું આપ્યા બાદ કોકરોચ જનતા પાર્ટી (CJP) દ્વારા જંતર-મંતર ખાતે આટોપી લેવાયેલું આંદોલન ફરી એકવાર વેગ પકડી રહ્યું છે. CJPના અગાઉના વિરોધ પ્રદર્શનમાં મહત્વની ભૂમિકા ભજવનારા 'દિશા વિદ્યાર્થી સંગઠન'ના જેન ઝી યુવાનો સીધી રીતે રાજકીય પક્ષ સાથે જોડાયેલા ન હોવા છતાં, ફરીથી બેનરો સાથે જંતર-મંતર પર એકઠા થઈને સરકાર સામે સૂત્રોચ્ચાર કરી રહ્યા છે. આ વિદ્યાર્થીઓની મુખ્ય માંગ છે કે કસ્ટડીમાં લેવાયેલા તમામ યુવાનોને તાત્કાલિક મુક્ત કરવામાં આવે. આ ઉપરાંત, અગાઉ કોર્ટે આપેલા નિર્દેશ મુજબ વિદ્યાર્થીઓનો જે પણ ડેટા એકત્ર કરવામાં આવ્યો છે, તેને તાકીદે સરકારી સિસ્ટમના રેકોર્ડમાંથી કાયમ માટે હટાવી દેવામાં આવે. પ્રદર્શનમાં સામેલ એક વિદ્યાર્થિનીએ પીટીઆઈને માહિતી આપતા જણાવ્યું હતું કે, તેઓ અહીં 36 દિવસ સુધી અડગ રહ્યા હતા. તેમણે સરકારની નીતિ પર રોષ ઠાલવતા કહ્યું કે, પહેલા વિદ્યાર્થીઓ પર લાઠીચાર્જ કરાય છે,

# મલ્લિકાર્જૂન વિરુદ્ધ વોરંટ જારી, 19 સપ્ટે. કોર્ટમાં હાજર થવું પડશે

**કટરા**

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગે વિરુદ્ધ પોલીસ વોરંટ જારી કરવામાં આવ્યું છે. આ મામલો કર્ણાટક વિધાનસભા ચૂંટણી દરમિયાન બજરંગ દળ અંગે તેમણે આપેલા નિવેદનનો છે. પંજાબના સંગરુર જિલ્લાની એક કોર્ટે વોરંટ જારી કરીને તેમને 19 સપ્ટેમ્બરે કોર્ટમાં હાજર રહેવાનો આદેશ આપ્યો છે. કોંગ્રેસ અધ્યક્ષ વિરુદ્ધ 15000 રૂપિયાનું જામીનપાત્ર વોરન્ટ જાહેર થયું છે, પરંતુ ખડગેએ જામીન મેળવવા માટે વ્યક્તિગત રીતે કોર્ટમાં હાજર રહેવું પડશે. એવામાં, કોંગ્રેસ અધ્યક્ષ કાનૂની ગૂંચવણમાં ફસાતા જોવા મળી રહ્યા છે. આ મામલો 2023નો છે, જ્યારે સંગરુરના રહેવાસી અને બજરંગ દળના સભ્ય હિતેશ ભારદ્વાજે ફરિયાદ દાખલ કરી હતી કે કર્ણાટક વિધાનસભા ચૂંટણી દરમિયાન મલ્લિકાર્જૂન ખડગેએ એક નિવેદન આપ્યું હતું.

# બેંકોએ મિનિમમ બેલેન્સના બહાને ગ્રાહકો પાસે રૂ.26,710 કરોડ વસૂલ્યા, રાજ્યસભામાં ખુલાસો

### દંડમાં સૌથી મોટો હિસ્સો ખાનગી બૅન્કોનો રહ્યો, HDFC બેન્ક પ્રથમ, એક્સિસ બેન્ક બીજા ક્રમે

**નવી દિલ્હી**

સરકારે સંસદમાં માહિતી આપતા જણાવ્યું છે કે છેલ્લા 4 નાણાકીય વર્ષો(FY23-FY26) માં બૅન્કોએ ગ્રાહકો પાસેથી મિનિમમ બેલેન્સ ન રાખવા બદલ કુલ 26,170 કરોડથી વધુનો દંડ વસૂલ્યો છે. આ દંડમાં સૌથી મોટો હિસ્સો ખાનગી બૅન્કોનો રહ્યો છે.

નાણા રાજ્ય મંત્રી પંકજ ચૌધરીએ રાજ્યસભામાં આપેલા લેખિત જવાબમાં જણાવ્યું કે માત્ર FY26માં જ બૅન્કોએ 7,086.63 કરોડનો દંડ વસૂલ્યો હતો, જેમાં પ્રાઈવેટ બૅન્કોએ 4,948.71 કરોડ અને સરકારી બૅન્કો (PSBs)એ 2,137.92 કરોડ વસૂલ કર્યા છે. ખાનગી બૅન્કોની વાત કરીએ તો HDFC બૅન્કે FY26માં 1,798.14 કરોડનો સૌથી વધુ દંડ વસૂલ્યો છે. ત્યારબાદ એક્સિસ બૅન્ક બીજા ક્રમે રહી છે, જેણે 1,081.33 કરોડની વસૂલાત કરી છે. આ બંને બૅન્કોએ મળીને પ્રાઈવેટ બૅન્કો દ્વારા વસૂલવામાં આવેલા કુલ દંડનો આશરે 58% હિસ્સો વસૂલ્યો છે. આ ઉપરાંત, ICICI બૅન્કે 353.50 કરોડ, કોટક મહિન્દ્રા બૅન્કે 290.65 કરોડ, યસ બૅન્કે 195.05 કરોડ અને IDBI બૅન્કે 175.15 કરોડનો દંડ ગ્રાહકો પાસેથી વસૂલ કર્યો છે. જાહેર ક્ષેત્રની(સરકારી) બૅન્કોમાં SBI એ 477.27 કરોડનો સૌથી વધુ દંડ નોંધાવ્યો છે. જોકે, સરકારે સ્પષ્ટ કર્યું છે કે આ રકમ માત્ર કરંટ એકાઉન્ટ્સ સાથે સંબંધિત છે, કારણ કે માર્ચ 2020થી SBIએ સેવિંગ્સ એકાઉન્ટ્સ પર મિનિમમ બેલેન્સ ન રાખવાનો દંડ સંપૂર્ણપણે નાબૂદ કરી દીધો છે. SBI પછી બેન્ક ઑફ બરોડાએ 394.10 કરોડ અને ઈન્ડીયન બૅન્કે 299.17 કરોડનો દંડ વસૂલ્યો છે.

# ઈન્ટરપોલની રેડ નોટિસ બાદ ફિજીમાં આરોપી ઝડપાયો, હવે ભારત લાવી તપાસ આગળ વધશે

**કટરા**

સેન્ટ્રલ બ્યુરો ઑફ ઈન્વેસ્ટિગેશન (CBI)એ વિદેશ મંત્રાલય, ગૃહ મંત્રાલય અને મહારાષ્ટ્ર પોલીસના સંકલિત પ્રયાસોથી કરોડોની રોકાણ છેતરપિંડીના કેસમાં વોન્ટેડ ફરાર આરોપી રાહુલ શામરાવ કાલોખેને ફિજીમાંથી ભારત પરત લાવવામાં સફળતા મેળવી છે. આરોપીએ ઊંચા અને નિશ્ચિત નફાની લાલચ આપી વિવિધ યોજનાઓમાં રોકાણકારો પાસેથી કરોડો રૂપિયા વસૂલ્યા બાદ નાણાંનો વ્યક્તિગત લાભ માટે ઉપયોગ કર્યો હતો. ફરાર થયા પછી ઈન્ટરપોલ મારફતે રેડ નોટિસ જાહેર કરાઈ હતી. ફિજીમાં ધરપકડ બાદ તમામ કાનૂની પ્રક્રિયા પૂર્ણ થતાં CBIની એસ્કોર્ટ ટીમ આરોપીને 30 જુલાઈ, 2026ના રોજ સુરક્ષિત રીતે ભારત પરત લાવી હતી.

# પતિની હત્યારી સોનમે કર્યું સરન્ડર SCની ટિપ્પણી બાદ ફરી પહોંચી જેલ

### દોષિતોને સજા મળશે, સુનાવણી મહત્વપૂર્ણ તબક્કામાં

**સિલોંગ**

મેઘાલયના ચર્ચિત હનીમૂન મર્ડર કેસમાં મુખ્ય આરોપી સોનમ રઘુવંશીએ 28 જુલાઈએ સરેન્ડર કર્યું છે. આ પહેલાં સુપ્રીમ કોર્ટે તેના જામીન રદ કરીને ત્રણ અઠવાડિયામાં આત્મસમર્પણ કરવાનો આદેશ આપ્યો હતો. કોર્ટે નોંધ્યું હતું કે પ્રથમ દૃષ્ટિએ સોનમ જામીન મેળવવા પાત્ર નહોતી.

સુપ્રીમ કોર્ટે નોંધ્યું કે કેસની સુનાવણી હાલમાં મહત્વપૂર્ણ તબક્કામાં છે, તેથી આરોપીને જામીન આપવું યોગ્ય નથી. જોકે કોર્ટે એ પણ જણાવ્યું કે જો આગામી છ મહિનામાં ટ્રાયલ પૂર્ણ નહીં થાય તો આરોપી કાયદા મુજબ ફરીથી જામીન માટે અરજી કરી શકશે.

આ દરમિયાન મૃતક રાજા રઘુવંશીના ભાઈ વિપિન રઘુવંશીએ સુપ્રીમ કોર્ટના નિર્ણયનું સ્વાગત કર્યું છે. કેસનો ટ્રાયલ ઝડપથી પૂર્ણ થશે અને તમામ દોષિતોને કડક સજા મળશે. આ કેસ દેશભરમાં ચર્ચાનો વિષય બન્યો હતો અને હવે તેની કાનૂની કાર્યવાહી પર સૌની નજર ટકેલી છે.

# જયપુરની ઘટના : ત્રીજી પુત્રી થતા હોસ્પિટલમાં જ બાપે 13 કલાકની માસૂમની કરી નાખી હત્યા

### હોસ્પિટલની સુરક્ષા વ્યવસ્થા પર ઉઠ્યા ગંભીર સવાલો, પોલીસ હરકતમાં આવી

**જયપુર**

જયપુરના દિલ્હી-જયપુર હાઈવે પર આવેલી NIMS હોસ્પિટલમાં એક અત્યંત હૃદયદ્રાવક ઘટના બની છે, જ્યાં એક પિતાએ પુત્રની ચાહતમાં પોતાની માત્ર ૧૩ કલાકની નવજાત બાળકીની ગળું દબાવીને હત્યા કરી નાખી. આ ઘાતકી ઘટના બાદ પોલીસે ૩૪ વર્ષીય આરોપી પિતા રવિ કુમાર યાદવની અટકાયત કરી છે. પૂછપરછમાં તેણે પોતાનો ગુનો કબૂલ કરી લીધો છે.

મળતી માહિતી મુજબ, નીમરાનામાં સિક્યુરિટી ગાર્ડ તરીકે કામ કરતા રવિએ ૨૭ જુલાઈએ પત્ની કોમલને ડિલિવરી માટે દાખલ કરી હતી. ૨૮ જુલાઈએ બપોરે ૨ વાગ્યે સીઝેરિયન ઓપરેશનથી બાળકીનો જન્મ થયો હતો. દંપતીને અગાઉથી જ બે પુત્રીઓ છે, અને ત્રીજી પણ પુત્રી જન્મતા આરોપી પિતા ભારે નિરાશ અને પરેશાન હતો.

ઓપરેશન બાદ પત્ની ICUમાં દાખલ હતી, ત્યારે મધ્યરાત્રિએ બાળકી પિતા પાસે હતી. રાત્રે ૩ વાગ્યા સુધી બાળકીનો રડવાનો અવાજ આવતો હતો, પરંતુ અચાનક અવાજ બંધ થતાં નર્સિંગ સ્ટાફને શંકા ગઈ. તપાસ કરતાં બાળકી મૃત હાલતમાં મળી હતી.

નર્સિંગ સ્ટાફ સભ્ય સુનિતા શર્માની ફરિયાદના આધારે ચંદવાજી પોલીસ સ્ટેશનમાં પિતા વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધાયો છે. આ બનાવ પછી હોસ્પિટલની સુરક્ષા વ્યવસ્થા પર પણ ગંભીર સવાલો ઉભા થયા છે. સ્ટેશન ઓફિસર રાજવીર સિંહે જણાવ્યું છે કે પોલીસ ખૂબ સઘન તપાસ કરી રહી છે.

# ICMRના અભ્યાસમાં મોટો ખુલાસો : ગુજરાત સહિત 8 રાજ્યોમાં ડેન્ગ્યુ 4 સ્ટ્રેન સાથે સક્રિય

### હાલમાં ભારતમાં ડેન્ગ્યુને નાબૂદ કરવા માટે વેક્સીન લાવવા તૈયારીઓ પૂરજોશમાં

**નવી દિલ્હી**

ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ દ્વારા કરાયેલા અભ્યાસમાં ડેન્ગ્યુ અંગે માહિતી સામે આવી છે. આ રિપોર્ટ મુજબ, હાલમાં ગુજરાત સહિત દેશના કુલ 8 રાજ્યોમાં ડેન્ગ્યુના ચારેય સ્ટ્રેન એકસાથે ફેલાઈ રહ્યા છે. દેશના આ રાજ્યોમાં એક જ સમયે ડેન્ગ્યુના તમામ સ્ટ્રેન સક્રિય જોવા મળતા સ્થાનિક લોકો પર મચ્છરજન્ય બીમારીનો ગંભીર ખતરો તોળાઈ રહ્યો છે. આ ઘાતક બીમારી સામે રક્ષણ મેળવવા માટે દેશમાં



મેડિકલ સ્તરે સઘન પ્રયાસો પણ કરવામાં આવી રહ્યા છે. હાલમાં ભારતમાં ડેન્ગ્યુ વિરોધી વેક્સીન લાવવા માટેની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે અને આગામી વર્ષ સુધીમાં આ રસી ઉપલબ્ધ થઈ જાય તેવી પ્રબળ સંભાવના છે. રસી આવ્યા બાદ આ રોગ પર વધુ સારી રીતે નિયંત્રણ મેળવી શકાશે તેવી અપેક્ષા રાખવામાં આવી રહી છે., જ્યાં સુધી આ વેક્સીન સત્તાવાર રીતે ઉપલબ્ધ ન થાય ત્યાં સુધી ચારેય સ્ટ્રેનનો સામનો કરી રહેલા ગુજરાત સહિતના 8 રાજ્યો માટે આ પરિસ્થિતિ એક મોટો પડકાર છે. આઈસીએમઆરના આ અભ્યાસ બાદ સ્પષ્ટ થઈ ગયું છે કે પ્રભાવિત રાજ્યોમાં ડેન્ગ્યુના સંક્રમણને વકરતું રોકવા માટે અત્યારથી જ વિશેષ સાવચેતી અને તકેદારી રાખવી અત્યંત આવશ્યક બની ગઈ છે.

# ટોલ બંધ નહીં થાય, ને.હાઇવે પર વસૂલાત યથાવત રહેશે : સરકાર

### ટોલની આવક હાઇવેના નિર્માણ-જાળવણીમાં ઉપયોગ થશે

**નવી દિલ્હી**

નેશનલ હાઈવે પર મુસાફરી કરતા વાહનચાલકો માટે સરકારે સ્પષ્ટ કર્યું છે કે દેશમાં ટોલ ટેક્સ બંધ કરવાનો કે ટોલ પ્લાઝા હટાવવાનો હાલ કોઈ પ્રસ્તાવ નથી. સંસદમાં સડક પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયે જણાવ્યું કે ખાનગી કંપનીઓ દ્વારા બનાવાયેલા રોડનો કરાર પૂર્ણ થયા બાદ તે સરકાર હસ્તક આવશે, પરંતુ નિયમો મુજબ ટોલ વસૂલાત ચાલુ રહેશે. સરકારી ફંડથી બનેલા નેશનલ હાઈવે પર પણ હાલની ટોલ વ્યવસ્થા યથાવત રહેશે.

સરકારે વ્હીકલ ટેક્સ અને ટોલ ટેક્સ વચ્ચેનો તફાવત પણ સમજાવ્યો. વ્હીકલ ટેક્સ વાહન ખરીદતી વખતે રાજ્ય સરકાર વસૂલે છે, જ્યારે ટોલ ટેક્સ નેશનલ હાઈવેના ઉપયોગ બદલ લેવામાં આવતી યુઝર ફી છે, જે 2008ના રાષ્ટ્રીય રાજમાર્ગ શુલ્ક નિયમો હેઠળ વસૂલવામાં આવે છે. ટોલમાંથી મળતી આવક ભારતની સંચિત નિધિમાં જમા થાય છે અને તેનો ઉપયોગ નેશનલ હાઈવેના સમારકામ, જાળવણી, રસ્તા પહોળા કરવા તેમજ નવા હાઈવેના નિર્માણ માટે કરવામાં આવે છે.

# ઘરમાં એક પછી એક નીકળ્યા 30 નાગના બચ્ચા, પરિવારજનોમાં ફફડાટ, સાપોને જંગલમાં છોડ્યા

**લખનઉ**

બર્ડપુર બ્લોકના કરીમપુર મહાપાલી ગામમાં અજય ગુપ્તાના ઘરમાંથી એક પછી એક નાગના બચ્ચા નીકળતાં પરિવાર અને ગામલોકોમાં ભયનો માહોલ ફેલાયો હતો. શરૂઆતમાં એક બચ્ચું દેખાયું હતું, પરંતુ બાદમાં સતત બચ્ચાં બહાર આવતાં સ્નેક કેચરને બોલાવવામાં આવ્યો હતો. તેણે ઘરની તપાસ દરમિયાન કુલ 30 નાગના બચ્ચા પકડી તેને સુરક્ષિત રીતે જંગલમાં છોડી દીધા હતા. પ્રાથમિક તપાસમાં ઘરના કોઈ ભાગમાં સાપનાં ઈંડાં ફૂટ્યાં હોવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. જોકે, બચ્ચાં ક્યા સ્થળેથી બહાર આવ્યાં તે જાણી શકાયું નથી. મોટી સંખ્યામાં લોકો સ્થળ પર ઉમટી પડ્યા હતા. એકસાથે આટલા નાગના બચ્ચા મળતાં સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી.

# આસામમાં પૂરથી 3.32 લાખ લોકો પ્રભાવિત, મૃત્યુ આંક 75એ પહોંચ્યો

**હૈદરાબાદ**

આસામમાં પૂરનો પ્રકોપ હજુ યથાવત છે. જેમાં છેલ્લા 24 કલાકમાં પૂર સંબંધિત ઘટનાઓમાં વધુ સાત લોકોના મોત થયા છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે ચોમાસાની ઋતુ દરમિયાન અત્યાર સુધીમાં પૂરની ઘટનાઓમાં 75 લોકોના મોત થયા છે. તેમજ 3.32 લાખ લોકો પૂરથી પ્રભાવિત થયા છે.

આ દરમિયાન સરકારે પૂરના મૃતકોના પરિવારો માટે સહાયની રકમ વધારીને રૂપિયા ૭ લાખ કરી છે. તેમજ વળતર મેળવવાના નિયમોમાં છૂટછાટ આપવામાં આવી છે. શિવસાગર, ગોલાઘાટ, જોરહાટ, ચરાઈદેવ, નાગાંવ, સોનિતપુર અને કામરૂપ મેટ્રોપોલિટ ન સાત જિલ્લાઓ પૂરની ઝપેટમાં છે. એકવીસ મહેસૂલ વર્તુળો અને 622 ગામો પ્રભાવિત થયા છે. જેમાં પૂરથી પ્રભાવિત લોકોની કુલ સંખ્યા 3.32 લાખ સુધી પહોંચી ગઈ છે. આસામમાં ચરાઈદેવ જિલ્લો સૌથી વધુ અસરગ્રસ્ત વિસ્તાર છે. જેમાં 1.42 લાખ લોકો અસરગ્રસ્ત છે. જ્યારે શિવસાગર જિલ્લામાં 97,094 લોકો અસરગ્રસ્ત છે. જોરહાટમાં 57,371 લોકો પૂરથી પ્રભાવિત છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, શિવસાગર જિલ્લાના નઝીરા મહેસૂલ વર્તુળમાં ગયા મંગળવારે સાત લોકોએ જીવ ગુમાવ્યા હતા.

# બોગસ દસ્તાવેજોથી ભારતીય પાસપોર્ટ મેળવવાના કેસમાં છોટા રાજનને 7 વર્ષની સજા

**કોલકાતા**

અંડરવર્લ્ડ ડોન છોટા રાજનને બોગસ દસ્તાવેજોના આધારે ભારતીય પાસપોર્ટ મેળવવાના કેસમાં દોષિત ઠેરવવામાં આવ્યો છે. ચેન્નાઈ સ્થિત સીબીઆઈ સ્પેશિયલ કોર્ટે આજે ચુકાદો આપતાં તેને 7 વર્ષની સખત કેદની સજા સંભળાવી છે. છોટા રાજન હાલ તિહાર જેલમાં આજીવન કેદની સજા ભોગવી રહ્યો છે. CBI ની તપાસમાં ખુલાસો થયો હતો કે, મુંબઈના સદાશિવના પુત્ર રાજેન્દ્ર ઉર્ફે છોટા રાજને પોતાની સાચી ઓળખ છુપાવીને "વિજય કદમ" ના નામે પાસપોર્ટ મેળવ્યો હતો. આ માટે તેણે સ્કૂલનું બોગસ ટ્રાન્સફર સર્ટિફિકેટ, રેશન કાર્ડ અને અન્ય રહેઠાણ તથા વય સંબંધિત બનાવટી દસ્તાવેજોને સાચા બતાવી પાસપોર્ટ સત્તાવાળાઓ સાથે છેતરપિંડી કરી હતી.

# ઈરાને ઉત્તરી કુવૈતમાં ચીની કંપનીને નિશાન બનાવી મિસાઈલોનો મારો કર્યો, એકનું મોત

## જોર્ડનમાં હુમલા બાદ વળતા પ્રહારમાં અમેરિકાએ IRGCના ઠેકાણા પર હુમલા કર્યા

**તહેરાન**

ઈરાને હવે પોતાના જ ઈન્ટરનેશનલ પાર્ટનર ચીનની ફર્મ પર હુમલો કર્યો છે. આ હુમલો કુવૈતમાં થયો છે. કુવૈતની સેનાએ જણાવ્યું કે ગુરુવારે સવારે ઈરાનના હુમલામાં ઉત્તરી કુવૈતમાં એક ચીની કંપનીની ઈમારતને નિશાન બનાવવામાં આવી, જેનાથી ઈમારત ખરાબ રીતે ક્ષતિગ્રસ્ત થઈ ગઈ અને એક કર્મચારીનું મોત થઈ ગયું. આ ઘટના જોર્ડનના એર ડિફેન્સ સિસ્ટમ દ્વારા ઈરાનથી છોડવામાં આવેલી પાંચ મિસાઈલોને તોડી પાડવામાં આવ્યાના થોડા કલાકો પછી બની છે. આ હુમલા ત્યારે થયા જ્યારે અમેરિકી સેનાએ કહ્યું કે તેણે 'ઈરાન વિરુદ્ધ હુમલાનો એક મોટો તબક્કો' પૂર્ણ કરી



લીધો છે. આ હુમલા જોર્ડનમાં અમેરિકન અડ્ડા પર ઈરાન દ્વારા અગાઉ કરવામાં આવેલા મિસાઈલ હુમલાના જવાબમાં કરવામાં આવ્યા હતા. સેન્ટ્રલ કમાન્ડે સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું કે અમેરિકાએ ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સના 'ડઝનબંધ' ઠેકાણાઓ પર હુમલા કર્યા હતા.

# સસ્તા ટૂર પેકેજની લાલચ ભારે પડી થાઈલેન્ડમાં ત્રણ ભારતીયનું અપહરણ

**બેંગકોક**

થાઈલેન્ડમાં રજાઓ ગાળવા ગયેલા ત્રણ ભારતીય યુવકોને કડવો અનુભવ થયો હતો. સસ્તા ટૂર પેકેજની લાલચમાં થાઈલેન્ડ પહોંચેલા આ ત્રણ યુવકોને એક ગેંગ દ્વારા બંધક બનાવી લેવામાં આવ્યા હતા. વધુમાં, તેમને મુક્ત કરવાના બદલામાં રૂપિયા 70 લાખની ખંડણી માંગવામાં આવી હતી.

આ ભારતીય યુવકોની ઓળખ મોહિત, આશિષ અને હિંમાશુ તરીકે થઈ છે, જેમની ઉંમર 20 થી 23 વર્ષની વચ્ચે છે. પટાયાના બેંગ લામંગ જિલ્લામાં આવેલા એક બે માળના મકાનમાં ભારતીય અને પાકિસ્તાની નાગરિકોની એક ગેંગે ત્રણેય યુવકોને એક અઠવાડિયા સુધી બંધક બનાવી રાખ્યા. આ ગેંગે ત્રણેય યુવકો પર વારંવાર શારીરિક અત્યાચાર ગુજાર્યો અને તેમના પરિવારજનો પાસેથી ફિરોતી માંગવા માટે મજબૂર કર્યા હતા.

આ ઘટનામાં મંગળવારે થાઈલેન્ડ પોલીસને મોટી સફળતા મળી હતી. જ્યારે અપહરણકારો થાઈલેન્ડ છોડીને ભાગવાની તૈયારીમાં હતા, ત્યારે બેંગકોકના ખલોંગ તાન વિસ્તારમાંથી પાંચ આરોપીની ધરપકડ કરવામાં આવી હતી.

# જાપાનમાં 7.1ની તીવ્રતાનો ભૂકંપ 18 નાગરિકોના કરૂણના મોત, 62 ગુમ

## 35 હજાર ઘરોમાં વીજળી ડુલ : 8800નું સ્થળાંતર



**કુમામોટો**

દક્ષિણ પશ્ચિમ જાપાનમાં આવેલા એક જોરદાર ભૂકંપ પછી બુધવારે સેનાનાં જવાનો અને ઈમરજન્સી કર્મચારીઓ ખરાબ રીતે ક્ષતિગ્રસ્ત શોપિંગ મોલ અને ધરાશયી મકાનોની તપાસ કરી રહ્યાં છે. આ ભૂકંપમાં અત્યાર સુધી ૧૮ લોકોનાં મોત થવાનાં સમાચાર મળ્યા છે.

સરકારે જણાવ્યું છે કે એક દિવસ પહેલા દક્ષિણી મુખ્ય દ્વીપ ક્યૂશૂનાં કુમામોટો વિસ્તારમાં આવેલ ૭.૧ તીવ્રતાવાળા ભૂકંપમાં ઓછામાં ઓછા ૬૨ લોકો ઘાયલ થયા છે જેમાં ૬ની સ્થિતિ ગંભીર છે.

જો કે આ સંખ્યા સતત વધી રહી છે. ખૂબ જ વધારે ગરમીને કારણે ગંભીર રીતે ઘાયલ થયેલા લોકોની ચિંતા વધી ગઈ છે. ભીષણ ગરમીથી બચાવ ટીમનાં સભ્યો પણ મુશ્કેલીનો સામનો કરી રહ્યાં છે. હજુ સુધી એ સ્પષ્ટ થયું નથી કે કેટલા લોકો લાપતા થયા છે. કાશિમા શહેરનાં એયોન મોલ શોપિંગ સેન્ટરમાં સૌથી વધારે નુકસાન થયું છે. ત્યાં ભૂકંપનાં સમયે હજારોની સંખ્યામાં લોકો હાજર હતાં.

કુમામોટો પ્રીફેકચુરલ ગવર્મેન્ટ ડિઝાસ્ટર ટીમ અનુસાર યાત્સુશિનોમાં નિપ્પોન પેપર ઈન્ડસ્ટ્રીઝ ફેક્ટરીમાં ચિમની પડી જવાથી પાંચ લોકોનાં મોત થયા છે. કાટમાળમાંથી વધુ સાત લોકોને બચાવવામાં આવ્યા છે.

કુમામોટો અધિકારીઓએ જણાવ્યું છે કે લગભગ ૩૪૯૦૦ મકાનોમાં હજુ પણ વિજળી નથી અને લગભગ ૧૫૦૦૦ ઘરોમાં પાણી નથી. ૮૮૦૦થી વધુ લોકો પોતાના ઘરો છોડીને ૪૦૦થી વધુ શેલ્ટરમાં રહી રહ્યાં છે.

ભૂકંપ પછી બુલેટ ટ્રેન સર્વિસ બંધ કરી દેવામાં આવી હતી. જે હજુ પણ બંધ છે. જો કે કુમામોટો એરપોર્ટ પર બુધવારથી ફલાઈટ શરૂ કરી દેવામાં આવી છે. કુમામોટોમાં ૨૦૧૬માં પણ ભૂકંપ આવ્યો હતો જેમાં ૫૦ લોકોનાં મોત થયા હતાં.

# રશિયન ઓઈલની ખરીદી બદલ ભારત ઉપર 100 ટકા ટેરિફની લટકતી તલવાર

## બિલ હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સની મંજૂરી મળ્યા પછી બિલ કાયદો બની અમલમાં આવી શકે

**વોશિંગ્ટન**

રસિયા પાસેથી ક્રૂડ ઓઈલની ખરીદી જારી રાખવાની કિંમત ભારતે અમેરિકાના ૧૦૦ ટકા ટેરિફના સ્વરૂપમાં ચૂકવી પડી શકે છે. અમેરિકન સેનેટે એક આવા બિલને ૮૬-૧૨થી મંજૂરી આપી દીધી છે. આ બિલ કાયદો બનતા જ અમેરિકન પ્રમુખ ટ્રમ્પને રશિયા પાસેથી ઓઈલ-ગેસ ખરીદનારા દેશો પર ૧૦૦ ટકા ટેરિફ લગાવવાનો અધિકાર મળી શકે છે. આ બિલનો હેતુ રશિયાની ઓઈલ-ગેસના વેચાણમાંથી થતી કમાણી ઘટાડીને તેના પર યુક્રેન યુદ્ધ રોકવા માટે દબાણ લાવવાનો કહેવાય છે. આ બિલને અમેરિકાના દિવંગત સેનેટર લિન્ડસે ગ્રેહામે બનાવ્યું હતું. તે યુક્રેનના પ્રબળ સમર્થક મનાતા હતા. તેમના નિધન પછી આ બિલ આગળ લંબાવવામાં આવ્યું અને અમેરિકન સંસદની આગામી પ્રક્રિયા માટે વધી ચૂક્યું છે.

ભારત પર તાત્કાલિક ટેરિફ લાગશે, પણ તે પ્રમુખને ૧૦૦ ટકા સુધીનો ટેરિફ સમય અને સંજોગો મુજબ લગાવવાનો અધિકાર આપશે. આમ ટેરિફ લગાવવો છે કે નથી લગાવવો કે કેટલો લગાવવો છે તેનો નિર્ણય પછી પરિસ્થિતિઓના આધારે કરવામાં આવશે. પ્રમુખ ટ્રમ્પે પણ આ બિલનું સમર્થન કર્યુ હતુ. તેમણે તેમા ઈરાન સાથે જોડાયેલા પ્રતિબંધ પણ સામેલ કરવાની માંગ કરી હતી, જેનો સમાવેશ કરી લેવાયો છે. હવે આ બિલ સેનેટમાં બીજી કેટલીક પ્રક્રિયાઓમાંથી પસાર થશે અને પછી હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સમાં જશે.

# 3.3 કરોડ જીંદગી ઉપર ઝળુંબતુ મહાસંકટ સ્પેન અને ફ્રાંસના જંગલોમાં ભીષણ આગ

## આગ પર કાબુ મેળવવા બંને દેશોના જવાનો 24 કલાક કાર્યરત છતાં સ્થિતિ કાબુ બહાર

**પેરીસ**

ફ્રાંસ અને સ્પેનના જંગલોમાં સતત 15 દિવસથી આગ ભભૂકી રહી છે. તેમાં બંને દેશોના 3 કરોડથી વધુ લોકોની જીંદગી ઉપર મહાસંકટ ઝળુંબી રહ્યું છે. બંને દેશોની સરકારોએ આસપાસના વિસ્તારો ખાલી કરાવ્યા છે. આ આગથી માત્ર લોકોને જ નુકસાન થયું હોય તેવું નથી પરંતુ કેટલાએ લાખ હેકટરની વન સંપત્તિ પણ નાશ પામી છે. લાખો પશુ પક્ષીઓ માર્યા ગયા છે. બંને દેશોના ફાયર બ્રિગેડ સતત કાર્યરત છે. પરંતુ આગ બુઝાવાને બદલે ફેલાતી જાય છે. એક તરફ તીવ્ર ગરમી તો બીજી તરફ દુષ્કાળ વચ્ચે અત્યારે જ બંને દેશોનાં હજી સુધીમાં પહોંચેલા 40 ડીગ્રી તાપમાનમાં પણ આ આગથી વધારો થયો છે. આ આગ એટલી વ્યાપક છે કે



33 લાખ લોકોને સુરક્ષિત સ્થળે ફેરવાયા છે. તે પૈકી ફ્રાંસમાં 22 લાખ અને સ્પેનના 11 લાખ લોકો સલામત રીતે બહાર કઢાયા છે. સ્પેનમાં 1 લાખ હેકટર અને ફ્રાંસમાં ગીરોન્દે પ્રાંતમાં 42 હજાર વન સંપદા નાશ પામી છે. 250થી વધુ ઘરો ભસ્મીભૂત થઈ ગયા છે.

# યુએસમાં 7 વર્ષથી રહેનારાઓને ગ્રીન કાર્ડ આપવાનું બિલ રજૂ થશે

**વોશિંગ્ટન**

અમેરિકામાં રહેતા લાખો ભારતીયો માટે નવું બિલ આશાનું કિરણ લઈ આવ્યું છે. ડેમોક્રેટ સેનેટર એલેક્સ પેડિલાના બિલ મુજબ અમેરિકામાં સાત વર્ષથી કાયદેસર રહેનારાને ગ્રીન કાર્ડ આપવું જોઈએ. જો આ બિલ પસાર થાય તો અમેરિકામાં રહેતા લાખો ભારતીયો સહિત કુલ ૮૦ લાખ જેટલા લોકોને ફાયદો થશે. તેના લીધે આટલા બધા લોકોનો અમેરિકન નાગરિક બનવાનો માર્ગ મોકળો બનશે. કેલિફોર્નિયાના સેનેટર એલેક્સ પેડિલાનું કહેવું છે કે આ પ્રસ્તાવ ઈમિગ્રેશન સાથે જોડાયેલા તે નિયમને બદલશે જેને ૧૯૮૬થી અપડેટ કરવામાં આવ્યો નથી. પેડિલાની ઓફિસે જણાવ્યું હતું કે એક વર્ષ પહેલાં મેં ટ્રમ્પ તંત્ર દ્વારા મહેનતુ વસાહતીઓ સાથે કરવામાં આવતા ક્રૂર વ્યવહારનો વિરોધ કરવા માટે આ બિલ રજૂ કર્યુ હતુ.

# એપસ્ટિન ફાઈલમાં 2000થી વધુ વખત નામ ધરાવનારાના મોતથી ખળભળાટ

**વોશિંગ્ટન**

તાજેતરમાં ફ્રાન્સથી આવેલા એક સમાચારથી આ રહસ્યમય નેટવર્ક પર ફરી સવાલો ઊભા થયા છે. મોડેલ સ્કાઉટ ડેનિયલ સિયાડ પોતાના ઘરમાં મૃત હાલતમાં મળી આવ્યો છે. આ એ જ વ્યક્તિ છે જેનું નામ અમેરિકન ન્યાય વિભાગની જેફરી એપસ્ટિન ફાઈલોમાં 2000થી વધુ વખત નોંધાયેલું હતું. ફ્રાન્સના નેન્ટેરે પ્રોસિક્યુશન ઓફિસ અનુસાર, સિયાડનો મૃતદેહ પેરિસના પરા વિસ્તાર કોલોમ્બમાં આવેલા તેના ઘરેથી મળી આવ્યો હતો. હાલમાં મોતનું સાચું કારણ જાણવા માટે પોસ્ટમોર્ટમ કરાવવામાં આવી રહ્યું છે અને તપાસ ચાલુ છે.

ફેશન ઈન્ડસ્ટ્રીમાં લગભગ ત્રણ દાયકા સુધી મોડેલ સ્કાઉટ તરીકે કામ કરનાર સિયાડ એક જાણીતું નામ હતું. મોડેલ સ્કાઉટનું કામ નવી પ્રતિભાઓ અને મોડેલ્સને શોધીને એજન્સીઓ સાથે જોડવાનું હોય છે. સિયાડે સ્વીકાર્યું હતું કે 2000ના દાયકાની શરૂઆતમાં તેની મુલાકાત જેફરી એપસ્ટિન સાથે થઈ હતી. તેનો દાવો હતો કે તેમની વચ્ચે માત્ર વ્યવસાયિક સંબંધો હતા અને તેણે કેટલીક મોડેલ્સને જેફરી એપસ્ટિન સાથે મિલાવી હતી, પરંતુ તેને કોઈ પણ ગેરકાયદેસર પ્રવૃત્તિની જાણ નહોતી.

# ઈસ્લામિસ્ટ આતંકવાદીઓના ડ્રોન હુમલામાં પાકિસ્તાનના 10 અધિકારીઓ માર્યા ગયા

**ઈસ્લામાબાદ**

પાકિસ્તાન-અફઘાનિસ્તાન સરહદે હાન્ગુમાં બુધવારે સાંજે ઈસ્લામિસ્ટ આતંકીઓએ એક પોલીસ-પોસ્ટ ઉપર અચાનક હુમલો કરતાં ૧૦ અધિકારીઓ માર્યા ગયા હતા. પોલીસે જણાવ્યું હતું કે એક જ સપ્તાહમાં આ બીજો હુમલો થયો છે. આ પર્વતીય પ્રદેશ કેટલાયે સમયથી, આતંકવાદીઓના મુખ્ય-મથક સમક્ષ બની રહ્યો છે. અફઘાનિસ્તાનની તાલિબાન સરકાર તે ઈસ્લામિસ્ટ આતંકવાદીઓને આશ્રય આપે છે. પાકિસ્તાનના આ આક્ષેપોને અફઘાનિસ્તાનની તાલિબાન સરકારે સ્પષ્ટ રદીયો આપ્યો છે અને જણાવ્યું છે કે પાકિસ્તાનમાં આતંકવાદ ફૂલ્યો ફાલ્યો છે. તે પાકિસ્તાનનો જ આંતરિક મામલો છે. અમારે તેની સાથે કશી લેવા દેવા નથી.

# કોમનવેલ્થ ગેમ્સ : ભારતીય રમતવીરોનું શાનદાર પ્રદર્શન જારી

## ભારતે અત્યાર સુધી 3 ગોલ્ડ, 10 સિલ્વર અને 4 બ્રોન્ઝ મેડલ મળી કુલ 17 મેડલ જીત્યા

ગ્લાસગો : કોમનવેલ્થ ગેમ્સ ૨૦૨૬માં ભારતીય ખેલાડીઓએ શાનદાર પ્રદર્શન કરી દેશનું ગૌરવ વધાર્યું છે. અત્યાર સુધીમાં ભારતે કુલ ૧૫ થી ૧૬ મેડલ પોતાના નામે કર્યા છે, જેમાં ૩ ગોલ્ડ, ૯ થી ૧૦ સિલ્વર અને ૩ બ્રોન્ઝ મેડલ સામેલ છે. ખાસ કરીને વેઈટલિફ્ટિંગમાં મીરાબાઈ ચાનુએ દેશ માટે ગોલ્ડ મેડલ જીતીને ઈતિહાસ રચ્યો છે, જ્યારે અન્ય પેરા-એથ્લેટ્સ અને ખેલાડીઓએ સિલ્વર અને બ્રોન્ઝ મેડલ જીતીને શાનદાર સફળતા મેળવી છે. અન્ય પ્રમુખ દેશોની સરખામણીમાં ભારત હાલમાં મેડલ ટેલીમાં આઠમા ક્રમે મજબૂત સ્થિતિમાં છે. આ પ્રદર્શન ભારતીય રમતગમતની વધતી તાકાત અને ખેલાડીઓની સખત મહેનતનું સ્પષ્ટ પ્રમાણ છે.







**પેરા એથ્લીટ દિલીપે ૧૦૦ મીટર ગેમ્સમાં ગોલ્ડ જીત્યો :** કોમનવેલ્થ ગેમ્સ ૨૦૨૬માં પુરુષોની પેરા ૪૭ કેટેગરીની ૧૦૦ મીટર રેસમાં મહારાષ્ટ્રના દિલીપ મહાદુ ગાવિતે શાનદાર પ્રદર્શન કરતા ૧૦.૭૧ સેકન્ડના ગેમ્સ રેકોર્ડ સાથે દેશને ત્રીજો ગોલ્ડ મેડલ અપાવ્યો છે. **ભારતના મોહમ્મદ બાસિલને સિલ્વર :** મોહમ્મદ બાસિલ મોર્સિગનાકથે કોમનવેલ્થ ગેમ્સ ૨૦૨૬માં પેરા એથ્લેટિક્સની પુરુષોની ૧૦૦ મીટર ૪૭ કેટેગરીમાં શાનદાર પ્રદર્શન કરીને દેશનું ગૌરવ વધાર્યુ છે. તેણે ફાઈનલ રેસમાં ૧૦.૮૩ સેકન્ડનો સમય કાઢીને સિલ્વર મેડલ પોતાના નામે કર્યો હતો. આ ઈવેન્ટની સૌથી ખાસ વાત એ રહી કે ભારતને ગોલ્ડ અને સિલ્વર એમ બંને મેડલ એકસાથે મળ્યા છે. **લોન્ગ જમ્પમાં ભારતને સિલ્વર મેડલ :** કોમનવેલ્થ ગેમ્સ ૨૦૨૬ની પુરુષોની લોન્ગ જમ્પ ફઈનલમાં ભારતના સ્ટાર એથ્લીટ મુરલી શ્રીશંકરે ૮.૦૯ મીટરની શાનદાર છલાંગ સાથે સિલ્વર મેડલ પોતાના નામે કર્યો છે. પ્રથમ રાઉન્ડના અંતે શ્રીશંકર લીડ કરી રહ્યો હતો, પરંતુ જમૈકાના તજય ગેલે ચોથા રાઉન્ડમાં ૮.૧૫ મીટરની જમ્પ લગાવીને ગોલ્ડ મેડલ જીતી લીધો હતો.

# ભારતના સ્ટાર ક્રિકેટર અજિંક્ય રહાણેએ IPL સહિત તમામ ફોર્મેટમાંથી નિવૃત્તી લીધી

### સોશિયલ મીડિયામાં વીડિયો શેર કરીને આંખમાં આંસુ સાથે કરી જાહેરાત

**મુંબઈ :** ૨૦૨૦-૨૧ની ઐતિહાસિક બોર્ડર-ગાવસ્કર ટ્રોફીમાં ટીમ ઈન્ડિયાને શાનદાર જીત અપાવનાર અજિંક્ય રહાણેએ ગુરુવારે ક્રિકેટના તમામ ફોર્મેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી દીધી છે. રહાણે હવે ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL)માં પણ રમતો જોવા નહીં મળે. રહાણેએ ઈન્સ્ટાગ્રામ પર એક વીડિયો પોસ્ટ કરીને પોતાની નિવૃત્તિની સત્તાવાર જાહેરાત કરી હતી. તેમણે સ્પષ્ટ કર્યું છે કે તેઓ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ અને આઈપીએલ સહિતના તમામ ફોર્મેટને અલવિદા કહી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, રહાણેને 'મેલબોર્નનો હીરો' કહેવામાં આવે છે. ૨૦૨૦-૨૧ના ઓસ્ટ્રેલિયા પ્રવાસ દરમિયાન મેલબોર્ન ટેસ્ટમાં તેણે ઐતિહાસિક સદી ફટકારી હતી. તે સમયે ટીમ ઈન્ડિયા મુશ્કેલ પરિસ્થિતિમાં હતી અને



| ફોર્મેટ | મેચ | રન | સદી | ફિફ્ટી |
|---|---|---|---|---|
| ટેસ્ટ | ૮૫ | ૫,૦૭૭ | ૧૨ | ૨૬ |
| વનડે | ૯૦ | ૨,૯૬૨ | ૩ | ૨૪ |
| ટી૨૦ | ૨૦ | ૩૭૫ | ૦ | ૧ |
| કુલ | ૧૯૫ | ૮,૪૧૪ | ૧૫ | ૫૧ |

ખેલાડીઓનો આત્મવિશ્વાસ ડગમગી ગયો હતો, પરંતુ રહાણેની કેપ્ટનશિપ અને શાનદાર ઈનિંગ્સે ટીમમાં નવો જોશ ભર્યો હતો. પરિણામે, ભારતીય ટીમે ઓસ્ટ્રેલિયાને તેના જ ઘરમાં ટેસ્ટ સિરીઝમાં હરાવીને ઈતિહાસ રચ્યો હતો. ગત સિઝનમાં તે કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR) ટીમનો કેપ્ટન હતો.

# ICC રેન્કિંગ : વૈભવે T૨૦માં ૨૩૦ સ્થાનની છલાંગ લગાવી

**દુબઈ**

ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC) દ્વારા જાહેર કરાયેલા લેટેસ્ટ રેન્કિંગમાં સ્ટાર ઓપનર શુભમન ગિલ વન-ડે ક્રિકેટમાં ફીથી ટોચનું સ્થાન મેળવ્યું છે, જ્યારે ઝિમ્બાબ્વે સામેની T૨૦ સિરીઝમાં આકર્ષક બેટિંગ કરનાર ૧૫ વર્ષીય યુવા ખેલાડી વૈભવ સૂર્યવંશીએ રેન્કિંગમાં ૨૩૦ સ્થાનની છલાંગ લગાવીને ૪૮માં ક્રમે પહોચ્યો છે. વન-ડે બેટિંગ રેન્કિંગમાં ભારતીય ટીમના ઓપનર શુભમન ગિલે ન્યૂઝીલેન્ડના ડેરીલ મિચેલને પાછળ છોડીને ફી એકવાર નંબર-૧ બેટ્સમેનનો તાજ પોતાના નામે કર્યો



છે. ડેરીલ મિચેલ જાન્યુઆરી મહિનાથી ટોચના સ્થાને હતો, પરંતુ વેસ્ટ ઈન્ડિઝ-ન્યૂઝીલેન્ડ સિરીઝમાં તેની ગેરહાજરીનો સીધો ફયદો ગિલને મળ્યો છે.

બીજી તરફ, T૨૦ આંતરરાષ્ટ્રીય ફોર્મેટમાં સૌથી મોટી અને ચોંકાવનારી પ્રગતિ ૧૫ વર્ષીય વૈભવ સૂર્યવંશીની રહી છે. ભારતે ઝિમ્બાબ્વે સામે તાજેતરમાં રમાયેલી ત્રણ T૨૦ મેચોની સિરીઝ ૩-૦થી જીતી લીધી હતી.

## નેમારે ઓફિશિયલ નિવૃત્તિ જાહેર કરી

રિયો ડી જાનેરો : બ્રાઝિલના સ્ટાર ફૂટબોલર નેમાર દા સિલ્વાએ યુએસએ, કેનેડા અને મેક્સિકોમાં રમાયેલા ૨૦૨૬ વર્લ્ડ કપના નિરાશાજનક પ્રદર્શન બાદ આંતરરાષ્ટ્રીય ફૂટબોલમાંથી નિવૃત્તિની જાહેરાત કરી છે. ૩૪ વર્ષીય ફેરવર્ડ ખેલાડી વર્લ્ડ કપમાં સંપૂર્ણ ફિટ ન હતો. તેણે બે મેચમાં માત્ર થોડી મિનિટો જ રમી હતી અને રાઉન્ડ ઓફ ૧૬માં નોર્વે સામે પેનલ્ટી દ્વારા એકમાત્ર ગોલ કર્યો હતો.પ્રેસ કોન્ફ્રન્સમાં ૨૦૩૦ વર્લ્ડ કપ અંગે પૂછાયેલા સવાલના સ્પષ્ટ જવાબમાં નેમારે કહ્યું, 'રાષ્ટ્રીય ટીમ સાથેની મારી સફર હવે પૂરી થઈ ગઈ છે.



### વૈશ્વિક રોકાણ બેંક હૂલિહાન લોકેના ૨૦૨૬ બ્રાન્ડ વેલ્યુએશન રિપોર્ટ અનુસાર

# આઈપીએલની કુલ બિઝનેસ વેલ્યુ વાર્ષિક ધોરણે ૧૧.૪ ટકા વધીને ૧.૯૭ લાખ કરોડે પહોંચી

**નવી દિલ્હી**

વૈશ્વિક રોકાણ બેંક હૂલિહાન લોકેના ૨૦૨૬ બ્રાન્ડ વેલ્યુએશન રિપોર્ટમાં ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) ની કુલ બિઝનેસ એન્ટરપ્રાઈઝ વેલ્યુ વાર્ષિક ધોરણે ૧૧.૪ ટકા વધીને ૧.૯૭ લાખ કરોડ (૨૦.૬ અબજ ડોલર) પહોંચી હોવાનું તારણ બહાર આવ્યું છે. સતત બીજા વર્ષે આઈપીએલે ડબલ ડિજિટ વૃદ્ધિ નોંધાવી છે. સાથે જ, લીગની સ્વતંત્ર બ્રાન્ડ વેલ્યુ પણ ૧૦.૩ ટકા વધીને આશરે ૩૫,૮૦૦ કરોડ થઈ ગઈ છે. ૨૦૨૩ પછી આઈપીએલની બ્રાન્ડ વેલ્યુમાં ૯,૧૦૦ કરોડથી વધુનો વધારો થયો છે. આ સાથે રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB) દુનિયાની પહેલી એવી ક્રિકેટ ટીમ બની ગઈ છે, જેની બ્રાન્ડ વેલ્યુ ૨,૬૦૦ કરોડને (૩૦૦ મિલિયન અમેરિકી ડોલરથી વધુ) પાર પહોંચી ગઈ છે. આરસીબીની બ્રાન્ડ વેલ્યુ ૨૦૨૫ના આશરે ૨,૨૪૦ કરોડથી વધીને ૨૦૨૬માં ૨,૬૦૦ કરોડ થઈ ગઈ છે. આ મૂલ્યાંકનમાં લગભગ ૧૬ ટકાનો જંગી વધારો નોંધાયો છે.૨૦૨૩ પછી આઈપીએલની બ્રાન્ડ વેલ્યુમાં ૯,૧૦૦ કરોડનો વધારો રિપોર્ટ અનુસાર, ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) ની કુલ બિઝનેસ એન્ટરપ્રાઈઝ વેલ્યુ વાર્ષિક ધોરણે ૧૧.૪ ટકા વધીને ૧.૯૭ લાખ કરોડ (૨૦.૬ અબજ ડોલર) પહોંચી ગઈ છે. સતત બીજા વર્ષે આઈપીએલે બે આંકડાની (ડબલ ડિજિટ) વૃદ્ધિ નોંધાવી છે. સાથે જ, લીગની સ્વતંત્ર બ્રાન્ડ વેલ્યુ પણ ૧૦.૩ ટકા વધીને આશરે ૩૫,૮૦૦ કરોડ થઈ ગઈ છે.

## લિટન દાસ બાંગ્લાદેશ વન ડે ટીમનો નવો કેપ્ટન

ઢાકા । બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડે (BCB) ૨૦૨૭ વનડે વર્લ્ડ કપની તૈયારીઓના ભાગરૂપે બુધવારે અનુભવી વિકેટકીપર-બેટ્સમેન લિટન દાસને વનડે ટીમનો નવો કેપ્ટન નિયુક્ત કર્યો છે. જૂન ૨૦૨૫થી ટીમનું સુકાન સંભાળી રહેલા મેહદી હસન મિરાજની આગેવાનીમાં તાજેતરમાં બાંગ્લાદેશ ઝિમ્બાબ્વે સામે ૧-૨થી વનડે સિરીઝ હારી ગયું હતું, જેના કારણે તેને પદ પરથી હટાવી દેવાયો છે. મિરાજના નેતૃત્વમાં બાંગ્લાદેશે ૨૦માંથી ૧૦ વનડે મેચમાં જીત અને ૯માં હારનો સામનો કર્યો હતો.



# ભારતીય હોકી ટીમની જર્સી વિવાદમાં ભગવા કલરને લઈ પૂર્વ ખેલાડીઓ નારાજ

**નવી દિલ્હી**

આગામી વર્લ્ડ કપ પહેલા ભારતીય હોકી ટીમની પરંપરાગત બ્લૂ જર્સીના બદલે કેસરી રંગની જર્સી લોન્ચ થતા મોટો વિવાદ સર્જાયો છે. પૂર્વ કેપ્ટન વિરેન રાસ્કિવન્હાએ આ અંગે સવાલ ઉઠાવ્યા હતા, જેના જવાબમાં હોકી ઈન્ડિયાએ તકનીકી કારણો રજૂ કરી સ્પષ્ટતા કરી છે. ભારતીય ટીમ દાયકાઓથી બ્લૂ જર્સીમાં રમતી આવી છે. નવી જર્સી અંગે પૂર્વ કેપ્ટન વિરેન રાસ્કિવન્હાએ સોશિયલ મીડિયા પર નારાજગી વ્યક્ત કરતા કહ્યું હતું કે, 'ભૂરો રંગ ભારતીય હોકીની ઓળખ, ગૌરવ અને વિરાસત છે, તેને બદલવાનો તર્ક શું છે?' આ વિવાદના જવાબમાં હોકી ઈન્ડિયાના અધ્યક્ષ દિલીપ




તિર્કીએ જણાવ્યું કે, 'આ કોઈ વ્યક્તિગત નિર્ણય નથી. આંતરરાષ્ટ્રીય સ્તરે વપરાતા બ્લૂ સિન્થેટિક ટર્ફ પર ભૂરા રંગની જર્સી ભળી જતી હોવાથી ખેલાડીઓને મેદાન પર એકબીજાને જોવામાં સમસ્યા થતી હતી. ખેલાડીઓ અને કોચના સૂચનથી જ રાષ્ટ્રધ્વજના પ્રતીક સમાન કેસરી રંગ પસંદ કરાયો છે.

# મિડલ ઇસ્ટ સંઘર્ષને કારણે કતાર અને અબુ ધાબી ફોર્મ્યુલા- ૧ રેસ રદ થવાની શક્યતા

**દુબઈ**

મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા સંઘર્ષના કારણે કતાર અને અબુ ધાબી ગ્રાં પ્રિના આયોજન પર હાલ સંકટના વાદળો ઘેરાયેલા છે. ફેર્મ્યુલા વન (F1) સિઝનના અંતિમ બે રાઉન્ડ જો મિડલ ઈસ્ટમાં યોજવા શક્ય નહીં બને, તો સિઝનનો અંત યુરોપમાં કરવામાં આવશે. બુધવારે પત્રકારો સાથેની વાતચીતમાં સ્ટેફનો ડોમેનિકાલીએ જણાવ્યું હતું કે, હ્વ૧ અને હ્વૈંછએ સપ્ટેમ્બરના મધ્ય સુધી કતાર અને અબુ ધાબી ગ્રાં પ્રિ અંગે કોઈ નિર્ણય લેવાની જરૂર નથી. જોકે, બંને રેસ સામે જોખમ ઊભું થયું હોવાની વાત નિશ્ચિત છે. મિડલ ઈસ્ટના વર્તમાન સંઘર્ષને કારણે આ વિસ્તારને અસુરક્ષિત માનવામાં આવી રહ્યો છે. આ જ



કારણોસર રિશિડયુલ કરાયેલી બહેરીન ગ્રાં પ્રિને ઓક્ટોબરમાં ૩,૭૫૦ માઈલ દૂર મલેશિયામાં યોજવાનો નિર્ણય લેવાયો હતો. તદુપરાંત, વર્લ્ડ એન્ડયોરન્સ ચેમ્પિયનશિપે પણ ઓક્ટોબરના અંતમાં યોજાનારા તેના કતાર રાઉન્ડને રદ કરવાની જાહેરાત કરતાં હ્વ૧ની બાકીની બે રેસ અંગેની આશંકાઓ વધુ પ્રબળ બની છે.

# ટોરોન્ટોમાં બ્રહ્મા કુમારીઝ દ્વારા આધ્યાત્મિક જાગૃતિ કાર્યક્રમ : સતયુગ અને રાજયોગનું મહત્વ સમજાવાયું

## "સુવર્ણ યુગમાં જીવવું - દૈવી રાજ્યને યાદ રાખવું" વિષય ઉપર વિવિધ કાર્યક્રમો

**ટોરોન્ટો**





બ્રહ્મા કુમારીના મુખ્ય વહીવટી વડા અને અમેરિકા તેમ જ કેરેબિયન વિસ્તારના પ્રાદેશિક નિર્દેશક બી.કે. મોહિની દીદીએ જુલાઈ અંતના અઠવાડિયા દરમિયાન, ૩૦૦૦ ઈસ્લિંગ્ટન એવન્યુ ખાતે, કેનેડાના રાષ્ટ્રીય સંકલન કાર્યાલય અને બ્રહ્મા કુમારીના ટોરોન્ટો સેન્ટરની મુલાકાત લીધી હતી. તેઓ દ્વારા દરરોજ, "સુવર્ણ યુગમાં જીવવું - દૈવી રાજ્યને યાદ રાખવું" વિષય ઉપર વિવિધ કાર્યક્રમો રાખવામાં આવ્યા હતા. દરરોજ વ્યક્તિગત અને ઝૂમ દ્વારા મેડિટેશન, સવારના અને સાંજના વર્ગ અને ત્યારબાદ કાર્યક્રમના અંતે ટોરોન્ટો, સ્કારબોરો, મિસિસાગા, બ્રેમ્પટન અને બર્લિંગ્ટન બ્રહ્મા કુમારીના વિવિધ કેન્દ્રો દ્વારા સુવર્ણ યુગની વિવિધ પ્રસ્તુતિ યોજાઈ હતી. બી.કે. સ્કારબોરોએ ચિત્રોમાં દર્શાવ્યા મુજબ સુવર્ણ યુગમાં સંબંધોમાં સ્નેહ દર્શાવતું નૃત્ય રજૂ કર્યું હતું, જેમાં ૧૫૦ વ્યક્તિગત રીતે અને ૫૦૦ જેટલા ભાઈ-બહેનોએ ઝૂમ દ્વારા ભાગ લીધો હતો. બી.કે. મોહિની દીદીએએ જણાવ્યું હતુ કે, સુવર્ણ યુગ અથવા સતયુગ એ પરમાત્મા દ્વારા સ્થાપિત નવી દુનિયા છે. પરમપિતા પરમાત્માને બધા ધર્મો દ્વારા પ્રકાશ અથવા પ્રકાશબિંદુ સ્વરૂપે સ્વીકારવામાં આવે છે, જેઓ સર્વોપરી (શરીર, કર્મ બંધન અને સૃષ્ટિચક્રથી ઉપર અથવા ન્યારા), સર્વોચ્ચ (સર્વના માતપિતા, શિક્ષક અને સદ્ગુરુ), સર્વજ્ઞ (ત્રિકાળદર્શી, ત્રિનેત્રી તેમ જ ત્રિમૂર્તિ દ્વારા સ્થાપના, પાલના અને વિનાશ કરાવનાર) અને જ્ઞાન, શક્તિઓ તેમજ ગુણોના મહાસાગર છે. તેઓ આ સમયે તેમના જ્ઞાન અને શક્તિઓથી તેમ જ મનુષ્ય આત્માઓની મદદથી, કળિયુગી દુનિયાને સતયુગમાં પરિવર્તિત કરે છે, જે રાજયોગ છે, જે વિના મૂલ્યે બ્રહ્મા કુમારી કેન્દ્રો દ્વારા વ્યક્તિગત રીતે તેમ જ ઝૂમ દ્વારા વિના મૂલ્યે શીખવવામાં આવે છે. કોઈપણ વ્યક્તિ આપણા સામાન્ય કર્તવ્યો કરતી વખતે રાજયોગનો અભ્યાસ કરી શકે છે, જેનાથી આપણું મન શાંત થાય છે, એકાગ્રતા વધે છે, આત્મવિશ્વાસ વધે છે અને જીવન સુખી તેમ જ આનંદમય બને છે.

# અલ્બર્ટામાં ડોક્ટરની ભલામણ વગર થઈ શકશે એમઆરઆઈ-સીટી સ્કેન

## 29 હેઠળ નવી 'સ્વ-રેફરલ' સિસ્ટમ અમલી: કેન્સરનું નિદાન થશે તો જ સરકાર પૈસા પાછા આપશે

**અલ્બર્ટા**

અલ્બર્ટા સરકારે આરોગ્ય ક્ષેત્રે એક મોટો અને વિવાદાસ્પદ નિર્ણય લેતા નવી ડાયગ્નોસ્ટિક સિસ્ટમની જાહેરાત કરી છે. હવેથી પ્રાંતના નાગરિકો ફેમિલી ડૉક્ટરના રેફરલ (પ્રિસ્ક્રિપ્શન) વગર પણ સીધા જ MRI, CT સ્કેન, અલ્ટ્રાસાઉન્ડ અને એક્સ-રે જેવા મુખ્ય નિવારક નિદાન પરીક્ષણો (ડાયગ્નોસ્ટિક ટેસ્ટ) કરાવી શકશે. જો કે, આ સેવા મેળવવા માટે દર્દીઓએ પોતાના ખિસ્સામાંથી અથવા ખાનગી વીમા દ્વારા મોટી રકમ ચૂકવવી પડશે. પ્રીમિયર ડેનિયલ સ્મિથે કેલગરીમાં જણાવ્યું હતું કે, દર્દીઓએ ટેસ્ટ કરાવતા પહેલા જાતે જ ચુકવણી કરવાની રહેશે. ટેસ્ટના રિપોર્ટ સીધા દર્દીને આપવામાં આવશે અને ઈલેક્ટ્રોનિક હેલ્થ રેકોર્ડમાં પણ ઉમેરાશે. સરકારે એક મોટી શરત મૂકી છે કે, જો આ ટેસ્ટમાં દર્દીને 'કેન્સર' હોવાનું નવું નિદાન થશે, તો જ સરકાર જાહેર ભંડોળના દરો મુજબ તે રકમનું વળતર (રિફંડ) આપશે. આ માટે દર્દીને નિદાનની તારીખથી એક વર્ષની અંદર ક્લેમ કરવાનો રહેશે. મે મહિનામાં શાહી મંજૂરી મેળવનાર 'બિલ 29' (આરોગ્ય કાયદા સુધારા અધિનિયમ, 2026) થકી આ સ્વ-રેફરલ સિસ્ટમનો માર્ગ મોકળો થયો છે. જો કે, આ નિર્ણયથી હેલ્થ કેર હિમાયતી જૂથો અને ડૉક્ટરોમાં ભારે ચિંતા વ્યાપી છે.

# ત્રણ બેઠકો પર 31 ઓગસ્ટે પેટાચૂંટણી : બહુમતી ટકાવી રાખવા લિબરલ્સ માટે કરો કે મરોનો જંગ

## હાઉસ ઓફ કોમન્સમાં નિયંત્રણ જાળવવા લિબરલ પાર્ટીને એક બેઠક જીતવી અનિવાર્ય

**ઓટાવા**

કેનેડાના રાજકારણમાં ગરમાવો લાવતા વડાપ્રધાન માર્ક કાર્નેએ દેશની ત્રણ મહત્વની સંસદીય બેઠકો માટે ઓગસ્ટના અંતમાં પેટાચૂંટણી યોજવાની જાહેરાત કરી છે. વડાપ્રધાન કાર્યાલયની અધિકૃત વેબસાઈટ પર જાહેર કરાયેલી માહિતી અનુસાર ઉત્તર વાનકુવર-કેપિલાનો, ઓન્ટેરિયોની બીચેસ-ઈસ્ટ યોર્ક અને ક્યુબેકની ચિકોટીમી-લે ફજોર્ડ બેઠક પર આગામી ૩૧ ઓગસ્ટના રોજ મતદાન યોજાશે. હાઉસ ઓફ કોમન્સ પર પોતાનું વર્ચસ્વ અને ટેકનીકલ બહુમતી જાળવી રાખવા માટે શાસક લિબરલ પાર્ટી માટે આ પેટાચૂંટણી અત્યંત નિર્ણાયક છે. હાલમાં લિબરલ્સ પાસે ૧૭૧ બેઠકો છે, પરંતુ ૨૮ ઓગસ્ટે ભૂતપૂર્વ કેબિનેટ મંત્રી સ્ટીવન ગિલબૌલ્ટના રાજીનામા બાદ સપ્ટેમ્બરમાં સંસદ શરૂ થાય ત્યારે તેમની સંખ્યા ઘટીને ૧૭૦ થઈ જવાની ધારણા છે. તેની સામે વિપક્ષી દળોની કુલ બેઠકો ૧૬૫ થવાનો અંદાજ છે. જો લિબરલ્સ આ ત્રણમાંથી માત્ર એક પણ બેઠક જીતવામાં સફળ રહે છે, તો તેઓ ૧૭૧ના આંકડા સાથે ગૃહમાં સ્પીકરના ટાઈ-બ્રેકિંગ વોટના આધારે બહુમતી જાળવી શકશે. આ પેટાચૂંટણી ભૂતપૂર્વ લિબરલ સાંસદ અને હાલમાં ઈયુ (EU) માં કેનેડાના રાજદૂત બનેલા જોનાથન વિલ્કિન્સન, નાથાનીએલ એર્સ્કિન-સ્મિથ અને સેનેટમાં નિયુક્ત થયેલા કન્ઝર્વેટિવ સાંસદ રિચાર્ડ માર્ટેલની જગ્યાઓ ખાલી પડવાને કારણે યોજાઈ રહી છે.

### કયા કયા પક્ષોએ કોને કોને મેદાને ઉતાર્યા

લિબરલ્સ ઉત્તર વાનકુવર-કેપિલાનોમાં કાર્નેના ભૂતપૂર્વ ડેપ્યુટી ચીફ ઓફ સ્ટાફ બ્રેડન કેલી, બીચેસ-ઇસ્ટ યોર્કમાં તનવીર શાહનવાઝ અને ચિકોટીમી-લે ફજોર્ડમાં ડેનિયલ ગોબેઇલને ચૂંટણી લડાવશે. સોશિયલ મીડિયા પર, કન્ઝર્વેટિવ્સે જાહેરાત કરી હતી કે તેઓ ઉત્તર વાનકુવરમાં સ્ટીફન કુરન- ચિકોટીમી-લે ફજોર્ડમાં કેપિલાનો અને રેગિસ ગૌડ્રેલ્ટને ચૂંટણી લડાવી રહ્યા છે. રવિવારે સવારે, બ્લોક ક્વિબેકોઇસે જાહેરાત કરી કે ચિકોટીમી-લે ફજોર્ડમાં પેટાચૂંટણી માટે કેરોલિન ડુબે તેમના ઉમેદવાર હશે. પાર્ટીની વેબસાઇટ અનુસાર, ગ્રીન પાર્ટી ઉત્તર વાનકુવર-કેપિલાનોમાં શેલી લ્યુસને મેદાનમાં ઉતારશે.

# હવે દિવસોની મર્યાદા દૂર થઈ : ઘરે બેઠા જ ઓનલાઈન પાસપોર્ટ રિન્યુ થઈ શકશે

## લાંબી લાઈનો અને કલાકોના ઈંતેજારમાંથી મળશે મુક્તિ; ૨૦૨૬માં આશરે ૪૬ લાખ અરજીઓ આવવાનો અંદાજ

**વાનકુવર**




કેનેડામાં વસતા નાગરિકો માટે ફેડરલ સરકારે એક અત્યંત રાહતરૂપ જાહેરાત કરી છે. હવે દેશમાં રહેતા તમામ પાત્ર પુખ્ત કેનેડિયનો પોતાના પાસપોર્ટ ઓનલાઈન રિન્યુ કરી શકશે. સરકારે ઓનલાઈન અરજી કરવા માટે અગાઉ લાદવામાં આવેલી દૈનિક મર્યાદાને સંપૂર્ણપણે હટાવી દીધી છે, જેથી નાગરિકોને હવે સ્લોટ કે જગ્યા ઉપલબ્ધ થાય ત્યાં સુધી રાહ જોવી નહીં પડે. વાનકુવરમાં યોજાયેલી એક પત્રકાર પરિષદમાં ઈમિગ્રેશન મંત્રી લેના ડાયબે કહ્યું હતું કે, આજથી કેનેડામાં રહેતા તમામ યોગ્ય પુખ્ત નાગરિકો પોતાની અનુકૂળતા મુજબ ગમે ત્યારે ઓનલાઈન રિન્યુઅલની પ્રક્રિયા શરૂ કરી શકશે. છેલ્લા કેટલાક વર્ષોથી સર્વિસ કેનેડાના કેન્દ્રો પર રૂબરૂ લાઈનોમાં ઊભા રહેવા અને ઓનલાઈન સ્લોટ મેળવવા માટે લોકોને કલાકો સુધી રાહ જોવી પડતી હતી. જે તે સમયે સર્વિસ કેનેડા અને ઈમિગ્રેશન, રેફ્યુજીસ એન્ડ સિટીઝનશિપ કેનેડા (IRCC) એ માંગ સામે સંસાધનોની અછત હોવાનું કારણ આપ્યું હતું. રોજગાર અને પરિવારોના મંત્રીના સંસદીય સચિવ એની કુટ્રાકિસે જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૨૬ દરમિયાન અંદાજે ૪.૬ મિલિયન (૪૬ લાખ) પાસપોર્ટ અરજીઓ આવવાની શક્યતા છે, જે ગયા વર્ષે ૩.૮ મિલિયન હતી. આમાંથી આશરે ૨૦ લાખ લોકો ઓનલાઈન અરજી કરવા માટે પાત્ર છે, જેનાથી સરકારી ઓફિસો પરનું ભારણ ઘટશે અને લોકોને રૂબરૂ લાઈનોમાં ઊભા રહેવામાંથી મુક્તિ મળશે. ઓનલાઈન રિન્યુઅલનો લાભ લેવા માટે અરજદારે કેનેડામાં હાજર હોવું જરૂરી છે. આ ઉપરાંત, ઓનલાઈન પેમેન્ટની સુવિધા, કોમર્શિયલ ફોટોગ્રાફર પાસેથી લેવાયેલો ડિજિટલ ફોટો અને દસ્તાવેજોની નકલો સબમિટ કરવાની રહેશે. હવે મૂળ દસ્તાવેજો મેઈલ કરવાની જરૂર રહેશે નહીં. મંત્રી ડાયબે સ્પષ્ટતા કરી હતી કે, જો પાસપોર્ટ છેલ્લા ૧૫ વર્ષમાં જારી કરવામાં આવ્યો હોય, તો તે એક્સપાયર થઈ ગયો હોય અથવા થવાની તૈયારીમાં હોય તો પણ ઓનલાઈન રિન્યુઅલ માટે અરજી કરી શકાશે. ઓનલાઈન અરજીઓ માટે પણ ૨૦ બિઝનેસ દિવસની પ્રોસેસિંગ ક્ષમતા જાળવવામાં આવશે.

# ઈ-સ્કૂટર અકસ્માતોનું પ્રમાણ વધ્યું : દાખલ બાળકોની સંખ્યામાં ૨૨ ટકાનો ઉછાળો

**ટોરોન્ટો**

ઉનાળામાં કેનેડાના રસ્તાઓ પર ઈ-સ્કૂટર્સની સંખ્યામાં મોટો વધારો જોવા મળી રહ્યો છે. પરંતુ તેની સાથે જ ઈ-સ્કૂટર અકસ્માતોને કારણે હોસ્પિટલ ભેગા થતાં બાળકોની સંખ્યામાં થયેલા વધારાથી તબીબો અને આરોગ્ય નિષ્ણાતો ભારે ચિંતામાં મુકાયા છે. 'કેનેડિયન ઈન્સ્ટિટ્યૂટ ફોર હેલ્થ ઈન્ફર્મેશન' (CIHI)ના તાજેતરના ડેટા અનુસાર, દેશભરમાં ઈ-સ્કૂટરથી થતી ઈજાઓને કારણે હોસ્પિટલમાં દાખલ થવાના કિસ્સામાં ૨૨ ટકાનો વધારો નોંધાયો છે. મેકમાસ્ટર ચિલ્ડ્રન્સ હોસ્પિટલના પીડિયાટ્રિક ઈમરજન્સી મેડિસિન વિભાગના વડા ડૉ. એપ્રિલ કામે ચેતવણી આપતાં જણાવ્યું છે કે, સપ્ટેમ્બર સુધીમાં આવા અકસ્માતોની સંખ્યા મહત્તમ સપાટીએ પહોંચી શકે છે. CIHIના આંકડા અનુસાર ૨૦૨૪થી ૨૦૨૫ દરમિયાન ૪ વર્ષ સુધીની વયના ૧૮ નાના બાળકો ઈ-સ્કૂટરની ઈજાઓનો ભોગ બન્યા હતા, જ્યારે પાંચથી ૧૭ વર્ષની વયના ૨૪૧ બાળકો અકસ્માતમાં ઘવાયા હતા. તે સિવાય તે જ વર્ષમાં ૧,૦૦૦થી વધુ પુખ્ત કેનેડિયનોને પણ ઈ-સ્કૂટર સંબંધિત ઈજાઓના કારણે હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યા હતા. ડૉ. શીના બેલિસલના જણાવ્યા અનુસાર પુખ્ત વયના લોકોની સરખામણીએ ઈ-સ્કૂટર ચલાવતાં બાળકોમાં ગંભીર ઈજા થવાનું જોખમ અનેકગણું વધારે હોય છે. હોસ્પિટલમાં આવતા કિસ્સાઓમાં હાડકાં ભાંગવા (ફ્રેક્ચર), ખોપરીના ફ્રેક્ચર, બ્રેઈન કનકશન (મગજમાં આંચકો) તેમજ પેટના આંતરિક અંગો જેવા કે કિડની અને લીવરને ગંભીર નુકસાન થવાના બનાવો સામે આવી રહ્યા છે.

**ઉનાળામાં હાડકાં અને લીવર-કિડની જેવાં અંગોને ગંભીર નુકસાન થયાના કિસ્સા સામે આવ્યા**



# દરજી સમાજ ઓફ ઓન્ટેરિયોની 42મી સમર પિકનીક

## વિવિધ રમતો અને મનોરંજક પ્રવૃત્તિમાં સભ્યો ઉત્સાહભેર જોડાયા : બાળકોને ઈનામો આપી પ્રોત્સાહિત કરાયા : બર્થ-ડેની ઉજવણી બાદ સમાજના સદ્‌ગત સભ્યોને મૌન પાળી શ્રદ્ધાંજલિ અપાઈ

**ઓન્ટેરિયો**

દરજી સમાજ ઓફ ઓન્ટેરિયોની 42મી સમર પિકનિક 15મી જૂલાઈ 2026ના રોજ મીસીસાગા વેલી પાર્ક ખાતે યોજાઈ હતી. જેમાં પોટ-લક (Pot-Luck) લંચ, નાસ્તા અને સ્થળ પર રાંધવાની (Onsite Cooking) સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમ સવારે 11.00 થી સાંજના 4.00 વાગ્યા સુધી ચાલ્યો હતો. બપોરે 12.30થી 2.00 દરમ્યાન ઈડલી તથા સ્થળ પર બનાવેલા સંભાર પીરસવામાં આવ્યા હતા. દરેક Pot-luckની સ્વાદિષ્ટ વેજીટેરિયન, નોન વેજીટેરિયન અને ફરાળી વાનગીઓની મજા સભ્યોએ માણી હતી. આ ભોજનની વાનગી સ્થળ પર બનાવવા માટે તથા બધી વ્યવસ્થા કરવા માટે દરજી સમાજની આયોજિક સમિતિનાં સભ્યો મનીષભાઈ-વૈશાલીબેન, વિનયભાઈ- મયુરીબેન, સમરભાઈ-અંકિતાબેન, પિયુષભાઈ-રીનાબેન,



વિશાલભાઈ-અશ્વીનબેન તથા હેનિલભાઈએ ફરજ બજાવી હતી. બપોરે ચા, કોફી, બિસ્કીટ, તરબુચની સાથે સાથે આઈસ્ક્રીમ પણ આપવામાં આવ્યા હતા. ત્યારબાદ 100 વર્ષના વજીયાબાને ગીત ગાયને સારા સ્વાસ્થ્યની શૂભેચ્છા પાઠવાઈ હતી.

નીલેશભાઈ તથા હિરેનભાઈ તરફથી જ્યુસની વ્યવસ્થા કરવામાં આવી હતી. અમ્રતભાઈએ ચા બનાવી હતી. નિખીતા ટેલર દ્વારા બધાને Face Painting કરવામાં આવ્યું હતું. જે બાદ બાળકોને રમત રમાડી ગીફ્ટ આપવામાં આવી હતી. દરેકે વિવિધ રમતોની મજા માણી હતી.

પિકનીક દરમ્યાન વિવિધ ક્ષણોનું જીવંત પ્રસારણ વિનયભાઈ દ્વારા Facebook પર કરવામાં આવ્યું હતું. જેમાં ઘણો સારો પ્રતિસાદ મળ્યો હતો. ચંપકભાઈ દ્વારા બધાના સરસ Pictures લેવામાં આવ્યાં હતાં. અમ્રતભાઈ દ્વારા દરજી સમાજનાં દેવલોક પામેલા વ્યક્તિને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી અને સભ્યોએ પણ 1 મિનિટનું મૌન રાખ્યું હતુ. અંતેનવી આયોજક સમિતિ રચવામાં આવી હતી. જેમાં મનોજભાઈ, અશોકભાઈ, દિપકભાઈ, પ્રતિકભાઈ તથા ધ્રુવભાઈ આગળ આવ્યા હતાં. Raffle Drawનાં વિજેતાઓને ઈનામ આપવામાં આવ્યા હતા. આયોજક સમિતિ વતી મનીષભાઈ તથા વિનયભાઈ દ્વારા આ કાર્યક્રમને સફળ બનાવવા માટે જેમણે સેવા આપી હતી, તે બધાનો આભાર વ્યક્ત કરાયો હતો. આ સાથે જ દરેક દાતાનો પણ આભાર માનવામાં આવ્યો હતો.









# CLUB CERAMIC

## Porcelain Tiles : Premium Quality and Best Price

- Porcelain & Ceramic tiles at Direct factory price
- Price match guarantee + we will beat price with additional 5% discount
- Tiles available for Floor, Wall and Outdoor Parking



TILES • BACKSPLASH • LAMINATE • VINYL • HARDWOOD

**MONTREAL**
225 Rue Ness, Saint-Laurent, QC H4T 1A7, Canada
Phone: +1-514-813-3850 / +1-514-260-2242

**OTTAWA**
Unit #4+5, 200 Colonnade Road, Nepean, ON, K2E 7M1
+1-613-601-1474

**MISSISUAGA**
5030 Maingate Drive, Unit#1, Mississauga, L4W 1X5
Phone: +1 (647) 527-6030 / +1-514-813-3850

**CAMBRIDGE**
15 Sheldon Dr, Cambridge, ON N1R 6R8
+1-647-394-6030 / +1-647-406-1972

https://clubceramic.com Email : sales@clubceramic.com



# HONEST - DEDICATED - TEAMWORK

*Don't Let Confusion Cast A Shadow over Buying Your Dream Home.*

PINNACLE REAL ESTATE GROUP

CENTURY 21. Innovative Pinnacle Real Estate Group

We Look forward to providing you with an unusually High Level of Service and Commitment giving you a New definition of results in the Real Estate Industry. After all it is your Satisfaction that defines our Success!!!

- Free Staging
- Free Professional Photography & virtual tour
- Free Marketing, Flyers, Newspapers, Media Advertising
- Free Comparative Market Analysis
- Team of Professional for same price as hiring a single realtor
- Over 15 years of combined experience




Welcome to this exceptional family home in one of Oshawa's most desirable communities,offering a rare combination of premium upgrades, functional living space. Built with quality builder upgrades, this home features soaring 9-foot ceilings that create a bright and spacious atmosphere throughout. The open-concept layout is perfect for everyday living and entertaining, featuring a separate family room with a cozy fireplace, an elegant hardwood staircase, and a spacious kitchen complete with a centre island, breakfast bar, stainless steel appliances, and a sun-filled breakfast area with a walkout to the backyard deck. Upstairs, you'll find four generously sized bedrooms, includinga stunning primary retreat with a walk-in closet and a luxurious 5-piece ensuite. The finished basement features a separate entrance and includes two additional bedrooms, making it ideal for extended family, guests, or excellent rental and in-law suite potential. Step outside to a spacious backyard, whether you're dreaming of an outdoor entertaining space or a family-friendly retreat.




Welcome to the one you've been waiting for! Situated on a spacious corner lot in a sought after family-friendly neighbourhood, this beautifully maintained bungalow offers exceptional curb appeal, a double car garage, and is just steps to schools, parks, and shopping. Pride of ownership shines throughout with numerous updates over the years, including: roof (2020), windows and doors (2022), garage door (2020), kitchen (2019), main floor flooring (2021), pot lights (2022), fresh paint (2026), and A/C & furnace (2016). The side yard was transformed in 2023 with new fencing, deck, and awning - creating the perfect private outdoor space for entertaining. Inside, enjoy a bright and functional layout with a huge finished basement offering endless possibilities for additional living space, recreation, or excellent rental/in-law suite potential for extra income. Fully fenced yards ideal for family gatherings and summer enjoyment. A rare opportunity to own a solid, move-in ready bungalow in an unbeatable location!




Fully Furnished!! Heart Of Downtown Mississauga, Close To All Amenities, Marilyn Monroe Building, 2 Bedroom + 2 Bathroom, Demand Location, Walking Distance To Sq 1 And Living Arts Centre, Hwy 403, 401, QEW, And Much More! 800 Sqft Of Living Space + 135 Sqft Balcony, Bed And 2 Full washrooms. Students welcome. Available Immediately



- No Pressure
- No Obligation
- Just Answers to Your Questions.. Its that Simple!

*You have Nothing to Loose... Call us for a Free Consultation on How to Get Started.*

**Use The Advantage of a Team, Because... Teamwork Makes Your Dreams Work !**

## Shamim & Amin Kharodia

**Broker of Record / Sales Representative**
teamkharodia@gmail.com
300-2855 Markham Rd Toronto ON M1X 0C3
D: (647) 501-6786 | D: (647) 308-2941
F : (416) 298-8303 | P: (647) 666-8676

Grand Centurion Office

Each office owned and Operated. This is not intended to solicit buyers/sellers currently under contract with any brokerage.